ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/170-179/છ, તા. 23-03-2016 –થી મંજૂર

# ગુજરાતી

## (પ્રથમ ભાષા)

## ધોરણ 9

**પ્રતિજ્ઞાપત્ર**

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

કિંમત : ₹ 41.00

તમસોમા જ્યોતિર્ગમય

**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
**'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર – 382010**

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**

શ્રી મનસુખ સલ્લા

**લેખન-સંપાદન**

ડૉ. રમેશ પંડ્યા (કન્વીનર)
ડૉ. પિન્કીબહેન પંડ્યા
ડૉ. અજયસિંહ ચૌહાણ
શ્રી હેતલબહેન નાયક
ડૉ. સંતોષ દેવકર
ડૉ. રામદેવસિંહ ગોહિલ
શ્રી નસીમબહેન પઠાણ
શ્રી મમતાબહેન શર્મા

**સમીક્ષા**

ડૉ. દિલીપ વ્યાસ
ડૉ. રાકેશ રાવત
શ્રી ધરમસિંહ પરમાર
શ્રી મંગળદાસ મકવાણા
શ્રી લાભુભાઈ ચાવડા
શ્રી જિતેન્દ્ર ફિલિપ ડાભી
શ્રી મીનાબહેન બ્રહ્મભટ્ટ
શ્રી ગીતાબહેન કુંપાવત
શ્રી નીતાબહેન પટેલ

**સંયોજન**

ડૉ. કમલેશ એન. પરમાર
(વિષય-સંયોજક : હિન્દી)

**નિર્માણ-સંયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

એન. સી. ઈ. આર. ટી. દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિવિધ વિષયોના નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. જેને ગુજરાત સરકારના શિક્ષણવિભાગ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમના પરિપ્રેક્ષ્યમાં તૈયાર કરાયેલા જુદા જુદા વિષયોના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ **ધોરણ 9, ગુજરાતી (પ્રથમ ભાષા)**નું આ પાઠ્યપુસ્તક આ સ્તરે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે. લેખક-સંપાદક સભ્યશ્રીઓએ આ પાઠ્યપુસ્તકની હસ્તપ્રતની નિર્માણ-પ્રક્રિયામાં પૂરતી કાળજી લીધી છે. લેખક-સંપાદકોએ રાજ્યનાં પાઠ્યપુસ્તકો વધુ ગુણવત્તાસભર બનાવવા માટે ખૂબ જ જહેમત ઉઠાવી છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં આ હસ્તપ્રતની શિક્ષણકાર્ય કરતાં શિક્ષકો-તજ્જ્ઞો દ્વારા સર્વાંગીણ સમીક્ષા કરાવવામાં આવી છે. સમીક્ષાના સુધારા-વધારા આમેજ કરવામાં આવ્યા છે. તેમ જ મંજૂરી-ક્રમાંક-પ્રક્રિયા દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે કરેલ ચકાસણી-અહેવાલ બાદ મળેલા સુધારા-વધારા આમેજ કરી આ પાઠ્યપુસ્તકની આખરી પ્રત તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

નવા અભ્યાસક્રમમાં ભાષા-અભિવ્યક્તિ અને લેખન અંગેની વિગતો દ્વારા વિદ્યાર્થીઓ ભાષાની ખૂબીઓ સમજે અને વધુ મહાવરો કરે તથા તેમની સંવેદનશીલતા કેળવાય તેવી કૃતિઓ પસંદ કરવા અંગે પૂરતું ધ્યાન આપ્યું છે. શિક્ષક વર્ગખંડમાં કૃતિ રજૂ કરતી વખતે કઈ કઈ કાળજી લે તે અંગેની વિગતો પણ આ વખતે ઉમેરવામાં આવી છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે પૂરતી કાળજી લીધી છે તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો હરહંમેશ આવકાર્ય છે.

**એચ.એન.ચાવડા**
નિયામક
તા.01-03-2016

**ડૉ. નીતિન પેથાણી**
કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2016**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી એચ.એન.ચાવડા, નિયામક

**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ **6** વર્ષથી **14** વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

* ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા


| | | | | |
|---|---|---|---|---|
| 1. | સાંજ સમે શામળિયો | (ગીત-કાવ્ય) | નરસિંહ મહેતા | 1 |
| 2. | ચોરી અને પ્રાયશ્ચિત | (આત્મકથા ખંડ) | ગાંધીજી | 3 |
| 3. | પછે શામળિયોજી બોલિયા | (આખ્યાન ખંડ) | પ્રેમાનંદ | 7 |
| 4. | ગોપાળબાપા | (નવલકથા ખંડ) | મનુભાઈ પંચોળી 'દર્શક' | 10 |
| ● | વ્યાકરણ એકમ-1 : ધ્વનિશ્રેણી, સંજ્ઞા, વિશેષણ, સર્વનામ | | | 15 |
| 5. | ગુર્જરીના ગૃહ કુંજે | (કાવ્ય) | સુન્દરમ્ | 36 |
| 6. | લોહીની સગાઈ | (ટૂંકી વાર્તા) | ઈશ્વર પેટલીકર | 39 |
| 7. | કામ કરે ઈ જીતે | (ગીત-કાવ્ય) | નાથાલાલ દવે | 47 |
| 8. | છાલ, છોતરાં અને ગોટલાં | (હાસ્ય-નિબંધ) | બકુલ ત્રિપાઠી | 50 |
| ● | વ્યાકરણ એકમ-2 : ધાતુ-પ્રત્યય | | | 55 |
| 9. | પુત્રવધૂનું સ્વાગત | (કાવ્ય) | મકરંદ દવે | 65 |
| 10. | ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ | (નિબંધ) | વિનોબા ભાવે | 68 |
| 11. | મરજીવિયા | (સોનેટ) | પૂજાલાલ | 72 |
| 12. | સખી માર્કંડી | (પ્રવાસ-નિબંધ) | કાકાસાહેબ કાલેલકર | 75 |
| ● | વ્યાકરણ એકમ-3 : રવાનુકારી, અંગસાધક પ્રત્યય, સંધિ | | | 78 |
| 13. | રસ્તો કરી જવાના | (ગઝલ) | અમૃત 'ઘાયલ' | 92 |
| 14. | વાડી પરનાં વહાલાં | (લેખ) | ઈસ્માઈલભાઈ નાગોરી | 95 |
| 15. | ગોદ માતની ક્યાં ? | (કાવ્ય) | ચંદ્રકાન્ત શેઠ | 99 |
| 16. | કુદરતી | (એકાંકી) | લાભશંકર ઠાકર | 102 |
| ● | વ્યાકરણ એકમ-4 : સમાસ | | | 110 |
| 17. | મારા સપનામાં આવ્યા હરિ | (ઊર્મિગીત) | રમેશ પારેખ | 118 |
| 18. | પંગુમ્ લંઘયતે ગિરિમ્ | (રેખાચિત્ર) | સંકલિત | 121 |
| 19. | પપ્પા, હવે ફોન મૂકું ? | (ગીત) | મનોહર ત્રિવેદી | 126 |
| 20. | સમાજ સમર્પિત શ્રેષ્ઠી | (રેખાચિત્ર) | સંકલિત | 129 |
| ● | વ્યાકરણ એકમ-5 : વાક્ય પ્રકાર | | | 133 |
| 21. | તેજમલ | (લોકગીત) | સંકલિત | 147 |
| 22. | બોળો | (લોકવાર્તા) | ઝવેરચંદ મેઘાણી | 150 |
| 23. | લઘુકાવ્યો | (મુક્તક-હાઈકુ) | મુકુન્દરાય પારાશર્ય<br>સ્નેહરશ્મિ | 155 |
| 24. | પ્રેરક પ્રસંગો | (ગદ્ય) | સંકલિત | 158 |
| ● | વ્યાકરણ એકમ-6 : અલંકાર | | | 160 |


**પૂરક વાચન**


| | | | | |
|---|---|---|---|---|
| 1. | પંડ્યનાં | (લઘુકથા) | નસીમ હરીશ મહુવાકર | 164 |
| 2. | એકલો જાને રે | (કાવ્ય) | મહાદેવભાઈ દેસાઈ | 165 |
| 3. | કાશીમાની કૂતરી | (ટૂંકીવાર્તા) | પન્નાલાલ પટેલ | 166 |
| 4. | ઉપયોગી ટાંકણી લઈ લઈએ | (નિબંધ) | કુમારપાળ દેસાઈ | 171 |


●

# 1 સાંજ સમે શામળિયો

**નરસિંહ મહેતા**
**(સમય : આશરે 15મું શતક)**

ભાવનગર પાસેના તળાજામાં તેમનો જન્મ થયો હતો. તેમનું બાળપણ જૂનાગઢમાં વીત્યું. તેમને ગુજરાતી ભાષાના ‘આદિકવિ’નું બિરુદ મળેલ છે. ‘હિંડોળાનાં પદ’, ‘વસંતનાં પદ’, ‘કૃષ્ણલીલા’, ‘ભક્તિબોધ’ વગેરેનાં પદોમાં તેમની કવિતા મળે છે. ઝૂલણા છંદમાં નરસિંહનાં પ્રભાતિયાં આજે પણ લોકકંઠે ગવાય છે. હાર, હૂંડી, મોસાળું, વિવાહ અને શ્રાદ્ધ એમનાં આત્મવૃત્તાંતનાં પદો છે. નરસિંહ મહેતાનાં પદોમાં અધ્યાત્મની ઊંચાઈ જોવા મળે છે.

‘સાંજ સમે શામળિયો’ કૃષ્ણના મધુર રૂપવર્ણનનું ગીત કાવ્ય છે. સાંજના સમયે ગાયોનું ધણ ગામ તરફ પાછું વળતું હોય એવે સમયે શામળિયો(કૃષ્ણ) વૃંદાવનથી આવતો હોય એવા વર્ણનથી કાવ્યની શરૂઆત થાય છે. મુગુટ, કાનના કુંડળ, પીતાંબર અને ફૂલની પછેડી ધારણ કરેલા કૃષ્ણ ચંદનની જેમ મહેકે છે. કૃષ્ણના રૂપની આવી શોભા વર્ણવવા માટે નરસિંહ મહેતા જુદી જુદી ઉપમાઓ પ્રયોજે છે. જેમ કે તારાઓની વચ્ચે જેમ ચંદ્ર શોભતો હોય, સોના વચ્ચે હીરો શોભે એમ ગોવાળો વચ્ચે ગિરિધર શોભી રહ્યા છે. છેલ્લી બે પંક્તિઓમાં સુંદર-મધુર કૃષ્ણ પર ભક્ત નરસિંહ મહેતા કેવી રીતે વારી જાય છે એ ભાવ શૃંગારિક રીતે વ્યક્ત થયો છે. આવા વ્હાલા, શુભકારી, રસિક કૃષ્ણ વગર રહી શકાય એમ નથી. એને વારંવાર નીરખતા રહેવાના ભાવ સાથે આ કાવ્ય પૂરું થાય છે.

---

સાંજ સમે શામળિયો વહાલો, વૃંદાવનથી આવે;
આગળ ગોધન, પાછળ સાજન, મનમાં મોહ ઉપજાવે. - સાંજ. 1

મોર મુગુટ શિર સુંદર ધરિયો, કાને કુંડળ લહેકે;
પહેર્યાં પીતામ્બર, ફૂલની પછેડી, ચુઆ - ચંદન મહેકે, - સાંજ. 2

તારામંડળમાં જેમ શશિયર શોભે હેમે જડિંગ હીરો;
તેમ ગોવાળમાં ગિરધર શોભે, હરિ હળધરનો વીરો. - સાંજ. 3

વહાલાજીનું રૂપ રૂદેમાં વસિયું, મનડું તે ધસિયું મારું;
આળ કરી આલિંગન દીધું તન-મન મુખ પર વારું. - સાંજ. 4

વહાલાજીનું રૂપ મહાશુભકારી, રસિયા વિણ કેમ રહીએ ?
નરસૈયાચા સ્વામીની શોભા નિરખી નિરખી હરખીએ. - સાંજ. 5

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**ગોધન** ગાય રૂપી ધન; અહીં ગાયોનું ધણ. **કુંડળ** કાને પહેરવાનું ઘરેણું **પીતાંબર** પીળું રેશમી વસ્ત્ર **પછેડી** ઓઢવાની જાડી ચાદર **ચુઆ** સુગંધી તેલ **ચંદન** એક જાતનું સુગંધી લાકડું; સુખડ **શશિયર** ચંદ્ર **હેમ** સોનું, કનક, સુવર્ણ **હળધર** બલરામ; હળને ધારણ કરનાર **નીરખવું** ધ્યાનથી જોવું **આળ** આક્ષેપ અહીં વ્હાલ, ઓળખ; પહોંચવું

### વિરુદ્ધાર્થી

**મોહ** નિર્મોહ **રૂપ** કુરૂપ **શુભ** અશુભ

### તળપદા શબ્દો

**વિણ** વિના **સમે** સમયે **ધરિયો** ધારણ કર્યો **જડિંગ** જડેલું **રૂદે** હૃદયમાં

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) ગોવાળમાં ગિરધર કેવા શોભી રહ્યા છે ?

(A) હળધર જેવા (B) તારામંડળમાં ચંદ્ર જેવા

(C) સોનામાં જડેલા હીરા જેવા (D) ઉપરના (B) અને (C) બંને જેવા

(2) 'હરિ હળધરનો વીરો' એટલે ?

(A) ખેડૂતોનો ભાઈ (B) હળ ધારણ કરનારમાં હીરો

(C) બલદેવજીના ભાઈ (D) હરિએ વીરની માફક હળ ધારણ કર્યું છે.

(3) ભગવાન શ્રી કૃષ્ણએ....

(A) લાલ રંગનાં વસ્ત્રો પહેર્યાં છે. (B) પીળા રંગનાં વસ્ત્રો પહેર્યાં છે.

(C) હાથમાં મોરપિચ્છ ધારણ કર્યું છે. (D) કાનમાં કુંડળ પહેર્યું નથી.

(4) શ્રી કૃષ્ણની શોભા જોઈને નરસિંહ મહેતા...

(A) દુ:ખી દુ:ખી થાય છે. (B) કલ્પાંત કરે છે.

(C) ભાવમુક્ત બની ગયા છે. (D) હરખ પામી રહ્યા છે.

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ તમારી નોટબુકમાં લખો :**

(1) નરસિંહ મહેતા હરખી રહ્યા છે.... કારણ કે

(2) કાવ્યના આધારે સાંજ સમયનું દૃશ્ય આલેખો.

**3. નીચેના પ્રશ્નોનો સાત-આઠ લીટીમાં જવાબ લખો :**

(1) કૃષ્ણરૂપ મહાશુભકારી છે એમ કવિ શા માટે કહે છે ?

(2) કવિના મનમાં કોણ મોહ ઉપજાવે છે ?

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ કાવ્યનું વર્ગમાં સમૂહગાન કરો.
- કૃષ્ણભક્તિના અન્ય કાવ્યો મેળવી પ્રોજેક્ટ તૈયાર કરો.

### ભાષા-અભિવ્યક્તિ

- કવિએ આવે - ઉપજાવે, લહેકે - મહેકે, હીરો - વીરો, મારું - વારું, રહીએ - હરખીએ જેવા પ્રાસસભર શબ્દોથી કાવ્ય ગૂંથ્યું છે.
- 'તારાના વૃંદનો ચંદ્ર' અને 'સોને મઢ્યો હીરો' - જેવી સરખામણીથી શ્રીકૃષ્ણનું સૌંદર્ય પ્રગટ કર્યું છે.
- 'કુંડળ લહેકે' - 'ચંદન મહેકે'
- ચાલતા કૃષ્ણ સાથે હાલતા કુંડળ વર્ણવવા કવિ કુંડળ સાથે 'લહેકે' શબ્દ લાવ્યા છે તો વળી ચંદન સાથે 'મહેકે' પ્રયોજી અંત્યાનુપ્રાસ અલંકાર પણ કવિએ સરસ રીતે વણી લીધો છે.

### શિક્ષકની ભૂમિકા

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના શિરમોર કવિઓમાંથી મીરાં, નરસિંહ અને દયારામે કૃષ્ણને સખીભાવે આરાધ્યા છે.

નરસિંહના પ્રસ્તુત કાવ્યમાં કૃષ્ણનું મનમોહક વર્ણન, કૃષ્ણ માટેનાં દૃષ્ટાંતો અને તેમની સુંદરતા પર સર્વસ્વ વારી જતા નરસિંહ મહેતાના મનોભાવો ધ્યાનાકર્ષક છે. આ બધી બાબતો અંગે વિદ્યાર્થીઓને સમજ આપવી. કૃષ્ણનું દર્શન માત્ર શુભકારી છે તે સુંદર રીતે રજૂ થયેલા ભાવની સ્પષ્ટતા કરવી.

ભક્તિના જુદાજુદા પ્રકારો પૈકી પ્રેમલક્ષણા ભક્તિ વિશે સમજ આપવી. આ કાવ્યમાં વ્યક્ત થયેલા ભાવ જેવા જ ભાવ વ્યક્ત કરતાં અન્ય કાવ્યો મેળવી બંનેની તુલનાત્મક ચર્ચા કરવી.

●

# 2 ચોરી અને પ્રાયશ્ચિત

**ગાંધીજી**

**(જન્મ : 2-10-1869, અવસાન : 30-1-1948)**

'બાપુ', 'રાષ્ટ્રપિતા', 'મહાત્મા'. મોહનદાસ કરમચંદ ગાંધી. ગાંધીજીનો જન્મ પોરબંદરમાં થયો હતો. તેમના પિતા કરમચંદ ગાંધી પોરબંદર રાજ્યના દિવાન હતા. માતાનું નામ પૂતળીબાઈ હતું. પોરબંદર, રાજકોટ અને ઇંગ્લેન્ડમાં અભ્યાસ કર્યો. તેમણે ઇંગ્લેંડમાંથી કાયદાની ઉપાધી મેળવી હતી. દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓના હક્કો માટે અને ભારતમાં આઝાદીનું નેતૃત્વ તેમણે કર્યું હતું. તેમની આત્મકથા 'સત્યના પ્રયોગો'ના અનેક ભાષામાં અનુવાદો થયા છે. 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ', 'આરોગ્યની ચાવી', 'અનાસક્તિ યોગ', 'હિંદ સ્વરાજ', 'સર્વોદય', 'મંગળપ્રભાત' તેમનાં નોંધપાત્ર પુસ્તકો છે. તેમણે હજારો પત્રો લખેલા છે. ગાંધીજીનો અક્ષરદેહ ગ્રંથશ્રેણીમાં તેમનાં લખાણો સંગ્રહાયાં છે.

ગાંધીજીની આત્મકથા, 'સત્યના પ્રયોગો'માંથી લેવાયેલો આ પ્રસંગ ગાંધીજીની નિર્ભિકતા, પ્રાયશ્ચિત કરવાની પ્રામાણિકતાની દ્યોતક છે. પોતાના માંસાહારી ભાઈને દેવું થયું હોવાથી એમના કડામાંથી સોનું ચોરવાની વાત આલેખી છે. આ ચોરી કર્યા બાદ ગાંધીજીને પશ્ચાતાપ થાય છે. તેઓ પિતાજી આગળ ચિઠ્ઠી લખીને એની નિખાલસ કબૂલાત કરે છે. ક્રોધી સ્વભાવના પિતા સજા કરવાને બદલે અશ્રુ સારે છે તેમાંથી ગાંધીજીને જીવનમાં પહેલીવાર સત્યાચરણ અને અહિંસાનો પાઠ શીખવા મળે છે, પ્રાયશ્ચિત કેવું મોટું પરિણામ લાવે છે તે અનુભવાય છે.

ગાંધીજીએ એક વાર કરેલી ભૂલ ફરી ન કરી તેમાંથી મહાત્મા બન્યા છે.

---

મારા એક સગાની સાથે મને બીડી પીવાનો શોખ થયો. અમારી પાસે પૈસા ન મળે. બીડી પીવામાં કંઈ ફાયદો છે અગર તો તેની ગંધમાં મજા છે એવું તો અમ બેમાંથી એકેને નહોતું લાગ્યું, પણ કેવળ ધુમાડો કાઢવામાં જ કંઈક રસ છે એવું લાગેલું. મારા કાકાને બીડી પીવાની ટેવ હતી, ને તેમને તથા બીજાને ધુમાડા કાઢતા જોઈ અમને પણ ફૂંકવાની ઇચ્છા થઈ. પૈસા તો ગાંઠે ન મળે, એટલે કાકા બીડીનાં ઠૂંઠાં ફેંકી દે તે ચોરવાનું અમે શરૂ કર્યું.

પણ ઠૂંઠાં કંઈ હરવખતે મળી ન શકે, અને તેમાંથી બહુ ધુમાડાયે ન નીકળે એટલે ચાકરની ગાંઠે બેચાર દોકડા હોય તેમાંથી વચ્ચે વચ્ચે એકાદ ચોરવાની ટેવ પાડીને અમે બીડી ખરીદતા થયા. પણ એને સંઘરવી ક્યાં એ સવાલ થઈ પડ્યો. વડીલોના દેખતાં તો બીડી પિવાય જ નહીં એ ખબર હતી. જેમતેમ કરી બેચાર દોકડા ચોરીને થોડાં અઠવાડિયાં ચલાવ્યું. દરમિયાન સાંભળ્યું કે એક જાતના છોડ (તેનું નામ તો ભૂલી ગયો છું) થાય છે, તેની ડાંખળી બીડીની જેમ સળગે છે, ને તે પી શકાય. અમે તે મેળવીને ફૂંકતા થયા !

પણ અમને સંતોષ ન થયો. અમારી પરાધીનતા અમને સાલવા લાગી. વડીલોની આજ્ઞા વિના કંઈ જ ન થાય એ દુઃખ થઈ પડ્યું. અમે કંટાળ્યા ને અમે તો આપઘાત કરવાનો નિશ્ચય કર્યો !

પણ આપઘાત કઈ રીતે કરવો ? ઝેર કોણ આપે ? અમે સાંભળ્યું કે ધતૂરાના ડોડવાનાં બી ખાઈએ તો મૃત્યુ નીપજે. અમે વગડામાં જઈ તે મેળવી આવ્યા. સંધ્યાનો સમય શોધ્યો. કેદારજીને મંદિરે દીપમાળમાં ઘી ચડાવ્યું, દર્શન કર્યાં, ને એકાંત શોધી. પણ ઝેર ખાવાની હિંમત ન ચાલે તુરંત મૃત્યુ નહિ થાય તો ? મરીને શો લાભ ? પરાધીનતા કાં ન ભોગવી છૂટવું? છતાં બેચાર બી ખાધાં. બીજાં ખાવાની હિંમત જ ન ચાલી. બન્ને મોતથી ડર્યા, અને રામજીને મંદિર જઈ દર્શન કરી શાંત થઈ જવું ને આપઘાતની વાત ભૂલી જવી એવો ઠરાવ કર્યો

હું સમજ્યો કે આપઘાતનો વિચાર કરવો સહેલો છે, આપઘાત કરવો સહેલ નથી. આથી જ્યારે કોઈ આપઘાત કરવાની ધમકી આપે છે ત્યારે તેની મારા ઉપર બહુ ઓછી અસર થાય છે, અથવા મુદ્દલ થતી જ નથી એમ કહું તો ચાલે.

આ આપઘાતના વિચારનું પરિણામ એ આવ્યું કે અમે બંને એઠી બીડી ચોરીને પીવાની તેમજ નોકરના દોકડા ચોરવાની ને તેમાંથી બીડી લઈ ફૂંકવાની ટેવ ભૂલી જ ગયા. મોટપણે બીડી પીવાની ઇચ્છા જ મને કદી નથી થઈ, અને એ ટેવ જંગલી, ગંદી ને હાનિકારક છે એમ મેં સદાય માન્યું છે. બીડીનો આટલો જબરદસ્ત શોખ દુનિયામાં કેમ છે એ સમજવાની શક્તિ હું કદી મેળવી શક્યો નથી. જે આગગાડીના ડબામાં ઘણી બીડી ફૂંકાતી હોય ત્યાં બેસવું મને ભારે થઈ પડે છે ને તેના ધુમાડાથી હું ગૂંગળાઈ જાઉં છું.

બીડીઓનાં ઠૂંઠાં ચોરવાં ને તેને અંગે ચાકરના દોકડા ચોરવા એ દોષના કરતાં બીજો એક ચોરીનો દોષ જે મારાથી થયો તેને હું વધારે ગંભીર ગણું છું. બીડીનો દોષ થયો ત્યારે ઉંમર બારતેર વર્ષની હશે; કદાચ તેથીયે ઓછી. બીજી ચોરી વેળાએ ઉંમર પંદર વર્ષની હશે. આ ચોરી મારા માંસાહારી ભાઈના સોનાના કડાના કકડાની હતી. તેમણે નાનું સરખું એટલે પચીસેક રૂપિયાનું કરજ કર્યું હતું. એ કેમ પતાવવું એનો અમે બંને ભાઈ વિચાર કરતા હતા. મારા ભાઈને હાથે સોનાનું નક્કર કડું હતું. તેમાંથી એક તોલો સોનું કાપવું મુશ્કેલ નહોતું.

કડું કપાયું. કરજ ફીટ્યું. પણ મારે સારું આ વાત અસહ્ય થઈ પડી. હવે પછી ચોરી ન જ કરવાનો મેં નિશ્ચય કર્યો. પિતાજીની પાસે કબૂલ પણ કરી દેવું જોઈએ એમ લાગ્યું. જીભ તો ન ઊપડે. પિતાજી પોતે મને મારશે એવો ભય તો ન જ હતો. તેમણે કોઈ દિવસ અમને એકે ભાઈને તાડન કર્યું હોય એવું મને સ્મરણ નથી. પણ પોતે દુઃખી થશે, કદાચ માથું કૂટશે તો ? એ જોખમ ખેડીને પણ દોષ કબૂલ કરવો જ જોઈએ, તે વિના શુદ્ધિ ન થાય, એમ લાગ્યું. છેવટે ચિઠ્ઠી લખીને દોષ કબૂલ કરવો ને માફી માગવી એવો મેં ઠરાવ કર્યો. મેં ચિઠ્ઠી લખીને હાથોહાથ આપી. ચિઠ્ઠીમાં બધો દોષ કબૂલ કર્યો ને સજા માગી, પોતે પોતાની ઉપર દુઃખ ન વહોરી લે એવી આજીજીપૂર્વક વિનંતી કરી, ને ભવિષ્યમાં ફરી એવો દોષ ન કરવાની પ્રતિજ્ઞા કરી.

મેં ધ્રૂજતે હાથે આ ચિઠ્ઠી પિતાજીના હાથમાં મૂકી. હું તેમની પાટની સામે બેઠો. આ વેળા તેમને ભગંદરનું દરદ તો હતું જ. તેથી તેઓ ખાટલાવશ હતા. ખાટલાને બદલે લાકડાની પાટ વાપરતા.

તેમણે ચિઠ્ઠી વાંચી. આંખમાંથી મોતીનાં બિંદુ ટપક્યાં. ચિઠ્ઠી ભીંજાઈ. તેમણે ક્ષણવાર આંખ મીંચી ચિઠ્ઠી ફાડી નાખી, ને પોતે વાંચવા સારુ બેઠા થયા હતા તે પાછા સૂતા.

હું પણ રડ્યો. પિતાજીનું દુઃખ સમજી શક્યો. હું ચિતારો હોઉં તો એ ચિત્ર આજે સંપૂર્ણતાએ આલેખી શકું. એટલું તે આજે પણ મારી આંખ સામે તરી રહ્યું છે.

એ મોતીબિંદુના પ્રેમબાણે મને વીંધ્યો. હું શુદ્ધ થયો. એ પ્રેમ તો જેણે અનુભવ્યો હોય તે જ જાણેઃ

રામબાણ વાગ્યાં રે હોય તે જાણે.

મારે સારુ આ અહિંસાનો પદાર્થપાઠ હતો. તે વેળા તો મેં એમાં પિતાપ્રેમ ઉપરાંત બીજું ન જોયું, પણ આજે હું એને શુદ્ધ અહિંસાને નામે ઓળખી શકું છું. આવી અહિંસા જ્યારે વ્યાપક સ્વરૂપ પકડે ત્યારે તે પોતાના સ્પર્શથી કોને અલિપ્ત રાખે? એવી વ્યાપક અહિંસાની શક્તિનું માપ કાઢવું અશક્ય છે.

આવી શાંત ક્ષમા પિતાજીના સ્વભાવથી પ્રતિકૂળ હતી. તે ક્રોધ કરશે, કટુ વચન સંભળાવશે, કદાચ માથું ફૂટશે, એવું મેં ધાર્યું હતું. પણ તેમણે આટલી અપાર શાંતિ જાળવી તેનું કારણ દોષની નિખાલસ કબૂલાત હતી એમ હું માનું છું. જે માણસ અધિકારી આગળ, સ્વેચ્છાએ, પોતાના દોષનો, નિખાલસપણે ને ફરી કદી તે ન કરવાનો, પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર કરી લે છે તે શુદ્ધતમ પ્રાયશ્ચિત કરે છે. હું જાણું છું કે, મારા એકરારથી પિતાજી મારે વિશે નિર્ભય થયા ને તેમનો મહાપ્રેમ વૃદ્ધિ પામ્યો.

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**બીડીનાં ઠૂંઠાં** પીધેલી બીડીનો વધેલો પાછળનો ભાગ **ધતૂરાના ડોડવા** ધતૂરાનાં ઝીંડવાં **કરજ** દેવું **તાડન** મારવું તે **અસહ્ય** સહી ન શકાય તેવું

### વિરુદ્ધાર્થી

**સ્વાધીનતા** પરાધીનતા **આજ્ઞા** અવજ્ઞા **ઝેર** અમૃત **સંધ્યા** ઉષા **હાનિ** લાભ **સ્મરણ** વિસ્મરણ **શુદ્ધિ** અશુદ્ધિ

### તળપદા શબ્દો

**દોકડો** જૂના ચલણ અનુસાર એક પૈસો

### રૂઢિપ્રયોગ

**જીભ ન ઊપડવી** બોલવાની હિંમત ના હોવી

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) ચોરીની ભૂલ સ્વીકારવામાં ગાંધીજીની જીભ ઊપડતી નથી કારણ કે...

(A) પિતાજી મારશે તેવો ડર હતો.

(B) પોલીસ પકડવા આવશે તેવો ભય હતો.

(C) પિતાજી દુઃખી થશે, કદાચ માથું કૂટશે તેવા ભયે.

(D) ગાંધીજી ભૂલ સ્વીકારવા માગતા ન હતા.

(2) સોનાના કડામાંથી એક તોલો સોનું કાપીને વેચવાની ઘટનાની ગાંધીજી ઉપર શી અસર થઈ ?

(A) કરજ ભરાતા મન શાંત થયું.

(B) ઘરમાંથી સોનું ગયાનો અફસોસ થયો.

(C) ચોરી કરવાની વાત ગાંધીજી માટે અસહ્ય થઈ પડી.

(D) ભાઈ પ્રત્યે લાગણી જન્મી.

(3) ખોટું કાર્ય કર્યાના અપરાધભાવમાંથી બહાર આવવા શું કરવું જોઈએ ?

(A) કોઈનેય વાત ન કરવી (B) જોખમ ખેડીને પણ દોષ કબૂલ કરવો જ જોઈએ.

(C) ખોટા રસ્તે જવું (D) ખોટું કાર્ય વારંવાર ન કરવું.

(4) બીડી પીવાની કુટેવમાંથી બીજી કઈ કુટેવ આવી ?

(A) ધુમાડો કાઢવાની (B) નોકરના પૈસા ચોરવાની

(C) વડીલોના દેખતાં બીડી પીવાની (D) ધતૂરાના ડોડવા ખાવાની

**2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો :**

(1) ગાંધીજીએ ચિઠ્ઠીમાં શું લખ્યું હતું ?

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ લખો :**

(1) પાઠને આધારે ગાંધીજીના ગુણોનું વર્ણન કરો.

(2) ગાંધીજીના અંતરમાં થતા મનોમંથનનું વર્ણન કરો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- 'ગાંધી' ફિલ્મ જુઓ તથા આ ફિલ્મમાં તમારી દૃષ્ટિએ શ્રેષ્ઠ પ્રસંગની પાંચ-સાતના જૂથમાં ચર્ચા કરો.
- ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' વાંચો. એમાં તમને સૌથી સારા લાગતા પ્રસંગનું વર્ણન વર્ગમાં કરો.
- શિક્ષકની મદદથી ગાંધીજીના જીવનપ્રસંગો વિશેની ક્વિઝનું આયોજન કરો.
- પરીક્ષામાં ચોરી કરવી ન જોઈએ તે અંગે તમારા મિત્રો સાથે ચર્ચા કરી તેનાં તારણો શિક્ષકને જણાવો.

## ભાષા-અભિવ્યક્તિ

- એ મોતીબિંદુના પ્રેમબાણે... શુદ્ધ થયો.

અહીં એક જ વાક્યમાં શણગાર અને શસ્ત્ર - મોતી અને બાણ ગોઠવાયાં છે. પ્રેમરૂપી ઉપદેશની આ અનોખી રીત

જાણો અને સમજો. બાણની અસર અદ્‌ભુત રહી એમ ગાંધીજી સ્વીકારે છે. ગાંધીજીના ગદ્યનું સૌંદર્ય અહીં પ્રદર્શિત થાય છે.

● બીડીનો આટલો જબરદસ્ત શોખ... શક્યો નથી.

બીડી હાનિકારક છે, કુટેવ છે એ સમજ્યા, સ્વીકાર્યા પછી ગાંધીજી સીધો ઉપદેશ આપતા નથી. તેઓ તો ‘બીડીના શોખનું કારણ હું સમજી શક્યો નથી’ કહીને બીડી ન પીવા ઈશારો આપે છે.

● નીચેનાં વાક્યો તપાસો. ઓછા શબ્દોમાં કેવી અસરકારક રીતે કેટલી મોટી વાત ગાંધીજી મૂકી દે છે તે જુઓ.

(1) કડું કપાયું. કરજ ફીટ્યું. પણ મારે સારું આ વાત અસહ્ય થઈ પડી.

(2) હું પણ રડ્યો. પિતાજીનું દુઃખ સમજી શક્યો... હું શુદ્ધ થયો.

● ‘તે ક્રોધ કરશે... મેં ધાર્યું હતું-’ ક્રોધ કરશે, કડવાં વેણ બોલશે, માથું પછાડશે- આ એક જ વાક્યમાં લેખકે અલગ-અલગ ક્રિયાઓ આલેખી પિતાજીના સ્વભાવનું આલેખન કર્યું છે. ક્રિયાઓ દ્વારા વ્યક્તિચિત્ર આપવાની આ રીત સમજો.

## શિક્ષકની ભૂમિકા

બાળપણમાં જ નહિ, કોઈ પણ ઉંમરે વ્યક્તિથી ભૂલ થઈ શકે છે. ભૂલ થયા પછી એનો સ્વીકાર કરવો, તેનું પ્રાયશ્ચિત કરવું અને પુનઃ તે ભૂલ ન કરવાની પ્રતિજ્ઞા કરવી તેના જેવા અનેક ગુણોને કારણે ગાંધીજી મોહનમાંથી મહાત્મા બની શક્યા એ વાત વિદ્યાર્થીઓને સમજાવવી. વિદ્યાર્થી પોતે ભૂલ કરે તો તેનો સ્વીકાર કરે તેવી હિંમત આપવી.

સત્ય, અહિંસા અને ક્ષમામાં જે શક્તિ છે તે ઉદાહરણો આપી વિદ્યાર્થીઓને જણાવવી.

પિતાજી દ્વારા થયેલા અહિંસાના પ્રયોગે ગાંધીજીના જીવનમાં કેવું પ્રેરકબળ પૂરું પાડ્યું તે સ્પષ્ટ કરવું.

●

# 3 પછે શામળિયોજી બોલિયા

**પ્રેમાનંદ**

**(સમય : ઈ.સ.ની સત્તરમી સદી)**

'કવિ શિરોમણિ'નું માન પામેલા પ્રેમાનંદ વડોદરાના વતની હતા. ગુજરાતી ભાષાના ઉત્તમ આખ્યાનકાર અને માણભટ્ટ તરીકે પ્રસિદ્ધ છે. આંગળીઓ પર પહેરેલી વીંટીઓ વડે તાંબાની માણ રણકાવીને, એના તાલ સાથે સુરીલા કંઠે, અભિનય દ્વારા પ્રેમાનંદ લોકસમુદાયને રસતરબોળ કરતા હતા. તેઓ પૌરાણિક ગ્રંથોમાંથી કથાનકો લઈને, રસસ્થાનોને ખીલવીને, ગુજરાતી વાતાવરણમાં મૂકીને લોકોને રસપાન કરાવતા હતા. 'ઓખાહરણ', 'ચંદ્રહાસ આખ્યાન', 'અભિમન્યુ આખ્યાન', 'સુદામાચરિત્ર', 'કુંવરબાઈનું મામેરું', 'નળાખ્યાન', 'રણયજ્ઞ', 'દશમસ્કંધ' વગેરે આખ્યાનો દ્વારા તેમણે ગુજરાતી કવિતાને સમૃદ્ધ કરી છે. તેઓ આખ્યાનમાં વિવિધ રસની ગૂંથણી કરી શકતા. જ્ઞાન અને બોધ આપતાં તેમનાં આખ્યાનો ખૂબ લોકપ્રિય રહ્યાં છે.

મહાકવિ પ્રેમાનંદના 'સુદામા ચરિત્ર' આખ્યાનમાંથી લેવામાં આવેલા આ કડવામાં કૃષ્ણ અને સુદામાની મૈત્રીનો ભાવ સંવાદશૈલીમાં રજૂ થયો છે. સાંદીપનિ ઋષિના આશ્રમમાં સાથે ભણેલા કૃષ્ણ અને સુદામા વર્ષો પછી મળે છે ત્યારે કૃષ્ણ દ્વારિકાના રાજા છે અને સુદામા એક ગરીબ બ્રાહ્મણ. આમ છતાં બંનેની અતૂટ મૈત્રી અને પરસ્પરનો પ્રેમભાવ ઉત્કટ રીતે આ કડવામાં રજૂ થયો છે. બાળપણમાં મૈત્રી તો ઘણાં સાથે થાય પણ છેવટ સુધી નભાવી રાખવાવાળા વીરલાઓ જ હોય છે. અહીં પરસ્પર સંવાદ દ્વારા બંને મિત્રો પોતે વેઠેલાં સંકટો, પોતે કરેલાં કાર્યોનાં સંભારણાં વાગોળે છે. એમ એક અતૂટ-મધુર મૈત્રીનું દૃષ્ટાંત આ કડવામાં મળે છે.

---

## (રાગ રામગ્રી)

પછે શામળિયોજી બોલિયા, તને સાંભરે રે ?
હાજી, નાનપણાનો નેહ, મને કેમ વીસરે રે ?
આપણ બે મહિના પાસે રહ્યા, તને સાંભરે રે ?
હાજી, સાંદીપનિ ઋષિને ઘેર, મને કેમ વીસરે રે ?
આપણ અન્ન ભિક્ષા માગી લાવતા, તને સાંભરે રે ?
મળી જમતા ત્રણે ભ્રાત, મને કેમ વીસરે રે ?
આપણ સૂતા એક સાથરે, તને સાંભરે રે ?
સુખદુ:ખની કરતા વાત, મને કેમ વીસરે રે ?
પાછલી રાતના જાગતા, તને સાંભરે રે ?
હાજી, કરતા વેદની ધૂન, મને કેમ વીસરે રે ?
ગુરુ આપણા જ્યારે ગામ ગયા, તને સાંભરે રે ?
કોઈ એકને જાચવા મુન, કેમ વીસરે રે ?
ત્યારે કામ કહ્યું ગોરાણીએ, તને સાંભરે રે ?
લઈ આવો કહ્યું, કાષ્ઠ, મને કેમ વીસરે રે ?
ખાંધે કુહાડા ધર્યા, તને સાંભરે રે ?
ઘણું દૂર ગયા, રણછોડ, મને કેમ વીસરે રે ?
વાદ વઘો બેઉ બાંધવે, તને સાંભરે રે ?
હાજી, ફાડ્યું મોટું ખોડ, મને કેમ વીસરે રે ?
ત્રણ ભારા બાંધ્યા દોરડે, તને સાંભરે રે ?
હાજી, આવ્યા બારે મેહ, મને કેમ વીસરે રે ?
શીતળ શરીર થાયે ઘણું, તને સાંભરે રે ?
ટાઢે ધ્રૂજે આપણી દેહ, મને કેમ વીસરે રે ?
નદીએ પૂર આવ્યાં ઘણાં, તને સાંભરે રે ?

ઘન વરસ્યો મુસળધાર, મને કેમ વીસરે રે ?
પછી ગુરુજી શોધવા નીસર્યા, તને સાંભરે રે ?
કહ્યું સ્રીને, તેં કીધો કેર, મને કેમ વીસરે રે ?
આપણ હૃદિયા સાથે ચાંપિયા, તને સાંભરે રે ?
ગુરુ તેડી લાવ્યા ઘેર, મને કેમ વીસરે રે ?
આપણ તે દહાડાના જૂજવા, તને સાંભરે રે ?
ફરીને મળિયા આજ, મને કેમ વીસરે રે ?
તમો પાસ અમો વિદ્યા શીખતા, તને સાંભરે રે ?
હુંને મોટો કીધો, મહારાજ, મને કેમ વીસરે રે ?

**(વલણ)**

મહારાજ, લાજ નિજ દાસની, વધારો છો શ્રી હરિઃ
પછી દારિદ્ર ખોવા દાસનું, સોમદૃષ્ટિ શ્યામે કરી.

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**સાંભરે** સ્મરણ કરે; યાદ કરે **ભ્રાત** ભાઈ; અહીં ત્રણે ભ્રાત; કૃષ્ણના મોટાભાઈ બલરામ, કૃષ્ણ અને સુદામો **સાથરે** (સાથરો); ઘાસની પથારી **વેદની ધૂન** વેદનું લયાનુકારી ગાન **જાચવું** યાચના કરવી; માગવું **ગોરાણી** ગોર મહારાજનાં પત્ની, અહીં ગુરુપત્ની **કાષ્ઠ** લાકડાં; બળતણ **ખાંધ** ખભો **વાદ** ચર્ચા; અહીં અંદરોઅંદર વાદ (હરીફાઈ) કરવો. **ખોડ** મોટું જૂનું લાકડું; ઝાડનું થડિયું **મુસળધાર** સાંબેલા જેવી ધાર; ધોધમાર વરસાદ **કેર** જુલમ **જૂજવા** જુદા, અલગ **સોમદૃષ્ટિ** ચંદ્ર જેવી શીતળ, કૃપાદૃષ્ટિ

### વિરુદ્ધાર્થી

**સાંભરવું** વિસરવું **શીતળ** ઉષ્ણ

### તળપદા શબ્દો

**મુન** મુનિ, ઋષિ

### રૂઢિપ્રયોગો

**હૃદય સાથે ચાંપવું** પ્રેમથી ભેટવું; આલિંગન આપવું. **તેડી લાવવું** બોલાવી લાવવું

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) ગોરાણીએ શ્રીકૃષ્ણ-સુદામાને કયું કામ સોંપ્યું હતું ?
(A) ગાય દોહવાનું (B) લાકડાં (બળતણ) લાવવાનું
(C) કુહાડો લાવી આપવાનું (D) ભિક્ષા માગી લાવવાનું

(2) ‘પછે શામળિયો’ આખું કાવ્ય કોના સંવાદરૂપે આગળ વધે છે ?
(A) સાંદીપનિ ઋષિ અને તેનાં પત્ની વચ્ચે (B) શ્રી કૃષ્ણ અને સુદામા વચ્ચે
(C) શ્રી કૃષ્ણ અને બલરામજી વચ્ચે (D) સુદામા અને સાંદીપનિ ઋષિ વચ્ચે

(3) શ્રી કૃષ્ણની નમ્રતા કયા વાક્યમાં દેખાય છે ?
(A) પછી ગુરુજી શોધવા નીસર્યા (B) ટાઢે ધ્રૂજે આપણી દેહ
(C) મળી જમતા ત્રણે ભ્રાત (D) તમો પાસ અમો વિદ્યા શીખતા

(4) સાંદીપનિ ઋષિને પોતાના વિદ્યાર્થીઓ માટે ખૂબ જ સ્નેહ હતો તેવી પ્રતીતિ કયા વાક્યમાં થાય છે ?

(A) પછી ગુરુજી શોધવા નીસર્યા (B) કહ્યું સ્ત્રીને, તેં કીધો કેર

(C) આપણ હૃદિયા સાથે ચાંપિયા (D) (A), (B), (C) ત્રણેય વાક્યોમાં

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) સાંદીપનિ ઋષિની ચિંતા તમારા શબ્દોમાં વ્યક્ત કરો.

(2) શ્રી કૃષ્ણ અને બલરામજી વચ્ચે કઈ સ્પર્ધા થઈ હતી ?

**3. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) શ્રી કૃષ્ણ-સુદામાનું વિદ્યાર્થીજીવન તમારા શબ્દોમાં વર્ણવો.

**4. નીચેની કાવ્યપંક્તિ સમજાવો :**

''તમો પાસ અમો વિદ્યા શીખતા, તને સાંભરે રે ?
હું ને મોટો કીધો મહારાજ, મને કેમ વીસરે રે ?''

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમારા વર્ગમાં બધા જ વિદ્યાર્થીઓ બે જૂથમાં વહેંચાઈને આ કાવ્ય સંવાદ રૂપે રજૂ કરો. પહેલું જૂથ માત્ર કૃષ્ણ દ્વારા બોલાતી પંક્તિઓ ગાય અને બીજું જૂથ સુદામાની પંક્તિઓ રજૂ કરે એ રીતે ભાવવાહી સ્વરે ગાઓ અથવા પઠન કરો.
- તમે જ્યારે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હતા ત્યારે તમારા મિત્ર/સખી સાથેના અનુભવો વિશે વર્ગમાં વાત કરો. આ અનુભવોને આધારે પ્રાસ મળે એવી પંક્તિઓ બનાવો.

**ઉદાહરણ :**

રજા પડતાં જતા નદીકાંઠે તને સાંભરે રે ?
પથરો ફેંકી વમળ ગણતા મને કેમ વીસરે રે...

- મૈત્રીના ઉત્તમ નમૂનારૂપ પ્રસંગો એકઠા કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● કવિ માત્ર તને સાંભરે ? મને કેમ વીસરે ? થી સમગ્ર કાવ્ય લખી શક્યા હોત પરંતુ દરેક પંક્તિમાં અંતે 'રે' ઉમેરતાં લયની જે સુંદરતા ઉમેરાય છે તે નોંધનીય છે.

● મધ્યકાળમાં પ્રશ્નોત્તર શૈલીથી ઘણાં કાવ્યો રચાયાં છે. અહીં પણ તને સાંભરે રે ? મને કેમ વીસરે રે? ની સંવાદશૈલીથી કૃષ્ણ-સુદામાની આત્મીયતા, સ્નેહ અને આનંદ ઊપસી આવ્યાં છે.

● કાવ્યમાં ભાવની રજૂઆત માટે કવિઓ કેવી કેવી શૈલી યોજે છે તે અન્ય કાવ્યોમાં પણ સમજો.

## શિક્ષકની ભૂમિકા

મિત્રતાનું મહત્ત્વ સમજાવતા આ આખ્યાનકાવ્યમાં નિઃસ્વાર્થ મૈત્રી એ જીવનની મહામૂડી છે તે સ્પષ્ટ થાય છે. ઊંચ-નીચ, અમીર-ગરીબ, નાના-મોટા એવા ભેદભાવથી પર હોય તે સાચી મૈત્રી. શિક્ષકે આવી મિત્રતાનાં ઉદાહરણો રજૂ કરી મૈત્રીનું મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવવું.

આ કાવ્ય દ્વારા શિક્ષકે ગુરુકૂળ પરંપરામાં અપાતા શિક્ષણની, તે વખતે શિષ્ય અને ગુરુના આત્મીય સંબંધોની, વિદ્યાર્થીજીવનમાં શ્રમ, નિષ્ઠા, કર્તવ્યભાવના અને ગુરુવચનનો/આદેશનો કેવો મહિમા હતો તે સ્પષ્ટ કરવું.

કૃષ્ણ અને સુદામા સાંદીપનિ ઋષિને ત્યાં ભણતા હતા તે સમયના પ્રસ્તુત કાવ્યમાં વ્યક્ત થયેલા પ્રસંગોને વાર્તા સ્વરૂપે રજૂ કરવા. નીચે આપેલી પંક્તિઓ અને એના જેવી અન્ય પંક્તિઓ દ્વારા મિત્રતા કેવી હોય તે સમજાવવું :

- 'મિત્ર એવો શોધવો, ઢાલ સરીખો હોય, સુખમાં પાછળ પડી રહે, દુઃખમાં આગળ હોય.'
- 'શેરી મિત્ર સો મળે, તાલી મિત્ર અનેક; જેમાં સુખ-દુઃખ વામીયે, સો લાખતમાં એક'

●

# 4 ગોપાળબાપા

**મનુભાઈ પંચોળી 'દર્શક'**

**(જન્મ : 2-11-1914, અવસાન : 29-8-2001)**

મનુભાઈ રાજારામ પંચોળી, 'દર્શક' તેમનો જન્મ રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકાના પંચાશિયા ગામે થયો હતો. સ્વાતંત્ર્ય સૈનિક હતા. જેલ નિવાસ દરમિયાન ખૂબ વાચન કર્યુ, મનન-ચિંતન કર્યુ. તેઓ ઇતિહાસના ઊંડા અભ્યાસી હતા. તેમણે ગ્રામદક્ષિણામૂર્તિ, લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં ઉચ્ચસ્થાને રહી રાષ્ટ્રીય કેળવણી ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરી. કેળવણીના નવા પ્રયોગો કર્યા. ગાંધીવિચાર, ધર્મ, શિક્ષણ, ઇતિહાસ, સાહિત્ય અને સંસ્કૃતિ વિશે ઊંડાણપૂર્વક લેખન કર્યું છે. 'બંધન અને મુક્તિ', 'દીપ નિર્વાણ', 'સોક્રેટિસ' અને 'કુરુક્ષેત્ર' વગેરે તેમની સુપ્રસિદ્ધ નવલકથાઓ છે. 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ભાગ-1-2-3 ગાંધીયુગની સમર્થ નવલકથાઓમાંની એક છે. 'પરિત્રાણ', 'અંતિમ અધ્યાય', 'ગૃહારણ્ય' વગેરે તેમનાં ઉત્તમ નાટકો છે. તેઓ 'રણજિતરામ સુવર્ણચંદ્રક', 'પદ્મભૂષણ', 'સાહિત્ય અકાદમી ઍવોર્ડ, દિલ્હી' તથા જ્ઞાનપીઠના મૂર્તિદેવી પુરસ્કારથી સન્માનિત થયા હતા.

'ગોપાળબાપા' અંશ મનુભાઈ પંચોળી 'દર્શક'ની બૃહદ્‌નવલ 'ઝેર તો પીધાં છે જાણી જાણી'ના પ્રથમ ભાગમાંથી લેવામાં આવ્યો છે. ગોપાળબાપા અને મહારાજા સયાજીરાવનો સંવાદ અહીં કેન્દ્રમાં છે. પોતાના મિત્રના દીકરાને ઉછેરવા માટે ગોપાળબાપા ઝાડી-ઝાંખરાં અને કોતરોવાળી જમીન સયાજીરાવ પાસે માગે છે. એમાં ગોપાળબાપાની નીડરતા, પરોપકાર તથા સમર્પણના દર્શન થાય છે. તો સામે પક્ષે સયાજીરાવની ઉદારતા અને માણસને પારખવાની દૃષ્ટિ પ્રગટ થાય છે. સાચું જીવતર જીવતા ગોપાળબાપા આપણી સંત-પરંપરાના વારસદાર જેવા લાગે છે. માંડણ ભગતની ધરતીને સેવવાની ભલામણ આજના યુગને બંધબેસતી છે.

---

એક જ આદમીનાં પુણ્યે આ કોતરોને આંબા, જાંબુડા, રાયણ અને ચીકુનાં ઝુંડથી મહેકતાં કરી મૂક્યાં છે. ચાલીશ વર્ષ એ વાતને હજુ માંડ થયાં છે.

...વર્ષની શિયાળાની એક સવારે એ વખતના સ્વપ્નસેવી મહારાજ શ્રીમંત સયાજીરાવ આવા એક કોતરની ભેખડ ઉપર એક-બે અંગરક્ષકો સાથે ઊભા હતા. પડખેનાં ગીરના જંગલમાંથી એક દીપડો આવ્યાના વાવડે એ આ તરફ ઊતરી આવ્યા હતા. થોડાક શિકારીઓ ગોરડ બાવળનાં જાળાંઝાંખરામાંથી નીચે કોતરમાં જતી કેડીએ સાવચેતીથી ઊતરતા હતા. એ બધા ગોરડની ઝાડીમાં દેખાતા બંધ થયા, મહારાજ દૂર દેખાતી ટેકરીએ દૂરબીન માંડીને જોતા હતા ત્યાં કોતરમાંથી એક ખેડુ માણસે આવીને પ્રણામ કરી કંઈ ફળ ભેટ ધર્યાં.

મહારાજે દૂરબીન બાજુ પર મૂકી કહ્યું : ''શું છે ?''

''બોર.''

''બોર ! મૂઠી જેવડાં ?'' આશ્ચર્યથી મહારાજ મીઠા લીંબુ જેવાં બોરને જોઈ રહ્યા.

પછી પૂછ્યું, ''ક્યાંથી લાવ્યા ?''

''અહીંની મારી બોરડી પરથી. મેં એ જાતે ઉછેરી છે.''

''ભેટ ધરવા આવ્યા હશો !''

''ના જી ! ભેટ લેવા આવ્યો છું.''

હસીને મહારાજ કહે, ''હં, ત્યારે તો લોભેલોભે આવ્યા છો ! કહો, શું અરજ છે ?''

''મહારાજ, અરજ તો એટલી જ છે કે આ કોતર મને યોગ્ય કિંમતે આપો.''

''માગણી કરજો.''

''માગણી કર્યે તો વરસ ત્રણ થઈ ગયાં. કોણ દાદ દે છે !''

''આપું, શું કરશો ? બોરડી ઉછેરશો ?''

''બોર પણ આ ગામડાંનાં છોકરાંને નથી મળતાં, પણ સાચું કારણ તો એ છે કે આ બધાં કોતરોનું તળ

સાચું છે. અંદરના ગાળામાં ધરા ભર્યા છે. ગમે ત્યાં આઠ હાથે પાણી નીકળે છે. જમીન પણ કોઈ ભાતની છે. શીંગોડાના મારને જો કોઈક રીતે રોકીએ તો આમાં બનારસી લંગડો પાકે ને ગરીબનાં અમરફળ જેવાં બોરે ઢગલેઢગલા ઊતરે.

''દીપડા રંજાડશે નહિ ?''

''આ તમારી પડખેના દીપડા ન રંજાડે તોયે ઘણું છે.''

મહારાજે ઊંચું જોયું. એમની ભમ્મરો ઘડીક ખેંચાઈ. એમને મોઢામોઢ આવું કહેનાર કોણ હતો ? જોયું તો બોલનાર મરકમરક હસી રહ્યો છે. નેણમાં ફરિયાદના રોષને બદલે સહજ કૌતુક છે. સયાજીરાવની માણસને પારખવાની શક્તિ અચૂક હતી. એમણે ધારીધારીને બોલનારને જોયો. ઊંડો શ્વાસ લીધો. જાણે મનમાં કંઈક ઉતાર્યું, પછી એકાએક કહે :

''તમને આ કોતર આપ્યું. હમણાં જ લખી આપું છું, બીજી કંઈ મદદ જોઈતી હોય તો એ પણ ખેતીખાતું આપશે. પણ એક કામ કરો, પે...લું મંદિર જોયું ?'' એમણે કોતરને છેડે મથાળા પર ઊભેલ એક જીર્ણ શિવાલય બતાવ્યું.

''જી.''

''એ અપૂજ રહે છે. પેશ્વા સરકારે બંધાવ્યું છે અને જુનવાણી શિલ્પનો નમૂનો છે. એની પૂજાનો બંદોબસ્ત કરો.'

''દખ લગાડતા નહિ મહારાજ, મારાથી બને તેવું નથી.''

''કેમ, મૂર્તિને નથી માનતા ?''

''ના રે બાપુ ! એમ તો અમે અને તમે સૌ મૂરતિયું જ છીએ ને ? આ મૂરતિયુંને રહેવાની જગા નથી મળતી ત્યાં વળી પાણાની મૂરતિયું ક્યાં પધરાવવી ?''

મહારાજ ઘડીભર કહેનાર સામે એકીટસે જોઈ રહ્યા. પછી કહે : ''વાત તો સાચી છે. પણ ત્યાંયે મૂર્તિને નામે આશરો સૌને મળે તેવું કરજો.''

''ધર્મશાળા બંધાવીશ.''

''ભલે. આ તુલસીશ્યામ જવા-આવવાનો ધોરી માર્ગ છે.''

શિકારીઓ હજુ આવ્યા નહોતા એટલે પછી વાતે વળગ્યા, મહારાજને આમાં રસ પડ્યો. એમાં જાણ્યું કે આ ખેડૂત તો વણિક છે. નામ છે ગોપાળદાસ. બરડાના પેટાળના એક ગામડામાં રહે છે, આ બધી જમીનની ખટપટ કરે છે તે તો ભાઈબંધના દીકરા માટે, ઝરિયાની કોલિયરીનો ભાગીદાર એ ભાઈબંધ ચારેક મહિના પહેલાં જ મરી ગયેલ છે અને જતાં જતાં દૂરથી જ એક ચિઠ્ઠીમાં બધી માલમિલકત અને દીકરાની ભાળવણી કરતા ગયા છે ગોપાળદાસને.

''તે આભપરાનો છાંયો મૂકીને અહીં શા સારું જમીન માગો છો ?''

''બાપુ, અમે રહ્યા વાણિયા. મૂડી નાખતા પહેલાં સો ગળણે ગળીએ. ને એમાં આ તો પારકું ધન. જતે દહાડે પડ હોંકારો દે ત્યાં જ નાખ્યું કામનું ને ? વળી મારા ભાઈબંધના વડવાઓ અસલ ગાયકવાડીના વતની હતા.''

''તમે અહીં આવશો તો તમારા વેપારનું શું થશે ?''

''વેપાર કંઈ કરવો જ નથી, હરિનામનો જ વેપાર કરવાનું મારા ગુરુએ કહ્યું છે.''

''કોણ ગુરુ ?''

''ગુરુ ? ગુરુ માંડણ ભગત, થઈ ગયા ધોરાજી પડખે. મહારાજ એના આતમાની ગુલાબી કોળી'તી, એવી તો ભલભલા રિદ્ધિસિદ્ધિવાળાંનીયે કોળતાં જોઈ નથી.''

''નામ તો સાંભળ્યું નથી.'' મહારાજે વિસ્મયથી કહ્યું. પછી કહે :

''પણ તમે કંઈક ચમત્કાર જોયો હશે.''

''એકવાર મળ્યો છું, બાપુ. બીજી વાર દર્શને ગયો ત્યારે તો દેહ પડી ગયો'તો. અમે તો પરીખ વાણિયા- એકવારમાં પારખી લીધું.''

''શું બન્યું હતું ?'' મહારાજે પૂછ્યું.

''મારડમાં હું મગફળીના સોદા માટે ગયેલો. બરાબર દસ વરસ ઉપરની વાત કરું છું. ગામમાં ખાસ કોઈને ઓળખું નહીં તે દરવાજા પાસેની મોટી ધરમશાળામાં ઉતરેલો. દોઢીમાં ભગત બેઠેલા, ગામમાંથી લોટની કાવડ માગી આવેલા, તે એની વહુ રોટલા ઘડે. ને ભગત કૂતરાંને નીરતા જાય-કાળોવાન, આંખ્યો નીચે રાખવાની ટેવ. હસે ભારે. જાણે સાવ બાળક જેવું. અવાજ જોયો હોય તો વાંસળી જેવો. ગલૂડિયાં હારે કંઈક ગડબડ ગડબડ વાતો કરતા જાય અને મરક મરક હસ્યે જાય. ત્યાં મારી સામે જોઈને ભગત કહે :

'શેઠ છો ? શેનો વેપાર કરો છો ?'

મેં કહ્યું : 'પરચૂરણ.'

'જથ્થાબંધ મૂકીને આવા પરચૂરણમાં શીદ પડ્યા છો ?'

મેં કહ્યું : 'બાપુ, મૂડી જુવે ને ?'

'મૂડી તો માંઈ પડી જ છે'- કહી મારી સામે એકીટશે જોઈ રહ્યા. એની આંખોના તેજે મનમાં મારગ કરી દીધો. શિલા જાણે ખસવા માંડી-મારાથી આંખ સામે આંખ મંડાણી નહીં. નીચે જોઈ ગયો. જોઉં તો ભગતના પડખામાં કાળો ગીંગોડો ચડી ગયેલો.

'મહારાજ, આ ગીંગોડો ચડી ગયો છે.' કહી હું એ ઉખેડવા ગયો ત્યાં કહે :

'રે'વા દ્યો એને. એને વળી બીજે ખાજ લેવા જાવું પડશે ને ? બહુ દી થઈ ગ્યા છે એને.'

'વાહ !' શ્રીમંત સરકારથી બોલાઈ જવાયું.

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**શીંગોડો** નદીનું નામ **વિલક્ષણ** અદ્ભુત; અસાધારણ **ધોરીમાર્ગ** મુખ્ય રસ્તો; સરિયામ માર્ગ **ભાળવણી** સોંપણી; ભાળ રાખવા સોંપણી કરવી; ભલામણ કરવી **વિસ્મય** આશ્ચર્ય; અચંબો **ગિંગોડો** કૂતરાં, ગાય, ભેંસ ઇત્યાદિ પશુઓના કાન વગેરે અંગો પર બાઝતો જીવ

### વિરુદ્ધાર્થી

**અસલ** નકલ

### તળપદા શબ્દો

**ગિંગોડો** જિંગોડો **પડખે** બાજુમાં **અરજ** વિનંતી **નેણ** આંખ **દોઢી** દેવડી; દરવાજા પાસેની જગ્યા. **વાવડ** ખબર, સમાચાર **ખાજ** ખોરાક

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) ''આ તમારી પડખેના દીપડા ન રંજાડે તોય ઘણું છે.'' - આ વાક્ય કોણ બોલે છે ?

(A) મહારાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ (B) ગુરુ માંડણ ભગત

(C) ગોપાળદાસ (C) પેશ્વા સરકાર

(2) મહારાજા સયાજીરાવમાં કઈ શક્તિ હતી ?

(A) જાનવરના સગડ પારખવાની (B) ખોટા રૂપિયા પારખવાની

(C) હીરા પારખવાની (D) માણસને પારખવાની

(3) તુલસીશ્યામ જવા-આવવાના માર્ગે શિવાલય કોણે બંધાવ્યું હતું ?

(A) ગાયકવાડ સરકારે (B) પેશ્વા સરકારે

(C) ગુરુ માંડણ ભગતે (D) ગોપાળબાપાએ

(4) ગોપાળબાપા શાનો વેપાર કરવા ઇચ્છતા હતા ?

(A) અમરફળ જેવા બોરનો (B) આંબાની કેરીનો

(C) કોલસાનો (D) હરિનામનો

**2. કારણ આપો :**

(1) ગોપાળબાપાએ શિવાલયની પૂજા કરવાની ના પાડી દીધી. કારણ કે...

(2) ગોપાળબાપા શીંગોડા નદીનાં કોતરો ખરીદવા ઇચ્છતા હતા. કારણ કે...

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) પાઠને આધારે સયાજીરાવ ગાયકવાડ વિશે સાત-આઠ વાક્યો લખો.

(2) ગોપાળબાપાનું પાત્રાલેખન કરો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથા મેળવીને વાંચો, એમાંથી તમને ગમતા પ્રસંગની વાત વર્ગમાં રજૂ કરો.
- શાળામાં વૃક્ષારોપણ કરો. તમે રોપેલા વૃક્ષને કોઈ સંત કે મહાપુરુષનું નામ આપો અને એ વૃક્ષને ઉછેરો.
- તમારી જાણમાં હોય અથવા શિક્ષકની મદદથી કોઈ વૃક્ષપ્રેમીની મુલાકાત લઈ ચર્ચા કરો.
- આ પાઠનું નાટ્યરૂપાંતર કરી વર્ગમાં ભજવો.

## ભાષા-અભિવ્યક્તિ

● ''આ તમારી પડખેના દીપડા ન રંજાડે તો યે ઘણું''

'પડખેના દીપડા' શબ્દોથી મહારાજાના રાજવહીવટમાં વહીવટદારો કેવા હતા તે ઇશારામાં કહેવાયું છે. લાઘવથી ઘણું કહી દેવાની લેખકની શક્તિનો અહીં પરિચય થાય છે.

● ''દખ લગાડતા નહિ, મહારાજ મારાથી બને એમ નથી.''

'દખ' જેવા તળપદા શબ્દથી શરૂ થતું આ વાક્ય 'મારાથી'ના ભાવે પ્રયોગથી પૂર્ણ થાય છે. મહારાજા સામેની અદબ, કર્તાની મજબૂરી અહીં આ પ્રયોગથી સરસ રીતે દર્શાવાઈ છે. 'હું કરી શકીશ નહિ'' ને બદલે ''મારાથી બને એવું નથી' વધુ વિનયભર્યું જણાય છે.

● કૃતિના ધ્યાન ખેંચે એવા નીચેના રૂઢિપ્રયોગોથી કૃતિ વધુ આસ્વાદ્ય બની છે, અને જે-તે પાત્રો યોગ્ય રીતે ઊપસી આવ્યાં છે :

- હોંકારો દેવો
- મનમાં મારગ થઈ જવો
- ભમર ચડાવવી
- આભપરાનો છાંયો હોવો
- સો ગળણે ગાળીને પીવું

## શિક્ષકની ભૂમિકા

'પોતાને માટે જીવે તે સ્વાર્થ અને બીજાને માટે જીવે એ પરમાર્થ'- એ વાત નવલકથા અંશના ગોપાળબાપાના પાત્ર દ્વારા સમજાવવી.

ખેતીકાર્ય દ્વારા સમાજની ખૂબ મોટી સેવા કરી શકાય છે, પર્યાવરણનું રક્ષણ કરી શકાય છે. બિનઉપયોગી કે પડતર જમીનનો યોગ્ય ઉપયોગ કરી તેના ઉત્પાદન દ્વારા દેશને તેનો લાભ પહોંચાડી શકાય અને એ રીતે ખેતી / વૃક્ષો રાષ્ટ્રની સમૃદ્ધિનો આધાર બની શકે તે વાત વિદ્યાર્થીઓને જણાવવી.

સયાજીરાવ ગાયકવાડની માણસને પારખવાની ક્ષમતા અને રાજા તરીકે પ્રજાને મદદરૂપ થવાની જે ભાવના હતી તેને કારણે તે લોકપ્રિય અને વિકાસોન્મુખ રાજા તરીકે પંકાયા તેની ચર્ચા કરવી.

'શાંતિ પમાડે તેને સંત કહીએ.' એ ઉક્તિને આધારે સંત/સાધુ/ગુરુના સંસ્કાર, જ્ઞાન અને તેમની આધ્યાત્મિકતા અંગેની સમજ મહત્ત્વની છે, નાત-જાત નહિ; તે વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા. નાત, જાત, પ્રદેશ, ભાષા વગેરેના વાડા અને ભેદભાવથી વિદ્યાર્થીઓ મુક્ત થાય તે અંગે ચર્ચા કરવી.

●

# વ્યાકરણ એકમ-1 : ધ્વનિશ્રેણી, સંજ્ઞા, વિશેષણ, સર્વનામ

મિત્રો,

ગયા વર્ષે તમે ગુજરાતી ભાષાની ઉચ્ચારણપ્રક્રિયા ભણી ગયા. સ્વર અને વ્યંજન કોને કહેવાય, તે શીખ્યા. તમને ખબર છે કે ગુજરાતી ભાષા 'ફોનેટીક' ભાષા છે ? 'ફોનેટીક' એટલે આપણે જે રીતે બોલીએ છીએ તે જ રીતે લખીએ છીએ. અંગ્રેજી ભાષા ફોનેટીક ભાષા નથી. તેમાં 'put' - 'પુટ' અને 'bus' 'બસ' છે. ઉચ્ચારણ અને જોડણી જુદાં પડે છે. જ્યારે ગુજરાતી ભાષામાં બન્ને સરખા જ હોય છે. જેમ કે, 'ગોપાળ' લખાશે, તો બોલાશે પણ 'ગ્-ઓ-પ્-આ-ળ્', 'વહાલો' શબ્દના ધ્વનિઓ જોઈએ તો 'વ્-અ-હ્-આ-લ્-ઓ' થશે.

તમે જો આ ધ્વનિશ્રેણીને ધ્યાનથી વાંચી હશે તો ખ્યાલ આવશે કે 'વહાલો' શબ્દની ધ્વનિશ્રેણીમાં અંતે 'ઓ' સ્વર છે. પરંતુ 'ગોપાળ' ધ્વનિશ્રેણીમાં અંતે માત્ર 'ળ્' વ્યંજનધ્વનિ છે. તેના પછી 'અ' સ્વર લખ્યો નથી. કારણ કે છેલ્લા અક્ષર પછી 'અ' સ્વર આવે તો આપણે તે બોલતા નથી, ગુજરાતી ભાષા વ્યંજનાન્ત ભાષા કહેવાય છે.

ચાલો, આપણે આવા કેટલાક શબ્દોના ધ્વનિઓને તેના ક્રમમાં જોઈએ.

અરજ - અ + ર્ + અ + જ

ગિરિધર - ગ્ + ઇ + ર્ + ઇ + ધ્ + અ + ર્

હળધર - હ્ + અ + ળ્ + અ + ધ્ + અ + ર્

શું - શ્ + ઉં

આત્મકથા - આ + ત્ + મ્ + અ + ક્ + અ + થ્ + આ

બિંદુ - બ્ + ઇ્ + ન્ + દ્ + ઉ

અહીં તમે ધ્યાનથી વાંચ્યું હશે તો ખ્યાલ આવશે કે 'શું'માં 'ઉં' સ્વર છે. પણ 'બિંદુ'માં 'ઇં' સ્વર નથી. કારણ કે આપણે અનુસ્વાર લખીએ છીએ, પણ ત્યાં આપણે ખરેખર 'ન્' બોલીએ છીએ. એટલે કે, શબ્દોને ખરેખર બોલી જોવાના અને તેને આધારે ધ્વનિશ્રેણી નક્કી કરવાની.

બોલો, શબ્દોની આવી ધ્વનિશ્રેણી છૂટી પાડવાની મઝા આવે ને ? ચાલો, કેટલાક શબ્દો અહીં આપ્યા છે. તેની કઈ ધ્વનિશ્રેણી હોઈ શકે તે વિકલ્પ પસંદ કરો.

(1) દૂરબીન

(ક) દ્ + ઉ + ર્ + અ + બ્ + ઇ + ન્

(ખ) દ્ + ઊ + ર્ + અ + બ્ + ઈ + ન્

(ગ) દ્ + ઉ + ર્ + અ + બ્ + ઈ + ન્

(ઘ) દ્ + ઊ + ર્ + અ + બ્ + ઇ + ન્

(2) અપૂજ

(ક) અ + અ + પ્ + ઉ + જ્ + અ

(ખ) અ + પ્ + ઉ + જ્

(ગ) અ + અ + પ્ + ઊ + જ્ + અ

(ઘ) અ + પ્ + ઊ + જ્

(3) દોકડો

(ક) દ્ + ઓ + ક્ + અ + ડ્ + અ + ઓ

(ખ) દ્ + ઈ + ક્ + અ + ડ્ + ઓ

(ગ) દ્ + ઓ + ક્ + અ + ડ્ + ઓ

(ઘ) દ્ + ઉ + ક્ + અ + ડ્ + ઓ

(4) હાથોહાથ

(ક) હ્ + આ + થ્ + ઓ + હ્ + આ + થ્

(ખ) હ્ + આ + થ્ + ઓ + હ્ + આ + થ્ + અ

(ગ) હ્ + ઓ + થ્ + ઓ + હ્ + ઓ + થ્

(ઘ) હ્ + આ + થ્ + આ + હ્ + આ + થ્

(5) ભાઈબંધ

(ક) ભ્ + ઓ + ઈ + બ્ + ન્ + ધ્ + અ

(ખ) ભ્ + આ + ઇ + બ્ + ન્ + ધ્ + અ

(ગ) ભ્ + આ + ઈ + બ્ + ન્ + ધ્ + અ

(ઘ) ભ્ + આ + ઈ + બ્ + ન્ + ધ્ + ઈ

ઉપરોક્ત શબ્દોની ધ્વનિશ્રેણી ધરાવતો યોગ્ય વિકલ્પ પસંદ કરી શક્યા ? ચાલો, સાથે સમજીએ. શબ્દ-1 ‘દૂરબીન’ કઈ ધ્વનિશ્રેણીથી રચાયેલો શબ્દ છે ? વિકલ્પ-ખ. કારણ કે દૂરબીનમાં ‘દ્’ પછી દીર્ઘ ‘ઊ’ અને ‘બ્’ પછી દીર્ઘ ‘ઈ’ છે અને તે વ્યંજનાન્ત શબ્દ છે. શબ્દ-2 માં વિકલ્પ-ઘ સાચો વિકલ્પ છે. કારણ ? ‘પૂ’ - દીર્ઘ ‘ઊ’. શબ્દ-3માં ‘ગ’ અને શબ્દ-4માં ‘ક’ સાચો વિકલ્પ છે. શબ્દ-5 બોલી જોયો ? અનુસ્વાર બોલો છો કે ‘ન્’ ? અહીં, સાચો વિકલ્પ ‘ગ’ છે. કારણ કે શબ્દને અંતે જોડાક્ષર આવતો હોય તો તેના પછી ‘અ’ સ્વર બોલાય છે.

આપણે જે ક્રમમાં ધ્વનિઓ બોલીએ છીએ, તે જ ક્રમમાં લખતા હોઈએ છીએ. પણ તમે નાના બાળકોને બોલતાં સાંભળ્યાં હશે. - તેમનાથી ઘણી વાર એકના બદલે બીજો શબ્દ બોલાઈ જતો હોય તેવું લાગે છે. જેમકે, ‘તકલીફ’ને બદલે ‘તફલીફ’ અથવા ‘રકાબી’ના બદલે ‘રબાકી’. અહીં તરત ખ્યાલ આવે છે કે ધ્વનિઓનો ક્રમ બદલાઈ ગયો છે. આપણે ઘણી વાર ઉતાવળમાં પરીક્ષામાં પણ એકના બદલે બીજો શબ્દ લખી નાખતાં હોઈએ છીએ. પણ એના લીધે અર્થ બદલાઈ જાય છે, તેવું તરત ધ્યાન નથી જતું. જેમકે, ‘કાન’ શબ્દ લખવા માટે ‘ક-આ-ન’ ધ્વનિશ્રેણી આપણા મનમાં છે. પણ લખતી વખતે આ ક્રમ બદલાઈ જાય - ‘ન-આ-ક’ થઈ જાય તો ? લખવું છે ‘કાન’, પણ લખાઈ જશે ‘નાક’.

નીચેનાં વાક્ય જૂઓ :

(1) - દાદાને કેમ છે ?

- દાદાને કામ છે ?

(2) - મા તો બસ દીકરાનો વટ જોતી રહી !

- મા તો બસ દીકરાની વાટ જોતી રહી !

(3) - ભારત અને પાકિસ્તાનના વડાપ્રધાન વચ્ચે યોજાયેલ મુલાકાત.

- ભારત અને પાકિસ્તાનના વડાપ્રધાન વચ્ચે યોજાયેલ મુકાલાત.

આવા કેટલાક શબ્દોની ધ્વનિશ્રેણી લખીએ ?

વાત - તાવ -

મકાન - કમાન -

કરમ - કમર - રકમ -

ખેતર - ખાતર -

નાચે - નીચે -

શસ્ત્ર - શાસ્ત્ર -

હવે નીચેના શબ્દોની ધ્વનિશ્રેણી જૂઓ :

પુણ્ય - પ્ + ઉ + ણ્ + ય્ + અ

શિલ્પ - શ્ + ઇ + લ્ + પ્ + અ

અહીં તમે જોઈ શકો છો કે પુણ્યમાં 'ણ' પછી કોઈ સ્વર નથી. તેથી 'ણ્ય' જોડાક્ષર છે. એ જ રીતે 'શિલ્પ'માં 'લ્પ' બોલતી વખતે વચ્ચે કોઈ સ્વરનું ઉચ્ચારણ થતું નથી, તેથી તે જોડાક્ષર છે. કેટલાક જોડાક્ષર ધરાવતી ધ્વનિશ્રેણીને જોઈએ?

વચ્ચે - વ્ + અ + ચ્ + ચ્ + એ

સ્વરૂપ - સ્ + વ્ + અ + ર્ + ઊ + પ્

અન્ન - અ + ન્ + ન્ + અ

અશક્ય - અ + શ્ + અ + ક્ + ય્ + અ

ચિઠ્ઠી - ચ્ + ઇ + ઠ્ + ઠ્ + ઈ

ઉપર જોડાક્ષર ધરાવતી ધ્વનિશ્રેણી તમે જોઈ. તમને ખ્યાલ આવ્યો હશે કે જોડાક્ષરમાં જે અક્ષર પહેલા બોલાય છે - પહેલા લખાય છે, તે અડધો લખાય છે. ગુજરાતી ભાષામાં કેટલાક જોડાક્ષરો જુદી રીતે લખાય છે અથવા વિશિષ્ટ લિપિચિહ્ન ધરાવે છે. આવા જોડાક્ષરોનો પરિચય કરીએ.

વિશિષ્ટ લિપિચિહ્ન ધરાવતા જોડાક્ષરો :

ક્ષ - ક્ + ષ્ + અ

જ્ઞ - જ્ + ઞ્ + અ

ત્ર - ત્ + ર્ + અ

આ જોડાક્ષરો ધરાવતા શબ્દોની ધ્વનિશ્રેણી જોઈએ.

ક્ષમા - ક્ + ષ્ + અ + મ્ + આ

ભિક્ષા - ભ્ + ઇ + ક્ + ષ્ + આ

વિજ્ઞાન - વ્ + ઇ + જ્ + ઞ્ + આ + ન્ + અ

આજ્ઞા - આ + જ્ + ઞ્ + આ

ત્રાડ - ત્ + ર્ + આ + ડ્ + અ

ચિત્ર - ચ્ + ઇ + ત્ + ર્ + અ

તમને આવા શબ્દોની ધ્વનિશ્રેણી શોધતાં આવડશે. ચાલો જોઈએ. નીચેના શબ્દોની ધ્વનિશ્રેણી ધરાવતો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) અંગરક્ષક

(ક) અં + ગ્ + અ + ર્ + અ + ક્ + શ્ + અ + ક્

(ખ) અં + ગ્ + અ + ર્ + અ + ક્ + ષ્ + અ + ક્

(ગ) અં + ગ્ + અ + ર્ + અ + ક્ + સ્ + અ + ક્

(ઘ) અં + ગ્ + આ + ર્ + અ + ક્ + ષ્ + અ + ક્

(2) અક્ષાંશ

(ક) અ + ક્ + શ્ + અ + આં + શ્

(ખ) અ + ક્ + સ્ + આં + શ્

(ગ) અ + ક્ + ષ્ + આં + શ્

(ઘ) અ + ષ્ + ક્ + આં + શ્

(3) નક્ષત્ર

(ક) ન્ + અ + ક્ + શ્ + અ + ત્ + ર્ + અ

(ખ) ન્ + અ + ક્ + સ્ + અ + ર્ + ત્ + અ

(ગ) ન્ + અ + શ્ + ક્ + અ + ત્ + ર્ + અ

(ઘ) ન્ + અ + ક્ + ષ્ + અ + ત્ + ર્ + અ

(4) છત્રપતિ

(ક) છ્ + અ + ત્ + ર્ + અ + પ્ + અ + ત્ + ઇ

(ખ) છ્ + અ + ર્ + ત્ + અ + પ્ + અ + ત્ + ઇ

(ગ) છ્ + અ + ત્ + ર્ + અ + પ્ + અ + ત્ + ઈ

(ઘ) છ્ + આ + ત્ + ર્ + અ + પ્ + અ + ત્ + ઈ

(5) ક્ષેત્ર

(ક) ક્ + શ્ + એ + ત્ + ર્ + અ

(ખ) ક્ + ષ્ + એ + ર્ + ત્ + અ

(ગ) ષ્ + ક્ + એ + ત્ + ર્ + અ

(ઘ) ક્ + ષ્ + એ + ત્ + ર્ + અ

(6) ગણિતજ્ઞ

(ક) ગ્ + અ + ણ્ + ઈ + ત્ + અ + જ્ + ઞ્ + અ

(ખ) ગ્ + અ + ણ્ + ઇ + ત્ + અ + જ્ + ઞ્ + અ

(ગ) ગ્ + અ + ણ્ + ઇ + ત્ + અ + ઞ્ + જ્ + અ

(ઘ) ગ્ + અ + ણ્ + ઈ + ત્ + અ + જ્ઞ્ + અ

(7) જ્ઞાતિ

(ક) જ્ + ઞ્ + આ + ત્ + ઇ

(ખ) ઞ્ + જ્ + આ + ત્ + ઇ

(ગ) જ્ + ઞ્ + આ + ત્ + ઈ

(ઘ) જ્ઞ્ + આ + ત્ + ઇ

(8) યજ્ઞચિત્ર

(ક) ય્ + અ + ઞ્ + જ્ + અ + ચ્ + ઇ + ત્ + ર્ + અ

(ખ) ય્ + અ + જ્ + ઞ્ + અ + ચ્ + ઇ + ર્ + ત્ + અ

(ગ) ય્ + અ + જ્ + ઞ્ + અ + ચ્ + ઈ + ર્ + ત્ + અ

(ઘ) ય્ + અ + જ્ + ઞ્ + અ + ચ્ + ઇ + ત્ + ર્ + અ

ધ્વનિશ્રેણીઓ ધ્યાનથી વાંચી છે ને ? તો જ સાચો ઉત્તર દેખાશે. નહીં તો 'ઇ + ઈ', 'ત્ + ર્' - 'ર્ + ત્' બધું સરખું જ લાગશે. ઉત્તર મેળવવા છે ?

(1) અંગરક્ષક : (ખ) અં + ગ્ + અ + ર્ + અ + ક્ + ષ્ + અ + ક્

(2) અક્ષાંશ : (ગ) અ + ક્ + ષ્ + આં + શ્

(3) નક્ષત્ર : (ઘ) ન્ + અ + ક્ + ષ્ + અ + ત્ + ર્ + અ

(4) છત્રપતિ : (ક) છ્ + અ + ત્ + ર્ + અ + પ્ + અ + ત્ + ઇ

(5) ક્ષેત્ર : (ઘ) ક્ + ષ્ + એ + ત્ + ર્ + અ

(6) ગણિતજ્ઞ : (ખ) ગ્ + અ + ણ્ + ઇ + ત્ + અ + જ્ + ઞ્ + અ

(7) જ્ઞાતિ : (ક) જ્ + ઞ્ + આ + ત્ + ઇ

(8) યજ્ઞચિત્ર : (ઘ) ય્ + અ + જ્ + ઞ્ + અ + ચ્ + ઇ + ત્ + ર્ + અ

ગુજરાતી ભાષાના કેટલાક જોડાક્ષર દેવનાગરી લિપિ (હિન્દી અથવા સંસ્કૃત ભાષા જેમાં લખાય છે તે) અનુસાર લખીએ છીએ. જેમકે 'દ', 'શ'. આ અક્ષરોના જોડાક્ષર લખતી વખતે મુઝવણ થતી હોય છે. વળી, 'દ' અને 'ધ' ના જોડાક્ષરમાં સામ્ય પણ ખૂબ લાગે છે. તેથી તેવા જોડાક્ષર પણ મુઝવતા હોય છે. આ અક્ષરના જોડાક્ષરનો પરિચય નીચે મુજબ મેળવી શકાય.

| દેવનાગરી લિપિચિહ્નનો પ્રયોગ : દ-द | | | |
|---|---|---|---|
| **જોડાક્ષર** | **ઉદાહરણ** | **શબ્દ** | **ધ્વનિશ્રેણી** |
| દ્ + દ = દ્દ | મુદ્દો, રદ્દી, મુદ્દલ, તદ્દન, હોદ્દો | મુદ્દો | મ્ + ઉ + દ્ + દ્ + ઓ |
| દ્ + ધ = દ્ધ | શુદ્ધ, યુદ્ધ, બુદ્ધ, વૃદ્ધ, પદ્ધતિ | શુદ્ધ | શ્ + ઉ + દ્ + ધ્ + અ |
| દ્ + મ = દ્મ | પદ્મ, છદ્મ | પદ્મ | પ્ + અ + દ્ + મ્ + અ |
| દ્ + ય = દ્ય | ગદ્ય, પદ્ય, વિદ્યા | વિદ્યા | વ્ + ઇ + દ્ + ય્ + આ |
| દ્ + ર = દ્ર | ચંદ્ર, ભદ્ર, મુદ્રા, તદ્રૂપ | મુદ્રા | મ્ + ઉ + દ્ + ર્ + આ |
| દ્ + વ = દ્વ | દ્વિતીય, દ્વિગુ, વિદ્વાન | દ્વિતીય | દ્ + વ્ + ઇ + ત્ + ઈ + ય્ |
| દ્ + ઋ = દૃ | દૃઢ, દૃશ્ય | દૃશ્ય | દ્ + ઋ + શ્ + ય્ + અ |

'દ' સાથે 'ધ' ધ્વનિના જોડાક્ષરને પણ જોવા જોઈએ.

| 'ધ'ના જોડાક્ષર | | | |
|---|---|---|---|
| **જોડાક્ષર** | **ઉદાહરણ** | **શબ્દ** | **ધ્વનિશ્રેણી** |
| ધ્ + ધ = ધ્ધ | યોધ્ધા, અધ્ધર | અધ્ધર | અ + ધ્ + ધ્ + અ + ર્ |
| ધ્ + ય = ધ્ય | સંધ્યા, અધ્યાપક | સંધ્યા | સ્ + અં + ધ્ + ય્ + આ |
| ધ્ + ર = ધ્ર | ધ્રુવ, ધ્રૂજારી | ધ્રુવ | ધ્ + ર્ + ઉ + વ્ |
| ધ્ + વ = ધ્વ | ધ્વનિ, ધ્વજ | ધ્વજ | ધ્ + વ્ + અ + જ્ |
| ધ્ + ઋ = ધૃ | ધૃતિ, ધૃતરાષ્ટ્ર | ધૃતિ | ધ્ + ઋ + ત્ + ઇ |

'શ' ધ્વનિના જોડાક્ષર પણ દેવનાગરી લિપિ અનુસાર થાય છે.

| 'શ'ના જોડાક્ષર | | | |
|---|---|---|---|
| **જોડાક્ષર** | **ઉદાહરણ** | **શબ્દ** | **ધ્વનિશ્રેણી** |
| શ + ર = શ્ર | શ્રવણ, શ્રદ્ધા, શ્રેયસ | શ્રદ્ધા | શ્ + ર્ + અ + દ્ + ધ્ + આ |
| શ + વ = શ્વ | શ્વાસ, શ્વેત, શ્વાન | શ્વાન | શ્ + વ્ + આ + ન્ |
| શ્ + ચ = શ્ચ | આશ્ચર્ય, નિશ્ચિત | નિશ્ચિત | ન્ + ઇ + શ્ + ચ્ + ઇ + ત્ |

'હ' ધ્વનિના જોડાક્ષર વિશે વિચાર્યું છે ? ખબર જ હશે, પણ નીચેના શબ્દો જોશો એટલે ખ્યાલ વધુ સ્પષ્ટ થશે.

| | |
|---|---|
| હ્ + મ = હ્મ | બ્રહ્મ, બ્રાહ્મણ |
| હ્ + ન = હ્ન | મધ્યાહ્ન, જાહ્નવી |
| હ્ + ય = હ્ય | બાહ્ય, સહ્ય |
| હ્ + ર = હ્ર | હ્રસ્વ, હ્રાસ |
| હ્ + વ = હ્વ | જિહ્વા, ગહ્વર |
| હ્ + ઋ = હૃ | હૃદય, હૃષિકેશ |

હવે તમે ધ્વનિશ્રેણી છૂટી પાડશો ?

1. મુદ્દલ
2. પદ્ધતિ
3. પદ્ય
4. વિદ્વાન
5. યોધ્ધા
6. અધ્યાપક
7. શ્રવણ
8. શ્વેત
9. દ્વિજિહ્વ
10. મૂલ્યહ્રાસ

ઉત્તર જોઈએ ?

(1) મુદ્દલ : મ્ + ઉ + દ્ + દ્ + અ + લ

(2) પદ્ધતિ : પ્ + અ + દ્ + ધ્ + અ + ત્ + ઇ

(3) પદ્ય : પ્ + અ + દ્ + ય્ + અ

(4) વિદ્વાન : વ્ + ઇ + દ્ + વ્ + આ + ન્

(5) યોધ્ધા : ય્ + ઓ + ધ્ + ધ્ + આ

(6) અધ્યાપક : અ + ધ્ + ય્ + આ + પ્ + અ + ક્ + અ

(7) શ્રવણ : શ્ + ર્ + અ + વ્ + અ + ણ્

(8) શ્વેત : શ્ + વ્ + એ + ત્

(9) દ્વિજિહ્વ : દ્ + વ્ + ઇ + જ્ + ઇ + હ્ + વ્ + અ

(10) મૂલ્યહ્રાસ : મ્ + ઊ + લ્ + ય્ + અ + હ્ + ર્ + આ + સ્

આપણા કક્કામાં જોડાક્ષર લખાય ત્યારે પહેલાં લખાતો અક્ષર જો 'ખ, ગ, ચ, મ' વગેરે જેવો 'ા' ધરાવતો હોય તો તેને ખસેડવાથી અડધો લખાય છે. જેમકે, 'અન્ય'માં 'ન'નો 'ા' દૂર કરતાં તે અડધા અક્ષર તરીકે લખી શકાયો. જો અક્ષર 'ક, જ, ફ' જેવો હોય તો તે બાજુબાજુમાં લખાય છે. જેમકે, 'ચક્કર'. તો 'ટ, ઠ, ડ' જેવા ધ્વનિઓ ઉપર-નીચે લખાય છે. જેમકે, 'ચિઠ્ઠી'. પરંતુ 'ર' ધ્વનિ આ બધા કરતાં જુદો છે.

'ર' અક્ષરના જોડાક્ષર બે જુદી રીતે થાય છે. (1) 'ર' વ્યંજનધ્વનિ જોડાક્ષરમાં પહેલા આવે અને (2) 'ર' ધ્વનિ જોડાક્ષરમાં પછી આવે. ઉદાહરણ સહિત જોઈએ. 'વાર્તા' શબ્દની ધ્વનિશ્રેણી જોઈએ તો 'વ્-આ-ર્-ત્-આ'માં 'ર્ત' જોડાક્ષરમાં 'ર' ધ્વનિ પહેલા આવ્યો છે અને 'ત' ધ્વનિ પછી આવ્યો છે, તેથી 'ર' ધ્વનિ રેફ તરીકે 'ત' ઉપર લખાય છે. તો 'આક્રમણ' શબ્દની ધ્વનિશ્રેણી જોઈએ તો 'આ-ક-ર-અ-મ-ણ'માં 'ક' ધ્વનિ પહેલા આવ્યો છે, 'ર' ધ્વનિ ત્યાર બાદ આવ્યો છે. તેથી તે 'ક્ર' તરીકે લખાય છે. અન્ય ઉદાહરણો જોતાં 'ર' ધ્વનિના જોડાક્ષર વધુ સ્પષ્ટ થશે.

| 'ર' પહેલા આવે તો 'ર્' તરીકે | |
|---|---|
| **ધ્વનિશ્રેણી** | **શબ્દ** |
| સ્ + અ + ર્ + પ્ + અ | સર્પ |
| વ્ + અ + ર્ + ણ્ + અ + ન્ | વર્ણન |
| પ્ + અ + દ્ + આ + ર્ + થ્ + અ | પદાર્થ |

નીચેની ધ્વનિશ્રેણી અને શબ્દ વાંચીએ :

(1) ન્ + ઈ + ર્ + ભ્ + અ + ય્ - નિર્ભય

(2) જ્ + ઈ + ર્ + ણ્ + અ - જીર્ણ

(3) સ્ + ઊ + ર્ + ય્ + અ - સૂર્ય

(4) મ્ + આ + ર્ + ગ્ + અ - માર્ગ

(5) સ્ + પ્ + અ + ર્ + શ્ + અ - સ્પર્શ

| અન્ય વ્યંજન પહેલા આવે તો '્ર' તરીકે | |
|---|---|
| **ધ્વનિશ્રેણી** | **શબ્દ** |
| ક્ + ર્ + અ + મ્ | ક્રમ |
| વ્ + અ + જ્ + ર્ + અ | વજ્ર |
| પ્ + ર્ + અ + ત્ + ય્ + એ | પ્રત્યે |

(1) ક્ + ર્ + અ + મ્ + અ + બ્ + અ + દ્ + ધ્ + અ - ક્રમબદ્ધ

(2) આ + શ્ + ર્ + અ + ય્ - આશ્રય

(3) પ્ + અ + ર્ + ઈ + શ્ + ર્ + અ + મ્ - પરિશ્રમ

(4) વ્ + ઈ + ગ્ + ર્ + અ + હ - વિગ્રહ

(5) ર્ + આ + ષ્ + ટ્ + ર્ + અ - રાષ્ટ્ર

(6) વ્ + ઈ + દ્ + ર્ + ઓ + હ - વિદ્રોહ

આમ, આપણે જોયું કે આપણે જે બે વ્યંજન વચ્ચે સ્વર નથી બોલતા, તે બે ધ્વનિઓ જોડાક્ષર તરીકે લખીએ છીએ. હવે, જોડાક્ષરમાં જો વચ્ચે સ્વર બોલીએ તો ?

'વસ્યું - વ્ + અ + સ્ + ય્ + ઉં

ધ્વનિશ્રેણીમાં 'સ્યું' જોડાક્ષર છે. આ ધ્વનિશ્રેણીમાં સ્વર ઉમેરાય-

વસિયું - વ્ + અ + સ્ + ઇ + ય્ + ઉં

'સાંજ સમે શામળિયો'માં 'ધર્યો'ને બદલે 'ધરિયો', 'ધસ્યું'ને બદલે 'ધસિયું' આ પ્રકારના શબ્દો છે. બોલચાલમાં ઘણી વાર આપણે આ રીતે જોડાક્ષરને છૂટો પાડીને બોલતા હોઈએ છીએ. જેમકે, 'દર્દ'ના બદલે 'દરદ'. હવે તમે જ્યારે કોઈ જોડાક્ષર લખશો ત્યારે પહેલાં એ શબ્દ બોલશો ને ?

## સંજ્ઞા

મિત્રો, તમે અગાઉ ભણી ગયાં છો કે ભાષાના જે શબ્દો દ્વારા કોઈ વ્યક્તિ, વસ્તુ, સ્થળ કે ખ્યાલનો નિર્દેશ થાય છે તેને 'સંજ્ઞા' કે 'નામ' કહે છે. સંજ્ઞાની મહત્ત્વની લાક્ષણિકતા પર નજર નાંખીએ તો-

- 'સંજ્ઞા' કે 'નામ' લિંગ ધરાવતાં હોય છે.
  - ➲ ગુજરાતી ભાષામાં ત્રણ લિંગ છે : પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ.
- 'સંજ્ઞા' કે 'નામ' વચન ધરાવે છે.
  - ➲ ગુજરાતી ભાષામાં બે વચન છે : એકવચન, બહુવચન.
- સંજ્ઞા વિકારી કે અવિકારી હોય છે :
  - ➲ વિકારી સંજ્ઞા : લિંગ કે વચન અનુસાર જે સંજ્ઞાનું રૂપ બદલાય તે વિકારી સંજ્ઞા.

    દા.ત. વાંદરો - વાંદરી - વાંદરું, કાંસકો-કાંસકી, લિંગ અનુસાર ચપ્પુ-ચપ્પા, પંખો-પંખા વગેરે
  - ➲ અવિકારી સંજ્ઞા : લિંગ અનુસાર જે સંજ્ઞાનું રૂપ ન બદલાય, યથાવત્ રહે તે અવિકારી સંજ્ઞા.

  દા.ત. ખેતર, વર્ગ, રાજા, ઘી, લાડુ, નદી વગેરે
- સંજ્ઞા મૂર્ત કે અમૂર્ત હોય છે :
  - ➲ મૂર્ત સંજ્ઞા : જેને કોઈ પણ ઇન્દ્રિય (પંચેન્દ્રિય - આંખ, નાક, કાન, સ્પર્શ, સ્વાદ)થી અનુભવી શકાય તે. જેમકે, ચળકાટ, અવાજ, વાસ, કમળ, જલેબી વગેરે.
  - ➲ અમૂર્ત સંજ્ઞા : જેન કોઈ રંગ, રૂપ, કદ, આકાર, ગંધ આદિ નથી, માત્ર તર્કથી અનુભવી શકાય તે. દા.ત., વિચાર, ક્રોધ, દુઃખ, માનવતા વગેરે.
- સંજ્ઞાના મુખ્ય પ્રકાર નીચે મુજબ કરી શકાય :
  - ➲ જાતિવાચક સંજ્ઞા : જ્યારે કોઈ શબ્દ દ્વારા આખો વર્ગસમૂહ સૂચવાતો હોય ત્યારે તેને જાતિવાચક સંજ્ઞા કહે છે. જેમકે, ભેંસ, ઘર, તપેલી, પેન, મૂર્તિ, તકિયો, ઝભ્ભો, બારણું. (જ્યારે 'ભેંસ' શબ્દ વપરાય ત્યારે 'કાળું, ચાર પગવાળું, દૂધ આપતું પ્રાણી' જેવાં સામાન્ય લક્ષણ ધરાવતો અર્થ સૂચવાય.)
  - ➲ વ્યક્તિવાચક સંજ્ઞા : જ્યારે કોઈ શબ્દ દ્વારા કોઈ ચોક્કસ વ્યક્તિ, પ્રાણી કે પદાર્થ સૂચવાતો હોય ત્યારે તેને વ્યક્તિવાચક સંજ્ઞા કહે છે. જેમકે, 'પર્વત' - જાતિવાચક

સંજ્ઞા છે. પરંતુ, 'હિમાલય', 'ગિરનાર' આદિ ચોક્કસ પર્વતનો નિર્દેશ કરે છે. તેથી તે વ્યક્તિવાચક સંજ્ઞા છે.

- દ્રવ્યવાચક સંજ્ઞા : ગણી ન શકાય તેવા પદાર્થને દર્શાવતી સંજ્ઞા, તે દ્રવ્યવાચક સંજ્ઞા. જેમકે, પાણી, લોખંડ, દુધ, માટી વગેરે. આ સંજ્ઞાને કિલોગ્રામ કે લીટર આદિમાં માપી શકાય છે. પણ એક પાણી કે ચાર દૂધ એમ સંખ્યાવાચક વિશેષણ લાગતું નથી.
- સમૂહવાચક સંજ્ઞા : કોઈ જૂથ કે સમૂહનો નિર્દેશ કરતી સંજ્ઞા તે સમૂહવાચક સંજ્ઞા. (સમૂહનો અર્થ આપનાર આ સંજ્ઞા હંમેશા એકવચનમાં પ્રયોજાય છે.) જેમકે, ટોળું, ધણ, સેના વગેરે.
- ભાવવાચક સંજ્ઞા : ભાવનો નિર્દેશ કરતી સંજ્ઞા, તે ભાવવાચક સંજ્ઞા. જેમકે, માનવતા, સુખ, ક્રોધ, મઝા વગેરે.
- ક્રિયાવાચક સંજ્ઞા : ક્રિયા દર્શાવતી સંજ્ઞા, તે ક્રિયાવાચક સંજ્ઞા. જેમકે, 'બોલવું' ક્રિયા છે પણ 'બોલ' ક્રિયા દર્શાવનાર સંજ્ઞા છે. (જેમકે, મહેમાનશ્રી આપણને બે બોલ કહેશે.) દોડ, ચાલ, લેખન, દર્શન, રમત વગેરે.

મિત્રો, નીચેના વાક્યમાંથી સંજ્ઞા શોધી શકો ને ? તો સંજ્ઞા શોધો અને તેને વર્તુળ કરો. એક વાક્યમાં એકથી વધુ સંજ્ઞા હોઈ શકે. ધ્યાનથી વાંચજો.

(1) મેં ચિઠ્ઠી લખીને હાથોહાથ આપી.

(2) તે ગોવાળમાં ગિરિધર શોભે.

(3) પણ દોષ કબૂલ્યા વિના શુદ્ધિ ન થાય.

(4) ખાંધે કુહાડા ધર્યા, તને સાંભરે રે ?

(5) દીપડા રંજાડશે નહીં ?

તમે ચિઠ્ઠી, ગોવાળ, ગિરિધર, દોષ, શુદ્ધિ, ખાંધ, કુહાડા, દીપડા - શબ્દોને વર્તુળ કર્યું ને ? એટલે કે, તમને સંજ્ઞા ખબર છે !

તો હવે, નીચે વાક્યો સાથે વિકલ્પો આપ્યાં છે. તેમાં કયા વિકલ્પમાં જાતિવાચક સંજ્ઞા છે, શોધશો ?

(1) હાજી, ફાટ્યું મોટું ખોડ, મને કેમ વીસરે રે ?

(ક) મોટું (ખ) મને (ગ) ફાટ્યું (ઘ) ખોડ

(2) તેમણે ક્ષણવાર આંખ મીંચી.

(ક) આંખ (ખ) મીંચી (ગ) તેમણે (ઘ) ક્ષણવાર

(3) આજે હું એને શુદ્ધ અહિંસાને નામે ઓળખી શકું છું.

(ક) આજે (ખ) હું (ગ) શુદ્ધ (ઘ) અહિંસા

(4) તેમ ગોવાળમાં ગિરિધર શોભે, હરિ હળધરનો વીરો.

(ક) ગિરિધર (ખ) ગોવાળ (ગ) હરિ (ઘ) હળધર

(5) અહીં શા સારું જમીન માંગો છો ?

(ક) સારું (ખ) શા (ગ) જમીન (ઘ) અહીં

તમે ખોડ, આંખ, અહિંસા, ગોવાળ અને જમીન - ઉત્તર ધરાવતા વિકલ્પ શોધ્યા છે ને ! શાબાશ !

હવે, નીચે આપેલા વિકલ્પોમાં કોઈ એક વિકલ્પ જાતિવાચક સંજ્ઞા નથી, કોઈ અન્ય સંજ્ઞા છે. મળશે ? શોધો તો...

(1) કોતરમાંથી ગોપાળબાપાએ આવીને શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ મહારાજને લીંબુ જેવડાં બોર ભેટ ધર્યાં.
(ક) કોતર (ખ) ગોપાળબાપા (ગ) લીંબુ (ઘ) બોર

(2) શામળિયાના શિર પર મોરમુગટ અને કાનમાં કુંડળ શોભે છે.
(ક) શામળિયો (ખ) શિર (ગ) કાન (ઘ) કુંડળ

(3) જો આગગાડીના ડબ્બામાં ઘણી બીડી ફૂંકાતી હોય તો ગાંધીજી તેના ધૂમાડાથી ગૂંગળામણ અનુભવતા.
(ક) આગગાડી (ખ) બીડી (ગ) ગાંધીજી (ઘ) ડબ્બો

(4) મહારાજ, અરજ તો એટલી જ છે કે શીંગોડા નદીનું આ કોતર મને યોગ્ય કિંમતે આપો.
(ક) કિંમત (ખ) નદી (ગ) કોતર (ઘ) શીંગોડા

(5) મહારાજ શ્રીમંત સયાજીરાવ આવા એક કોતરની ભેખડ ઉપર એક-બે અંગરક્ષકો સાથે ઊભા હતા.
(ક) સયાજીરાવ (ખ) કોતર (ગ) ભેખડ (ઘ) અંગરક્ષક

તમને ખબર પડી ગઈ ને, કે કયો વિકલ્પ જાતિવાચક સંજ્ઞા નથી ? ગોપાળબાપા, શામળિયો, ગાંધીજી, શીંગોડા અને સયાજીરાવ. બરાબર !

અરે, તમારો પરિચય મેળવવાનો તો રહી જ ગયો... ચાલો તો, નીચેના ફોર્મમાં તમારી વિગતો ભરી આપો.

(1) તમારું નામ : ..................................................

(2) તમારા પિતાજીનું નામ : ..................................................

(3) તમારી માતાનું નામ : ..................................................

(4) તમારો જન્મ કયા મહિનામાં થયો છે ? ..................................................

(5) તમારી શાળાનું નામ : ..................................................

(6) તમારા રહેઠાણનો વિસ્તાર : ..................................................

(7) તમારી શાળાનો વિસ્તાર : ..................................................

(8) તમારા ગામ-શહેરનું નામ : ..................................................

(9) તમારે પ્રવાસમાં જવાનું હોય તો ક્યાં જવાનું ગમે ? ..................................................

(10) તમારા ગામ - શહેર પાસે કોઈ નદી છે ? જો હા, તો નદીનું નામ : ..................................................

(11) તમારા ગામ - શહેર પાસે કોઈ પર્વત છે ? જો હા, તો પર્વતનું નામ : ..................................................

(12) તમારા ખાસ મિત્ર - બહેનપણીનું નામ : ..................................................

(13) તમારો પ્રિય તહેવાર : ..................................................

(14) તમારા પ્રિય નેતાનું નામ : ..................................................

(15) તમારા પ્રિય ખેલાડીનું નામ : ..................................................

તમને ખબર પડી ? તમે અહીં વ્યક્તિ, જગ્યા, તહેવાર વગેરેનાં જે નામ આપ્યાં, તે વ્યક્તિવાચક સંજ્ઞા કહેવાય !

નીચેનાં વાક્યોમાંથી વ્યક્તિવાચક સંજ્ઞા ઓળખી બાજુમાં આપેલી જગ્યામાં લખશો ?

(1) સાંજ સમે શામળિયો વહાલો, વૃંદાવનથી આવે. .........................., ..........................

(2) શીંગોડાના મારને જો કોઈક રીતે રોકીએ તો આમાં બનારસી લંગડો પાકે. ..........................

(3) એ મંદિર પેશ્વાસરકારે બંધાવ્યું છે. ..........................

(4) ઘણું દૂર ગયા રણછોડ, મને કેમ વીસરે રે ? ..........................

(5) ધોરાજીના પડખે, કોળીગુરુ માંડણભગત થઈ ગયા.......................... ..........................

જવાબ ખબર પડી ને ! શામળિયો, વૃંદાવન, શીંગોડા, પેશ્વાસરકાર, રણછોડ, ધોરાજી, માંડણભગત

નીચેનાં વાક્યોમાં, આપેલા વિકલ્પોમાંથી વ્યક્તિવાચક સંજ્ઞા ખબર પડી જ જશે !

(1) હાજી, સાંદીપનિ ઋષિને ઘેર, મને કેમ વીસરે રે ?

(ક) સાંદીપનિ (ખ) ઋષિ (ગ) ઘેર (ઘ) મને

(2) આ તુલસીશ્યામ જવા-આવવાનો ધોરીમાર્ગ છે.

(ક) આ (ખ) તુલસીશ્યામ (ગ) જવા-આવવાનો (ઘ) ધોરીમાર્ગ

(3) મારડમાં હું મગફળીના સોદા માટે ગયેલો.

(ક) હું (ખ) મગફળી (ગ) સોદો (ઘ) મારડ

(4) બધી માલમિલકત અને દીકરાની ભાળવણી ગોપાળદાસને કરતા ગયા છે.

(ક) માલમિલકત (ખ) દીકરો (ગ) ભાળવણ (ઘ) ગોપાળદાસ

(5) પછી દારિદ્ર ખોવા દાસનું, સોમદૃષ્ટિ શ્યામે કરી.

(ક) દારિદ્ર (ખ) દાસ (ગ) શ્યામ (ઘ) સોમદૃષ્ટિ

સાંદપનિ, તુલસીશ્યામ, મારડ, ગોપાળદાસ અને શ્યામ - ઉત્તર ધરાવતા વિકલ્પ પસંદ કર્યા છે ?

આપણે એક રમત રમીએ ? નીચે કેટલાંક વાક્યો છે. એમાં જાતિવાચક સંજ્ઞા નીચે રેખા દોરેલી છે. તમારે તેને સ્થાને (તમારા પાઠ અને કવિતા અનુસાર) વ્યક્તિવાચક નામ લખવાના છે. લખશો ને !

(1) <u>નદી</u>ના મારને રોકીએ તો મીઠાં ફળ પાકે. ..........................

(2) પછી <u>ગુરુજી</u> શોધવા નીસર્યા, તને સાંભરે રે ? ..........................

(3) આવી શાંત ક્ષમા <u>પિતાજી</u>ના સ્વભાવથી પ્રતિકૂળ હતી. ..........................

(4) <u>ભગવાન</u>ના મંદિર જઈ દર્શન કરી શાંત થઈ જવું તેવો ઠરાવ કર્યો. ..........................

(5) <u>ભગત</u> કૂતરાંને રોટલા નીરતા જાય. ..........................

તમે શીંગોડા, સાંદિપનિ, કરમચંદ ગાંધી, રામજી અને માંડણ ભગત - જવાબરૂપે લખ્યા હોય તો પાઠ્યક્રમ પ્રમાણે તમે સાચા જવાબ આપ્યા છે.

તમને વ્યક્તિવાચક સંજ્ઞા અને જાતિવાચક સંજ્ઞા ખબર છે. હવે તમે સમૂહવાચક સંજ્ઞાને ઓળખી શકો ? નીચે આપેલાં વાક્યોમાંથી સમૂહવાચક સંજ્ઞા શોધી તેને વર્તુળ કરી બાજુમાં ફરીથી લખો.

જેમકે, આગળ **ગોધન**, પાછળ સાજન, મનમાં મોહ ઉપજાવે. ગોધન (ગાયોનું ધણ)

(1) ત્રણ ભારા બાંધ્યા દોરડે, તને સાંભરે રે ? ..........................

(2) એક જ આદમીના પુણ્યે આ કોતરોને આંબા, જાંબુડા અને ચીકુનાં ઝુંડથી મહેકતાં કરી મૂક્યાં છે. ..........................

(3) બધા શિકારીઓ ગોરડની ઝાડીમાં દેખાતા બંધ થયા. ..........................

(4) મૂઠી નાખતાં પહેલાં સો ગળણે ગળીએ. ..........................

(5) તારામંડળમાં જેમ શશિયર શોભે, હેમે જડિંગ હીરો. ..........................

જવાબની ખાતરી કરવી છે ? ભારા, ઝુંડ, ઝાડી, મૂઠી, મંડળ (તારામંડળ).

જે નજરે ન દેખાય પણ અનુભવી શકાય તેને ભાવવાચક સંજ્ઞા કહે છે, તે તમે જાણો છો. નીચેનાં વાક્યોમાંથી

ભાવવાચક સંજ્ઞા શોધી શકશો ? તેની નીચે રેખા દોરજો. જેમકે,

અમારી પરાધીનતા અમને સાલવા લાગી.

**ઉત્તર :** અમારી <u>પરાધીનતા</u> અમને સાલવા લાગી.

(1) આગળ ગોધન, પાછળ સાજન, મનમાં મોહ ઉપજાવે.

(2) પણ અમને સંતોષ ન થયો.

(3) બીજાં બી ખાવાની હિંમત જ ન ચાલી.

(4) હાજી, નાનપણનો નેહ, મને કેમ વીસરે રે ?

(5) લીંબુ જેવડાં બોર જોઈને ગાયકવાડ સરકારને આશ્ચર્ય થયું.

જવાબો જાણવા છે ? મોહ, સંતોષ, હિંમત, નેહ (સ્નેહ), આશ્ચર્ય.

તમને ક્રિયાવાચક સંજ્ઞાનો ખ્યાલ આવ્યો છે ? આ સંજ્ઞા દ્વારા ક્રિયાની વાત થાય પણ તે ક્રિયાપદ ન હોય, સંજ્ઞા હોય. આપણે ઉદાહરણ જોયું હતું, યાદ છે ? 'લખવું' ક્રિયા કહેવાય, પણ 'લખવા' વિશે વાત કરવાની હોય તો આપણે 'લેખન' શબ્દ વાપરીએ છીએ. આ 'લેખન' ક્રિયાવાચક સંજ્ઞા કહેવાય. આપણી પાઠ્યકૃતિને આધારે આવી કેટલીક ક્રિયાવાચક સંજ્ઞા ઓળખીએ ?

(1) માગણી કર્યે તો વરસ ત્રણ થઈ ગયાં.

(2) શીંગોડાના મારને રોકીએ તો આમાં બનારસી લંગડો પાકે.

(3) બધી માલમિલકત અને દીકરાની ભાળવણી કરતા ગયા છે ગોપાળદાસને.

(4) તેમણે કોઈ દિવસ અમને એકેય ભાઈને તાડન કર્યું હોય તેવું મને સ્મરણ નથી.

(5) રામજીને મંદિર જઈ દર્શન કરી શાંત થઈ જવું.

ઉત્તર જોઈએ ? માગણી, માર, ભાળવણી, તાડન, સ્મરણ, દર્શન.

જોયું, તમને સંજ્ઞા અને સંજ્ઞાના પ્રકાર ખબર છે જ ને ! હવે તમારા બીજા પાઠ અને કવિતામાંથી સંજ્ઞા શોધી તેના પ્રકાર શોધશો ?

## વિશેષણ

મિત્રો, તમે વિશેષણ એટલે શું, તે ભણી ગયા છો. જે શબ્દ સંજ્ઞાના અર્થમાં વધારો કરે તેને 'વિશેષણ' કહે છે. જેમકે 'વાળ' સંજ્ઞાનો જે અર્થ છે તેમાં 'લાંબા, કાળા, સુંવાળા' આદિ શબ્દો દ્વારા અર્થમાં વધારો થાય છે. તેથી આવા શબ્દોને વિશેષણ કહે છે. જે સંજ્ઞાને વિશેષણ લાગ્યું હોય તે સંજ્ઞાને 'વિશેષ્ય' કહે છે. નીચેનાં વાક્ય વાંચો.

(1) આગગાડીના ડબ્બામાં બીડી ફૂંકાતી હતી.

(અ) આગગાડીના ડબ્બામાં <u>ઘણી બીડી</u> ફૂંકાતી હતી.

(2) શામળિયાએ શિર પર મોરમુગુટ ધારણ કર્યો હતો.

(અ) શામળિયાએ શિર પર <u>સુંદર મોરમુગુટ</u> ધારણ કર્યો હતો.

મિત્રો, ઉપરનાં વાક્યોમાં તમે જોઈ શકો છો કે જ્યારે વાક્ય. (1) 'બીડી' વાંચો છો ત્યારે તમારી નજર સામે જે ચિત્ર ઉપસે છે અને 'ઘણી બીડી' વાંચો છો ત્યારે તમારી નજર સામે જે ચિત્ર ઉપસે છે, તે બન્ને વચ્ચે ભેદ લાગે છે ? જ્યારે 'બીડી' સાથે 'ઘણી' શબ્દ ઉમેરાય છે ત્યારે ડબ્બામાં જુદી જુદી જગ્યાએ ઘણા બધા લોકો બીડી પીતા હોય તેવું ચિત્ર ઉપસે છે. અથવા વાક્ય (2)માં શામળિયા કૃષ્ણએ 'મોરમુગુટ' ધારણ કર્યો છે અને વાક્ય (2-અ)માં 'સુંદર મોરમુગુટ' ધારણ કર્યો છે - એ બે ચિત્ર પણ જુદા પડે છે.

હવે નીચેનાં વાક્ય વાંચો.

(3) બે ઊંચા છોકરાને મેદાનમાં મોકલો.

(4) સમૂહગીતમાં ભાગ લેનારે સફેદ કપડાં પહેરવાં.

આમાંથી 'ઊંચા' અને 'સફેદ' શબ્દ કાઢી નાંખીએ તો ? વાક્ય (3)માં 'કોઈ પણ બે છોકરા' નહીં, 'ઊંચા' બે છોકરા મોકલવાની સૂચના છે. અથવા વાક્ય 4 માં લાલ, લીલો, પીળો નહીં, માત્ર 'સફેદ' ડ્રેસ પહેરવાની સૂચના છે. એટલે કે 'ઊંચા' દ્વારા 'છોકરા'ની કે 'સફેદ' દ્વારા કપડાંના રંગની ચોકસાઈ કરવામાં આવી છે. આ રીતે શબ્દના અર્થમાં કોઈ વિશેષતા ઉમેરાય, સંજ્ઞાનો વધુ ચોક્કસ અર્થ દર્શાવવામાં મદદરૂપ બને તે શબ્દને 'વિશેષણ' કહેવાય છે.

તમે અહીં જોઈ શકો છો કે 'ઊંચું' દ્વારા કદ - ગુણ, 'સફેદ' દ્વારા રંગ કે 'બે' દ્વારા સંખ્યા દર્શાવાયાં છે. એટલે કે સંજ્ઞાના અર્થમાં ગુણ, આકાર, કદ, સંખ્યા આદિના અર્થ ઉમેરવા માટે વિશેષણ વપરાય છે.

વિશેષણના કાર્યને આધારે જ તેના પ્રકાર કરવામાં આવે છે, જે નીચે મુજબ છે.

- ગુણવાચક વિશેષણ : જે વિશેષણના સંજ્ઞાના આકાર, કદ રંગ, ગુણ, કાર્ય આદિના અર્થમાં વધારો કરે તેને ગુણવાચક વિશેષણ કહે છે. જેમકે, ગોળ ટેબલ, લાંબી બેન્ચ, સફેદ ટોપી, હોશિયાર છોકરો, કડક આચાર્ય વગેરે.
- સંખ્યાવાચક વિશેષણ :
  - ➲ પૂર્ણ સંખ્યાવાચક વિશેષણ : બે છોકરા, ચાર વર્ગો, અગિયાર છોકરા - વગેરે.
  - ➲ ક્રમિક સંખ્યાવાચક વિશેષણ : બીજો છોકરો, ચોથો વર્ગ વગેરે.
  - ➲ માત્રાસૂચક વિશેષણ : થોડું પાણી, તદ્દન મફત, ઘેરો રંગ વગેરે.
  - ➲ આશરેવાચી : લગભગ 50 વિદ્યાર્થીઓ, આશરે ચાર કલાક વગેરે.
- સંબંધવાચક વિશેષણ : આ વિશેષણ વિશિષ્ટ છે. નીચેનાં પદ જુઓ.
  - ➲ નદીનું કોતર
  - ➲ બીડીનું ઠૂંઠું
  - ➲ કાનનું કુંડળ

'નદી', 'બીડી' કે 'કાન' ખરેખર તો તેઓ સંજ્ઞા જ છે. પણ અહીં તે 'કોતર', 'ઠૂંઠું' કે 'કુંડળ' સંજ્ઞા-વિશેષ્ય (સંજ્ઞા)ના વિશેષણ તરીકે વપરાયા છે. આવા વિશેષણને સંબંધવાચક વિશેષણ કહે છે.

- ➲ સંબંધવાચક વિશેષણ ખરેખર સંજ્ઞા હોય છે.
- ➲ તે અન્ય સંજ્ઞા - વિશેષ્ય સાથે '-નો', '-ની', '-નું', '-ના', '-નાં' દ્વારા જોડાય છે.
- ➲ વળી, આ વિશેષણ પોતે સંજ્ઞા હોવાથી પોતાનું જુદું વિશેષણ લઈ શકે. એટલે કે આમાં તો વિશેષણની હાર લાગી શકે. જેમકે,

સોનાના કડાના કકડાની ચોરી (સોનાનું કડું, કડાનો કકડો, કકડાની ચોરી)

નીચેનાં વાક્યોમાં સંબંધવાચક વિશેષણ છે. તે જોવાથી આ વિશેષણનો પ્રયોગ વધુ સ્પષ્ટ થશે.

- ➲ <u>વહાલાજીનું રૂપ</u> રૂદેમાં વસિયું, મનડું તે ધસિયું મારું.
- ➲ મેં ધ્રૂજતે હાથે ચિઠ્ઠી <u>પિતાજીના હાથમાં</u> મૂકી.
- ➲ તેઓ ખાટલાને બદલે <u>લાકડાની પાટ</u> વાપરતા.
- ➲ <u>સુખદુઃખની</u> કરતા <u>વાત,</u> મને કેમ વીસરે રે ?
- ➲ <u>પડખેનાં ગીરનાં જંગલ</u>માંથી દીપડો આવ્યાના વાવડ હતા.

- સાર્વનામિક વિશેષણ : મારું, તારું, તેનું, તેમનું આદિ સાર્વનામિક વિશેષણ છે. 'સર્વનામ'ની વાત કરતી વખતે આ વિશેષણને વિગતે સમજીશું.
- વિશેષણ વિકારી કે અવિકારી હોય છે.
- વિકારી વિશેષણ : સંજ્ઞાના લિંગ-વચન અનુસાર જે વિશેષણનું રૂપ બદલાય તે વિકારી વિશેષણ. દા.ત. 'ઉઘાડું'.

  ➲ 'ઉઘાડી થાળી' ('થાળી' ⟶ સ્ત્રીલિંગ)

  ➲ 'ઉઘાડો ખોરાક' ('ખોરાક ⟶ પુલ્લિંગ)

  ➲ 'ઉઘાડું બારણું' (બારણું ⟶ નપુંસકલિંગ)

  ➲ 'ઉઘાડાં બારણાં' (બારણાં ⟶ નપુંસકલિંગ, બહુવચન)

  નાનું, મોટું, ખુલ્લું, સારું, આખું, અડધું, સાજું, માંદું વગેરે વિકારી વિશેષણ છે.
- અવિકારી વિશેષણ : સંજ્ઞાના લિંગ-વચન કોઈ પણ હોય, પરંતુ તે અનુસાર જે વિશેષણનું રૂપ ન બદલાય, યથાવત્ રહે તેને અવિકારી વિશેષણ કહે છે. જેમકે, 'ચાલાક'

  ➲ ચાલાક ચોર ('ચોર' - પુલ્લિંગ)

  ➲ ચાલાક શિયાળ ('શિયાળ' - નપુંસકલિંગ)

  ➲ ચાલાક વિદ્યાર્થીઓ ('વિદ્યાર્થીઓ' - પુલ્લિંગ બહુવચન)

  હોશિયાર, સુંદર, મૂર્ખ, પ્રામાણિક, બંધ, વાસી, ખરાબ આદિ અવિકારી વિશેષણ છે.

તમને વિશેષણના આ પ્રકારો ખ્યાલમાં આવ્યા ? નીચેના કોઠા પર નજર ફેરવવાથી આ પ્રકારો વધુ સ્પષ્ટ થઈ જશે.

| **પ્રકાર** | | **કાર્ય** | **ઉદાહરણ** |
|---|---|---|---|
| અર્થગત પ્રકાર | ગુણવાચક વિશેષણ | વિશેષ્ય (સંજ્ઞા)ના આકાર, કદ, રંગ ગુણ, કાર્ય આદિનો નિર્દેશ | ગોળ, મોટું, કાળું, ચાલાક, શુભકારી આદિ |
| | સંખ્યાવાચક વિશેષણ | સંખ્યાવાચક | એક, બે, ત્રણ |
| | | ક્રમિક સંખ્યાવાચક | પહેલું, બીજું, ત્રીજું |
| | | માત્રાસૂચક | ખૂબ, તદ્દન, અત્યંત, થોડું |
| | | આશરેવાચી | આશરે, લગભગ, (આશરે સંખ્યા - બારેક, પચાસે(ક) |
| | સર્વનામ | પુરુષવાચ, સમયવાચક... વગેરે | મારું, તેમનું, કોનું, ક્યારનું... |
| | સંબંધવાચક | સંજ્ઞા + -નો, -ની, -નું, -ના, -નાં... | કારની ઝડપ, બારણાનો રંગ. |
| રચનાગત પ્રકાર | વિકારી | વિશેષ્યના લિંગ-વચન અનુસાર બદલાય | કાળી સાડી, કાળા વાળ મોટો છોકરો, મોટું મકાન |
| | અવિકારી | વિશેષ્ય (સંજ્ઞા)ના લિંગ-વચન અનુસાર ન બદલાય | સફેદ સાડી, સફેદ વાળ ત્રણ છોકરા, ત્રણ મકાન |

તો હવે, નીચેનાં વાક્યોમાંથી વિશેષણ શોધશો ? વિશેષણ શોધો અને તેને વર્તુળ કરો.

(1) મોરમુગુટ શિર સુંદર ધરિયો, કાને કુંડળ લહેકે.

(2) પાછલી રાતના જાગતા, તને સાંભરે રે ?

(3) પણ આજે હું એને શુદ્ધ અહિંસાને નામે ઓળખી શકું છું.

(4) તેમણે પચીસેક રૂપિયાનું નાનું કરજ કર્યું હતું.

(5) આગગાડીના ડબ્બામાં ઘણી બીડીઓ ફૂંકાતી હતી.

શોધ્યાં વિશેષણ ? સુંદર, પાછલી, શુદ્ધ, પચીસેક (પચીસેક રૂપિયા), રૂપિયાનું (રૂપિયાનું કરજ), નાનું, ઘણી. બરાબર ને ?

નીચે કેટલાંક એવાં વાક્યો છે, જેમાં એકથી વધુ વિશેષણ છે. વાક્યો સાથે આપેલા વિકલ્પોમાં ત્રણ વિકલ્પ વિશેષણ છે અને એક વિકલ્પ વિશેષણ નથી. જે વિકલ્પ વિશેષણ નથી, તે જણાવો.

(ક) તેમણે આટલી અપાર શાંતિ જાળવી તેનું કારણ દોષની નિખાલસ કબૂલાત હતી.

(1) કારણ (2) આટલી (3) અપાર (4) નિખાલસ

(ખ) એમણે કોતરને છેડે મથાળા પર ઉભેલ પેશ્વા સરકારે બંધાવેલું, જૂનવાણી શિલ્પના નમૂના જેવું, જીર્ણ, અપૂજ રહેતું શિવાલય બતાવ્યું.

(1) જૂનવાણી (2) શિવાલય (3) અપૂજ (4) જીર્ણ

(ગ) બીડી પીવી એ જંગલી, ગંદી અને હાનિકારક ટેવ છે.

(1) જંગલી (2) ગંદી (3) હાનિકારક (4) બીડી

(ઘ) મારા ભાઈના હાથમાં સોનાનું મોટું નક્કર કડું હતું.

(1) મારા (2) મોટું (3) નક્કર (4) કડું

કયા વિકલ્પો વિશેષણ નથી ? ધ્યાનથી વિકલ્પો જોયા ? કારણ, શિવાલય, બીડી અને કડું - વિકલ્પો વિશેષણ નથી.

સંખ્યાવાચક વિશેષણ ઓળખવા તો સાવ સહેલા છે. નીચેના વાક્યમાંથી શોધો સંખ્યાવાચક વિશેષણ...

(1) આપણ બે મહિના પાસે રહ્યા, તને સાંભરે રે ?

(2) છતાં બે-ચાર બી ખાધાં

(3) મળી જમતા ત્રણે ભાત, મને કેમ વીસરે રે ?

(4) મૂડી નાંખતા પહેલાં સો ગળણે ગળીએ.

(5) હાજી, આવ્યા બારે મેહ, મને કેમ વીસરે રે ?

જવાબ આપવાની જરૂર છે ? બે, બે-ચાર, ત્રણે, સો, બારે... ઉપરનાં વાક્યોમાં પ્રયોજાયેલા સંખ્યાવાચક વિશેષણ છે.

એક રમત રમીએ ? નીચે કેટલાંક વાક્યોમાં ખાલી જગ્યા છે, વાક્યને અંતે કૌંસમાં વિશેષણ આપ્યાં છે.

કૌંસમાં આપેલાં વિશેષણથી વિરોધી વિશેષણથી વાક્યની ખાલી જગ્યા પૂરવાની. બરાબર ? ઉદાહરણ જોઈએ ?

ઉદાહરણ : વાક્ય : એમાં આ તો........ ધન. (પોતાનું)

ઉત્તર : એમાં આ તો પારકું ધન.

સમજાઈ ગયું ? તો પૂરો નીચેની ખાલી જગ્યા.

(1) હાજી, .................. નો નેહ, મને કેમ વીસરે રે ? (મોટપણા)

(2) આવી શાંત ક્ષમા પિતાજીના સ્વભાવથી .............. હતી. (અનુકૂળ)

(3) ................... શરીર થાયે ઘણું, તને સાંભરે રે ? (ઉષ્ણ)

(4) મારા ભાઈના હાથે સોનાનું .................... કડું હતું. (પોલું)

(5) હું દરવાજા પાસેની .................... ધર્મશાળામાં ઉતરેલો. (નાની)

ઉત્તર મળ્યા ? ખાતરી કરીએ ? (1) નાનપણા (2) પ્રતિકૂળ (3) શીતળ (4) નક્કર (5) મોટી.

હવે, પ્રકાર જોઈએ ? નીચેનાં વાક્યોના અધોરેખિત વિશેષણનો પ્રકાર જણાવતો વિકલ્પ પસંદ કરો.

(1) વહાલાજીનું રૂપ <u>મહાશુભકારી</u>, રસિયા વિણ કેમ રહીએ ?

(ક) માત્રાસૂચક (ખ) ગુણવાચક (ગ) સંબંધવાચક (ઘ) સંખ્યાવાચક

(2) <u>ત્રણ</u> ભારા બાંધ્યા દોરડે, તને સાંભરે રે ?

(ક) માત્રાસૂચક (ખ) ગુણવાચક (ગ) સંબંધવાચક (ઘ) સંખ્યાવાચક

(3) <u>આપઘાતની વાત</u> ભૂલી જવી એવો ઠરાવ કર્યો.

(ક) માત્રાસૂચક (ખ) ગુણવાચક (ગ) સંબંધવાચક (ઘ) સંખ્યાવાચક

(4) <u>શીતળ</u> થાય શરીર ઘણું, તને સાંભરે રે ?

(ક) માત્રાસૂચક (ખ) ગુણવાચક (ગ) સંબંધવાચક (ઘ) સંખ્યાવાચક

પ્રકારો સ્પષ્ટ થયા છે ને ? જવાબ મેળવી લઈએ...

| ક્રમ | વિશેષણ | પ્રકાર |
|---|---|---|
| (1) | મહાશુભકારી | ગુણવાચક |
| (2) | ત્રણ | સંખ્યાવાચક |
| (3) | આપઘાતની વાત | સંબંધવાચક |
| (4) | શીતળ | ગુણવાચક |
| (5) | થોડાક | માત્રાસૂચક |

વિશેષણના અર્થગત પ્રકાર તો સમજાઈ ગયા છે. રચનાગત પ્રકાર પણ જોઈ લઈએ. નીચેનાં વાક્યોમાં ખાલી જગ્યા આપેલી છે. વાક્યને અંતે કૌંસમાં વિકારી વિશેષણનું મૂળરૂપ આપેલું છે. તમારે વિશેષ્યને યોગ્ય રૂપ વાપરી ખાલી જગ્યા પૂરવાની છે. ઉદાહરણ જોઈએ ?

**ઉદાહરણ :** વાક્ય : મેં ચિઠ્ઠીમાં ............... દોષ કબૂલ કર્યો ને સજા માંગી. (બધું)

**ઉત્તર :** મેં ચિઠ્ઠીમાં બધો દોષ કબૂલ કર્યો ને સજા માંગી.

સમજાઈ ગયું ? હવે વિકારી વિશેષણના યોગ્ય રૂપથી નીચેની ખાલી જગ્યા પૂરો.

(ક) ગોપાળબાપાએ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ મહારાજને લીંબુ જેવડાં ............ બોર ભેટ ધર્યાં. (મોટું)

(ખ) બીડી પીવાની ટેવ એટલે ................ અને હાનિકારક ટેવ. (ગંદું)

(ગ) ભગતના પડખામાં ................. ગીંગોડો ચડી ગયેલો. (જાડું)

(ઘ) સાંજ સમે શામળિયો ................. વૃંદાવનથી આવે. (વહાલું)

તમે જોયું ? 'દોષ' શબ્દ પુલ્લિંગ છે, તો 'બધું'ને બદલે 'બધો' શબ્દથી ખાલી જગ્યા પૂરી હતી. એ જ રીતે બાકીની ખાલી જગ્યાના જવાબ જોઈએ-

| ક્રમ | વિશેષણનું મૂળરૂપ | વિશેષ્ય-સંજ્ઞા | વિશેષ્યની વ્યાકરણી માહિતી | ઉત્તર |
|---|---|---|---|---|
| ક. | મોટું | બોર | (ધર્યાં) - નપું. બહુવચન | મોટાં |
| ખ. | ગંદું | ટેવ | સ્રીલિંગ, એકવચન | ગંદી |
| ગ. | જાડું | ગીંગોડો | પુલ્લિંગ એકવચન | જાડો |
| ઘ. | વહાલું | શામળિયો | પુલ્લિંગ, એકવચન | વહાલો |

હવે તમને બરાબર ખ્યાલ આવી ગયો હશે કે વિકારી વિશેષણના લિંગ-વચન તેના વિશેષ્ય (સંજ્ઞા)ના લિંગવચન અનુસાર રહેશે. સાથોસાથ એ પણ ખ્યાલ આવ્યો હશે કે સામાન્ય રીતે પહેલાં વિશેષણ આવે પછી વિશેષ્ય (સંજ્ઞા) આવે. (પદ્યમાં કવિ શબ્દના ક્રમને બદલતો હોય છે. જેમકે 'શામળિયો વહાલો')

નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. વાક્યમાં પ્રયોજી શકાય તેવું વિશેષણ વાક્યને અંતે આપ્યું છે. તમારે જણાવવાનું છે કે એ વિશેષણનું વિશેષ્ય (સંજ્ઞા) શું હોઈ શકે ?

**ઉદાહરણ :** વાક્ય : મારા ભાઈના હાથે સોનાનું કડું હતું.
વિશેષણ : નક્કર
**ઉત્તર :** કડું - નક્કર કડું

(1) તેમણે આટલી શાંતિ જાળવી તેનું કારણ દોષની કબૂલાત હતી.
વિશેષણ : નિખાલસ

(2) અરજ તો એટલી જ છે કે આ કોતર મને કિંમતે આપો.
વિશેષણ : યોગ્ય

(3) એમણે કોતરને છેડે મથાળા ઉપર ઉભેલું એક શિવાલય બતાવ્યું.
વિશેષણ : જીર્ણ

(4) બીડીનો આટલો શોખ દુનિયામાં કેમ છે એ સમજવાની શક્તિ હું કદી મેળવી શક્યો નથી.
વિશેષણ : જબરદસ્ત

વિશેષણ - વિશેષ્ય (સંજ્ઞા) સમજાય છે ? ઉત્તર જોઈને ખાતરી કરીએ ?

(1) દોષ - નિખાલસ દોષ
(2) કિંમત - યોગ્ય કિંમત
(3) શિવાલય - જીર્ણ શિવાલય
(4) શોખ - જબરદસ્ત શોખ.

તો, હવે 'વિશેષણ' સ્પષ્ટ છે ને ?

## સર્વનામ

વાતચીતમાં કે વર્ણનમાં એક વાર 'નામ' કે 'સંજ્ઞા' પ્રયોજાય પછી વારંવાર એ 'સંજ્ઞા'નો પ્રયોગ અર્થગ્રહણમાં બાધક બને છે. તેથી એ 'નામ'ને સ્થાને જે પ્રયોજાય છે તેને 'સર્વનામ' કહે છે. આપણે એક નમૂનો જોઈએ-

એક વાર ગટુ, બટુ અને મનુ નામે ત્રણ યુવાનો જ્ઞાનની શોધમાં નીકળી પડ્યા. રસ્તામાં ગટુ કહે, 'ગટુને બહુ જ ભૂખ લાગી છે.' બટુ કહે, 'હા, બટુને પણ...' મટુ કહે, 'મટુને પણ... પરંતુ ગટુ, બટુ અને મનુ પાસે ફક્ત એક જ રોટલો વધ્યો છે. તેનાથી ગટુ, બટુ અને મનુની ભૂખ નહીં સંતોષાય. ગટુ અથવા બટુ અથવા મટુ ખાય તો ગટુ અથવા બટુ અથવા મટુની ભૂખ થોડી સંતોષાય.' ગટુએ પૂછ્યું, 'પણ ગટુ, બટુ અને મટુમાંથી કોને આ રોટલો મળશે, તે કેવી રીતે નક્કી કરવું ?'

... સમજાય છે કાંઈ ? વાંચતા તકલીફ પડે છે ? સમજાય છે, પણ બીજી વાર વાંચ્યા પછી. કારણ કે પ્રયોજાયેલા નામને વારંવાર પ્રયોજવું અર્થને સમજવામાં નડે છે. આ જ ફકરો ખરેખર આ રીતે કહેવાય તો તરત સમજાય.

એક વાર ગટુ, બટુ અને મનુ નામે ત્રણ યુવાનો જ્ઞાનની શોધમાં નીકળી પડ્યા. રસ્તામાં ગટુ કહે, 'મને બહુ જ ભૂખ લાગી છે.' બટુ કહે, 'હા, મને પણ...' મટુ કહે, 'મને પણ... પરંતુ આપણી પાસે ફક્ત એક જ રોટલો વધ્યો છે. તેનાથી આપણા સૌની ભૂખ નહીં સંતોષાય. કોઈ એક જ ખાય તો તેની ભૂખ થોડી સંતોષાય.' ગટુએ પૂછ્યું, 'પણ આપણામાંથી કોને આ રોટલો મળશે, તે કેવી રીતે નક્કી કરવું ?'

સમજવામાં સરળ થઈ ગયું - નામ અને સર્વનામના યોગ્ય ઉપયોગને કારણે.

અહીં બીજી એક બાબત પણ ધ્યાનમાં લેવા જેવી છે. આ ફકરામાં 'મને' શબ્દ કેટલી વાર પ્રયોજાયો છે? અને કોના માટે ? તમે વાંચ્યું હશે કે 'મને' શબ્દ ત્રણ વાર પ્રયોજાયો છે. ગટુ બોલે છે ત્યારે ગટુ પોતાના માટે

'મને' શબ્દ વાપરે છે, બટુ બોલે છે ત્યારે બટુ પોતાના માટે 'મને' શબ્દ વાપરે છે. અને મટુ બોલે છે ત્યારે મટુ પોતાના માટે 'મને' શબ્દ વાપરે છે. અર્થાત્, ગટુ બટુ, મટુ કે અન્ય કોઈ પણ 'બોલનાર' જ્યારે પોતાની વાત કરે ત્યારે 'મને' પ્રયોજી શકાય. એટલે કે 'સર્વ માટે વાપરી શકાય તેવું નામ એટલે સર્વનામ.'

તમે સર્વનામ વિશે પહેલા અભ્યાસ કરી ચૂક્યા છો. તેથી તેના વિવિધ પ્રકારો વિશે માત્ર નીચેના કોઠા પર નજર નાખીએ અને યાદ કરી લઈએ,

| પ્રકાર | સર્વનામ | | | પ્રશ્નાર્થક | સાપેક્ષ | અનિશ્ચિત | સાર્વનામિક વિશેષણ | પ્રશ્નાર્થક વિશેષણ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | એકવચન | બહુવચન | | | | | |
| પુરુષવાચક સર્વનામ | પ્રથમ પુરુષ (બોલનાર) | હું - મેં | અમે, આપણું | | | | | |
| | બીજો પુરુષ (સાંભળનાર) | તું-તેં | તમે | કોણ | જે... તે... | કોઈ | કોઈનું | કોનું |
| | ત્રીજો પુરુષ (અન્ય- ચેતન, અચેતન) | તે | તેઓ | કોણ (ચેતન) શું, કાંઈ (અચેતન) | | કોઈ, કાંઈ, કશું | કશાકનું | શેનું |
| સ્વવાચક | જાતે, પોતે, પંડે | | | | | | | |
| દર્શક સર્વનામ | ચેતન | આ (નજીકનું) | એ, તે, પેલું (દૂરનું) | | | | આનું, જેનું, તેનું | |
| | અચેતન | | | | | | | |
| સ્થાનવાચક | અહીં (નજીકનું), ત્યાં (દૂરનું) | | | ક્યાં | જ્યાં... ત્યાં.. | ક્યાંક | અહીંનું ત્યાંનું | ક્યાંનું |
| સમયવાચક | અત્યારે, હાલમાં, હમણાં (વર્તમાન) | | | ક્યારે | જ્યારે... ત્યારે... | ક્યારેક | જ્યારનું, ત્યારનું | ક્યારનું |
| રીતવાચક | આમ | | | કેમ, કેવી રીતે | જેમ... તેમ... | | | |
| જથ્થાવાચક | આટલું | | | કેટલું | જેટલું... તેટલું | કેટલુંક | જેટલાનું... તેટલાનું | કેટલાનું |
| માપવાચક | એવડું | | | કેવડું | જેવડું..તેવડું | | | |
| સરખામણી | આવું, એવું | | | કેવું | જેવું...તેવું | | | |
| કારણ | | | | કેમ, શા માટે, શીદ | | | | |
| સંબંધ | | | | કોનું, શેનું | | | | |

તો હવે સર્વનામ ઓળખી શકો ને ? નીચેનાં વાક્યોમાંથી સર્વનામ ઓળખો અને તેને વર્તુળ કરો. એક વાક્યમાં એકથી વધારે સર્વનામ હોઈ શકે. ધ્યાનથી વાંચજો.

(1) હું પણ રડ્યો.

(2) પિતાજી પોતે મને મારશે એવો ભય તો ન જ હતો.

(3) કહ્યું સ્ત્રીને, તેં કીધો કેર, મને કેમ વીસરે રે ?

(4) બીડી પીવાની ટેવ જંગલી, ગંદી અને હાનિકારક છે, એમ મેં સદાય માન્યું છે.

(5) પે...લું મંદિર જોયું ?

સર્વનામ ખબર પડી ? હું, પોતે, મને, તેં, મને, મેં અને પેલું - ને વર્તુળ કર્યું ?

હવે તમે સર્વનામ ઓળખી શકો છો, બરાબર ? તો નીચે વાક્યો સાથે વિકલ્પો આપ્યાં છે. ચારમાંથી ત્રણ વિકલ્પ સર્વનામ છે, એક વિકલ્પ સંજ્ઞા - નામ છે. તે વિકલ્પ શોધો.

(1) તેમણે કોઈ દિવસ અમને એકે ભાઈને તાડન કર્યું હોય એવું મને સ્મરણ નથી.

(ક) તેમણે (ખ) કોઈ (ગ) દિવસ (ઘ) અમને

(2) પણ એને સંઘરવી ક્યાં એ અમારા માટે સવાલ થઈ પડ્યો.

(ક) એને (ખ) ક્યાં (ગ) એ (ઘ) સવાલ

(3) મેં ધ્રૂજતે હાથે આ ચિઠ્ઠી તેમના હાથમાં મૂકી.

(ક) તેમના (ખ) ચિઠ્ઠી (ગ) આ (ઘ) મેં

(4) એમ તો અમે ને તમે, સૌ મૂરતિયું જ છે ને !

(ક) અમે (ખ) તમે (ગ) સૌ (ઘ) મૂરતિયું

(5) પિતાજી પોતે અમને મારશે, તેવો ભય મને તો ન જ હતો.

(ક) પિતાજી (ખ) પોતે (ગ) અમને (ઘ) મને

સર્વનામ ન હોય તેવા વિકલ્પ - (ગ) દિવસ, (ઘ) સવાલ, (ખ) ચિઠ્ઠી, (ઘ) મૂરતિયું, (ક) પિતાજી - બરાબર શોધ્યા હતા ને ?

તમે સર્વનામને બદલે વિશેષ નામ મૂકી શકો ? નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તમારી પાઠ્યકૃતિમાંથી જ લેવાયેલાં વાક્યો છે. તો ધ્યાનથી વાક્યો વાંચો અને અધોરેખિત સર્વનામને સ્થાને નામ મૂકો.

(1) હવે પછી ચોરી ન જ કરવાનો મેં નિશ્ચય કર્યો

(2) તેમને ભગંદરનું દરદ તો હતું જ.

(3) તમો પાસ અમો વિદ્યા શીખતા, તને સાંભરે રે ?

(4) મારડમાં હું મગફળીના સોદા માટે ગયેલો.

(5) એને વળી બીજે ખાજ લેવા જાવું પડશે ને ?

મદદની જરૂર છે ? જવાબ નીચે મુજબ છે.

| વાક્ય | સર્વનામ | નામ |
|---|---|---|
| (1) | મેં | ગાંધીજી |
| (2) | તેમને | કરમચંદ ગાંધી |
| (3) | તમો | સુદામા |
| | અમો | કૃષ્ણ |
| | તને | સુદામા |
| (4) | હું | ગોપાળદાસ |
| (5) | એને | ગીંગોડો |

ઉપર પુરુષવાચક સર્વનામની વાત કરી હતી. યાદ છે ને ! નીચેનાં વાક્યોમાંથી પુરુષવાચક સર્વનામ શોધી શકો ?

શોધો અને તેને જુદા તારવો. એક વાક્યમાં એકથી વધારે પુરુષવાચક સર્વનામ હોઈ શકે. અને હા, અન્ય કોઈ સર્વનામ હોય તો તેને જુદા ન તારવશો. માત્ર પુરુષવાચક સર્વનામ જ... બરાબર ?

(1) એમણે ધારી ધારીને બોલનારને જોયો.

(2) આપણ સૂતા એક સાથરે રે, તને સાંભરે રે ?

(3) બીડી પીવાની ટેવ જંગલી, ગંદી ને હાનિકારક છે એમ મેં સદાયે માન્યું છે.

(4) પણ તમે કંઈક ચમત્કાર જોયો હશે.

(5) તેઓ ખાટલાવશ હતા.

વાક્યો ધ્યાનથી વાંચ્યા ને ! પુરુષવાચક સર્વનામ તારવ્યા ? એમણે, આપણ, તને, મેં, તમે, તેઓ... બરાબર ? 'કંઈક' નથી તારવ્યું ને ? એ પુરુષવાચક સર્વનામ નથી.

પ્રશ્નાર્થક સર્વનામ તો ઓળખવા સહેલા છે. નીચેનાં વાક્યોમાંથી પ્રશ્નાર્થક સર્વનામ ઓળખી શકો ને !

(1) વહાલાજીનું રૂપ મહાશુભકારી, રસિયા વિણ કેમ રહીએ ?

(2) મરીને શો લાભ ?

(3) મહારાજે દૂરબીન બાજુ પર મૂકી પૂછ્યું, 'શું છે ?'

(4) તે આભપરાનો છાંયો મૂકીને અહીં શા સારું જમીન માંગો છો ?

(5) શેઠ છો, શેનો વેપાર કરો છો ?

મળ્યા પ્રશ્નાર્થક સર્વનામ ? કેમ, શો, શું, શા, શેનો - બરાબર છે.

અનિશ્ચિત સર્વનામ ઓળખવા પણ ખૂબ સહેલા છે. નીચેનાં વાક્યો વાંચો અને અનિશ્ચિત સર્વનામ જુદા તારવો.

(1) શીંગોડાના મારને કોઈક રીતે રોકીએ તો આમાં બનારસી લંગડો પાકે.

(2) જ્યારે કોઈ આપઘાત કરવાની ધમકી આપે છે ત્યારે તેની મારા પર બહુ ઓછી અસર થાય છે.

(3) એ ગામમાં ખાસ હું કોઈને ઓળખું નહીં.

(4) જાણે તેમના મનમાં કંઈક ઉતર્યું.

(5) ત્યાં કોતરમાંથી એક ખેડૂ માણસે આવીને પ્રણામ કરીને કંઈ ભેટ ધરી.

આ વાક્યોમાંથી તમે 'હું, તેમના, મારા' વગેરે સર્વનામ નથી તારવ્યા ને ? તો બરાબર. કારણ કે તમારે માત્ર 'અનિશ્ચિત' સર્વનામ જ તારવવાના હતા. સાથે જોઈ લઈએ ? - કોઈક, કોઈ, કોઈને, કંઈક, કંઈ. બરાબર !

થોડી વધારે મહેનત કરી શકીએ ? આપણે પહેલાં સર્વનામના પ્રકાર જોયા હતા. તેના પર એકવાર ફરીથી નજર ફેરવી લો. હવે, નીચેનાં વાક્યોમાં અધોરેખિત સર્વનામનો પ્રકાર જણાવો.

(1) પિતાજી પોતે મને મારશે એવો ભય તો ન જ હતો.

(ક) સ્થળવાચક (ખ) દર્શક સર્વનામ (ગ) પુરુષવાચક સર્વનામ (ઘ) સ્વવાચક

(2) આપણ સૂતા એક સાથરે, તને સાંભરે રે ?

(ક) સમયવાચક (ખ) અનિશ્ચિત સર્વનામ (ગ) પુરુષવાચક સર્વનામ (ઘ) દર્શક સર્વનામ

(3) એ મંદિર અપૂજ રહે છે.

(ક) અનિશ્ચિત સર્વનામ (ખ) દર્શક સર્વનામ (ગ) પુરુષવાચક સર્વનામ (ઘ) સ્થળવાચક

(4) પણ ત્યાંય મૂર્તિને નામે આશરો સૌને મળે તેમ કરજો.

(ક) સ્થળવાચક (ખ) દર્શક સર્વનામ (ગ) પુરુષવાચક સર્વનામ (ઘ) દર્શક સર્વનામ

(5) ત્યારે કામ કહ્યું ગોરાણીએ, તને સાંભરે રે ?

(ક) સમયવાચક (ખ) અનિશ્ચિત સર્વનામ (ગ) પુરુષવાચક સર્વનામ (ઘ) સ્વવાચક

જવાબ જોઈએ ?

| વાક્ય | સર્વનામ | પ્રકાર |
|---|---|---|
| (1) | પોતે | સ્વવાચક સર્વનામ |
| (2) | આપણ | પુરુષવાચક સર્વનામ |
| (3) | એ | દર્શક સર્વનામ |
| (4) | ત્યાં | સ્થળવાચક સર્વનામ |
| (5) | ત્યારે | સમયવાચક સર્વનામ |

સર્વનામ તો ઓળખી શકો છો. પણ જેમ નામ - સંજ્ઞા પરથી વિશેષણ સાધી શકાય છે, તેમ સર્વનામ પરથી પણ વિશેષણ સાધી શકાય છે. જેમકે, 'રમેશની ચોપડી', હવે જો 'રમેશ'ને બદલે 'હું' વાપરીએ તો ? 'મારી ચોપડી.' બરાબર ? અન્ય રૂપો જોવા છે ?

| | એકવચન | | બહુવચન | |
|---|---|---|---|---|
| | સર્વનામ | સાર્વનામિક વિશેષણ | સર્વનામ | સાર્વનામિક વિશેષણ |
| પ્રથમ પુરુષ | હું - મેં | મારું | અમે, આપણે | અમારું, આપણું |
| બીજો પુરુષ | તું - તેં | તારું | તમે | તમારું |
| ત્રીજો પુરુષ | તે | તેનું | તેઓ | તેમનું, તેઓનું |

સાર્વનામિક વિશેષણ વિકારી વિશેષણ છે. એટલે કે સંજ્ઞા - નામ અનુસાર તે લિંગ-વચન લે છે. જેમકે,

(તેઓ-) તેમનું - તેમનું ઘર (નપું. લિંગ), તેમની પરીક્ષા (સ્ત્રી.), તેમનો વર્ગ (પું.)

હવે, નીચેનાં વાક્યોમાં પ્રયોજાયેલાં સાર્વનામિક વિશેષણ ઓળખી શકો ?

**ઉદાહરણ :** વાક્ય : આ મારી બોરડીનાં બોર છે.

સાર્વનામિક વિશેષણ : મારી.

(1) હું તેમની પાટની સામે બેઠો.

(2) અમારી પરાધીનતા અમને સાલવા લાગી.

(3) વહાલાજીનું રૂપ રૂદેમાં વસિયું, મનડું તે ધસિયું મારું.

(4) આ તમારી પડખેના દીપડા ન રંજાડે તો યે ઘણું.

(5) ટાઢે ધ્રુજે આપણી દેહ, મને કેમ વીસરે રે ?

આ વાક્યોમાં તેમની, અમારી, મારું, તમારી, આપણી-સાર્વનામિક વિશેષણ છે. ઓળખી શક્યા હતા ને! તો હવે, તમારા માટે 'સર્વનામ' પણ સ્પષ્ટ છે.

| 5 | ગુર્જરીના ગૃહ કુંજે |
|---|---|

# 5 ગુર્જરીના ગૃહ કુંજે

સુન્દરમ્
(જન્મ : 22-3-1908, અવસાન : 13-10-1991)

ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર, 'સુંદરમ્'. ભરૂચ પાસેનું મિયામાતર ગામ તેમનું વતન છે. પોંડિચેરીના શ્રી અરવિંદ આશ્રમમાં નિવાસ કર્યા પછી પૂર્ણયોગના સાધક તરીકે જીવન વિતાવ્યું હતું. ગુજરાતી ભાષાના ઉત્તમ કવિઓમાં સુંદરમ્‌નું આદરભર્યું સ્થાન છે. 'કોયા ભગતની કડવીવાણી', 'કાવ્યમંગલા', 'વસુધા', 'યાત્રા', 'વરદા' વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. તેમની આરંભની કવિતામાં વાસ્તવ દર્શન અને ગાંધીયુગીન ભાવનાઓ પ્રગટ થાય છે, તો ઉત્તરકાલીન કવિતામાં શ્રી અરવિંદનો પ્રભાવ વરતાય છે. કવિતા ઉપરાંત નવલિકા, નાટક, નિબંધ, પ્રવાસ, વિવેચન વગેરે ક્ષેત્રે તેમનું નોંધપાત્ર પ્રદાન છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક તથા દિલ્લી સાહિત્ય અકાદમી પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવેલા છે.

'ગુર્જરીના ગૃહ કુંજે' કાવ્ય 'વસુધા' સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે. આ કાવ્યમાં પોતાની જન્મભૂમિ પ્રત્યેનો અપાર પ્રેમ વ્યક્ત થયો છે. સંસ્કૃત સાહિત્યમાં પણ કહેવાયું છે - 'જનની, જન્મભૂમિ સ્વર્ગાદપિ ગરિયસિ, એટલે કે જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતી છે. પહેલીવાર જ્યાં આંખ ખોલી, પહેલીવાર જ્યાં પગલીઓ પાડી, પહેલીવાર યૌવનનો ઉછાળ જ્યાં અનુભવ્યો, એ ઘર-પ્રદેશ સતત કાવ્યનાયકના મનમાં ગુંજ્યા કરે છે. આ એ ઘર-પ્રદેશ છે જ્યાં અનેક ઋતુઓ પસાર કરી, ડુંગરો-ખેતરોમાં ભમ્યા, નદીઓમાં નાહ્યા, અનેક સુખ-દુઃખ મળ્યાં ને માટે જ આખી દુનિયા ભમ્યા પણ પોતાના ઘરને, પોતાની જન્મભૂમિને ક્યારેય ભૂલ્યાં નહિ એ આ કાવ્યનો મુખ્ય ભાવ છે.

---

ગુર્જરીના ગૃહકુંજે અમારું જીવન ગુંજે ગુંજે, ગુર્જરીના...
આંખ અમારી ખૂલી અહીં પહેલી
પગલી ભરી અહીં પહેલી
અહીં અમારાં યૌવન કેરી વાદળીઓ વરસેલી... ગુર્જરીના

અહીં શિયાળે તાપ્યાં સગડી
કોકિલ સૂણી વસંતે
અષાઢનાં ઘનગર્જન ઝીલ્યાં રણઝણતાં ઉરતંતે... ગુર્જરીના

અમે ભમ્યાં અહીંના ખેતરમાં,
ડુંગરમાં કોતરમાં
નદીઓમાં નાહ્યાં આળોટ્યાં કુદરત પાનેતરમાં... ગુર્જરીના

અહીં અમારાં તન ધન અર્પ્યાં,
પૌરુષ પ્રાણ સમર્પ્યાં
વિશ્વ વાડીને સુફલિત કરવા નસનસથી રસ અર્પ્યાં... ગુર્જરીના

અમે અહીં રોયાં કલ્લોલ્યાં
અહીં ઊઠ્યાં પછડાયાં
જીવનજંગે જગત ભમ્યા પણ વિસર્યાં નહિ ગૃહમાયા... ગુર્જરીના

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**કોકિલ** નરકોયલ **ઘન ગર્જન** વાદળની ગર્જના **ઉરતંતે** હૃદયના તાંતણે **કોતર** નદીના પ્રવાહથી બનેલો ઊંડો પહોળો ખાડો કે બખોલ. **પૌરુષ** પુરુષાતન **સુફલિત** ફળદ્રુપ, સારા ફળવાળું **વિસરવું** ભૂલી જવું **ગૃહમાયા** ઘરની માયા; ઘરની લાગણી. **પાનેતર** પરણતી વખતે કન્યાને પહેરવાનું વસ્ત્ર

### વિરુદ્ધાર્થી

**ખુલ્લું** બંધ **પહેલી** છેલ્લી **પ્રાણ** નિષ્પ્રાણ

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) 'ગુર્જરીના ગૃહ કુંજે' કાવ્યમાં કવિને કેવો અનુભવ - નથી થયો ?
(A) વસંતમાં કોકિલનો ટહુકો સાંભળ્યો છે. (B) પહેલી પગલી અહીંથી જ ભરી હતી.
(C) ભર ઉનાળે તાપ્યાં અહીં સગડીએ (D) અમે ભમ્યાં અહીંના ખેતરમાં

(2) 'આંખ અમારી ખૂલી અહીં પહેલી' કહીને કવિ શું કહેવા માગે છે ?
(A) જન્મથી આંખ બંધ હતી (B) હવે મોટા થયા એટલે આંખ ખૂલી
(C) બધું જ દેખાવા લાગ્યું (D) અહીં જ જન્મ થયો હતો

(3) જીવનની સફળતા-નિષ્ફળતાનો ઉલ્લેખ ક્યાં જોવા મળે છે ?
(A) અમે ભમ્યાં અહીંના ખેતરમાં (B) અહીં શિયાળે તાપ્યાં સગડીએ
(C) જીવન જંગે જગત ભમ્યાં (D) કોકિલ સૂણી વસંતે

(4) જીવનરૂપી યુદ્ધમાં કવિ ક્યાં ભમ્યા હતા ?
(A) ભારતમાં (B) ગુજરાતમાં (C) જંગલમાં (D) જગતમાં

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) કવિનો પ્રારંભના જીવન માટેનો અનુભવ શો હતો ?
(2) કવિનો વતનપ્રેમ કાવ્યના આધારે વર્ણવો.

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) તમારા બાળપણનો એકાદ અનુભવ તમારા શબ્દોમાં લખો.
(2) કાવ્યને આધારે ગુજરાતનું ગૌરવ દર્શાવતા મુદ્દા લખો.

**4. નીચેની કાવ્યપંક્તિ સમજાવો :**

આંખ અમારી ખૂલી અહીં પહેલી પગલી ભરી અહીં પહેલી
અહીં અમારાં યૌવન કેરી વાદળીઓ વરસેલી.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ કાવ્યનું ગાન કરો.
- તમારી દૃષ્ટિએ ગુજરાત કેવી છે તે ગદ્ય/પદ્ય સ્વરૂપે લખો.
- ગુજરાતનાં જે સંતાનોએ પોતાનાં કાર્યો દ્વારા જગતમાં ગુજરાતનું નામ ઉજ્જવળ કર્યું હોય એવી દસ વ્યક્તિઓની જીવનઝાંખીનો હસ્તલિખિત અંક જૂથમાં બનાવો.
- ગુજરાત ગૌરવનાં ગીતો મેળવી એનો અંક બનાવો.

## ભાષા-અભિવ્યક્તિ

● કાવ્યની ધ્રુવ પંક્તિમાં વપરાયેલ 'ગૃહકુંજે' શબ્દ અને તેની સાથે થયેલ 'ગુંજે', 'ગુંજે'નું પુનરાવર્તન કાવ્યને લય અને માધુર્ય બક્ષે છે. વળી કાવ્યને આકર્ષક ઉપાડ આપે છે.

● 'નદીઓમાં... કુદરત પાનેતરમાં'

પાનેતર નવવધૂનો પોશાક છે. આ 'પાનેતર' શબ્દ કવિએ પ્રકૃતિ માટે વાપરી એના પૂર્ણ સૌંદર્યને એક જ શબ્દે આલેખી દીધું છે તે સમજો.

● કવિએ ગૃહકુંજ, ઘનગર્જન, ઉરતંતુ, વિશ્વવાડી, જીવનજંગ જેવા સમાસોથી કાવ્યતાર વણી કાવ્યપોત તૈયાર કર્યું છે, જે થકી કાવ્ય વધુ ભાવવાહી અને અસરકારક બન્યું છે.

## શિક્ષકની ભૂમિકા

ગુજરાતનું ગૌરવ કરતી આ જાણીતી રચનામાં વતનપ્રેમનું પ્રાગટ્ય ગ્રામ પરિવેશ અને કુદરતી તત્ત્વો સાથે જોડાઈને ખૂબ સાહજિક શૈલીમાં થયું છે. રાગ કાફીમાં આ કાવ્ય સ્વરબદ્ધ થયેલું છે.

વતનપ્રેમનો મહિમા વિશેષ છે. જ્યાં તમે જન્મ્યા, મોટા થયા અને જીવનજંગે ઝઝૂમ્યા હો તે ધરતી સાથેનો નાતો અતૂટ હોય છે, તે વાત વિદ્યાર્થીઓને કાવ્યમાં વર્ણવેલી પ્રવૃત્તિઓ સાથે જોડીને રસપ્રદ રીતે સમજાવવી.

સમગ્ર ગુજરાત એ આપણું ઘર છે એવી ભાવના વિકસે તે માટે મારા-તારાનો ભેદભાવ, વિસ્તારના કે જ્ઞાતિના વાડામાં ન બંધાતાં સમગ્ર ગુજરાતના વિકાસનો વિચાર કરવો તે અત્યંત અનિવાર્ય છે તે જણાવવું.

ગ્રામ જીવન મનુષ્યને પૂર્ણતા બક્ષે છે તે વાત 'વરસાદ તમારી રાહ જુએ છે' (રઘુવીર ચૌધરી) જેવી કૃતિઓના વાચન દ્વારા સમજાવવી.

આ કાવ્યમાં વતનમાં માત્ર ગુજરાત નહિ, ભારત નહિ પણ વૈશ્વિકકુટુંબની ભાવના પણ સુપેરે પ્રગટ થઈ છે જે આ પંક્તિ દ્વારા સમજાવવું : 'વિશ્વવાડીને સુફલિત કરવા નસનસથી રસ અર્પ્યાં...' ઘરનાં આંગણાથી વિશ્વ સુધીની વિસ્તારયાત્રા સ્પષ્ટ કરવી.

●

# 6 લોહીની સગાઈ

ઈશ્વર પેટલીકર

**(જન્મ : 9-9-1916, અવસાન : 22-11-1983)**

ઈશ્વરભાઈ મોતીભાઈ પટેલ પેટલાદ તાલુકાના પેટલી ગામના વતની છે. પેટલી ગામના નામ પરથી પોતાની અટક પટેલ પરથી પેટલીકર કરી દીધી.

'જનમટીપ', 'પાતાળકૂવો', 'કાજળની કોટડી', 'ધરતીનો અવતાર', 'કંકુ અને કન્યા', 'મારી હૈયા સગડી', 'તરણા ઓથે ડુંગર', 'યુગના એંધાણ', 'ઋણાનુબંધ', 'જુજવેરૂપ', 'સેતુબંધ', 'અભિજાત', 'લાક્ષાગૃહ' વગેરે તેમની મહત્ત્વની નવલકથાઓ છે. 'પારસમણિ', 'ચિનગારી', 'આકાશગંગા', 'કઠપૂતળી', 'લોહીની સગાઈ' વગેરે સુપ્રસિદ્ધ નવલિકા સંગ્રહો છે. એમની કૃતિઓમાં સામાજિક સમસ્યાઓ અને એના ઉકેલો તથા નગરજીવનનાં દસ્તાવેજી ચિત્રો મોખરે રહ્યાં છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયેલો હતો.

'લોહીની સગાઈ' ઈશ્વર પેટલીકરના 'લોહીની સગાઈ' વાર્તાસંગ્રહમાંથી લેવાયેલી ટૂંકી વાર્તા છે. આ વાર્તાના કેન્દ્રમાં માતૃત્વની ચરમસીમાનું આલેખન છે. અમરતકાકીનાં ચાર સંતાનોમાં બે દીકરા અને બે દીકરીઓ છે. જેમાં સૌથી નાની દીકરી મંગુ નાનપણથી જ ગાંડી અને મૂંગી છે. અમરતકાકી અપાર માતૃત્વથી ગાંડી દીકરીની સેવા કરતાં હોય છે. ગામના ઘણાં લોકો દીકરીને ગાંડાંના દવાખાનામાં મૂકી આવવાની સલાહ આપે છે પણ અમરતકાકી એ માટે તૈયાર નથી. આમ છતાં ગામની એક ગાંડી થયેલી છોકરી દવાખાનેથી સાજી-સારી થઈ પાછી આવે છે એ જોઈ અમરતકાકી પણ મંગુને દવાખાને મૂકવા તૈયાર થાય છે. મંગુને દવાખાને મૂકવા જતી વખતની અમરતકાકીની મનોસ્થિતિ અને ત્યાં ગયા પછીના વાર્તાલાપોમાં મંગુ માટેનો માતા તરીકેનો અપાર પ્રેમ વ્યક્ત થયો છે. દવાખાને મૂકીને આવ્યા પછી પણ અમરતકાકીનું મન તો મંગુની ચિંતામાં જ દુ:ખી છે. વાર્તાને અંતે લેખકે મૂકેલા શબ્દો 'અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં !' દ્વારા મંગુના વિચારોમાં અમરતકાકી પણ ગાંડાં થઈ ગયાં એ સંકેત મૂકી દીધો છે. આમ, આખી વાર્તામાં લેખકે લાઘવથી, શિષ્ટ અને તળપદી ભાષાથી અમરતકાકીનું માતૃત્વ ઉપસાવી આપ્યું.

---

મંગુને ગાંડાના દવાખાનામાં મૂકવાની સલાહ લોકો અમરતકાકીને આપતા ત્યારે એમની આંખમાં ઝળઝળિયાં આવી જતાં અને દરેકને એ એક જ જવાબ આપતાં : 'હું મા થઈને ચાકરી ન કરી શકું તો દવાખાનાવાળાંને શી લાગણી હોય ? ખોડા ઢોરને પાંજરાપોળમાં મૂકી આવવા જેવું જ એ તો કહેવાય.'

અમરતકાકીની આ ગ્રંથિ જાહેર થઈ ગયા પછી કોઈ એમને એવી વાત કરતું નહિ. જન્મની ગાંડી ને મૂંગી દીકરીને એ જે રીતે ઉછેરતાં, ચાકરી કરતાં અને લાડ લડાવતાં એ પ્રત્યક્ષ જોઈ લોકો એમનાં વખાણ પણ કરતા કે, આવી રીતે ગાંડી દીકરીને તો અમરતકાકી જ ઉછેરી શકે. બીજાને ઘેર હોય તો ભૂખીતરસી ક્યારની મરી ગઈ હોય. અને જીવતી હોય તો પણ આવું હૃષ્ટપુષ્ટ શરીર તો ન જ હોય.

મંગુ સિવાય અમરતકાકીને ત્રણ સંતાનો હતાં. બે દીકરા અને એક દીકરી. અમરતકાકી એ ત્રણે સંતાનોને વિસરી ગયાં હોય તેમ એમનું સમગ્ર માતૃત્વ મંગુ ઉપર અભિષેક કરતું હતું. એટલે રજાઓમાં દીકરાઓ અવારનવાર ઘેર આવતા ત્યારે એમનું ઘર બાળ પૌત્ર-પૌત્રીઓથી ખિલખિલાટ હસી ઊઠતું, છતાં દાદીમા તરીકે અમરતકાકી હરખપદૂડાં થઈ જતાં નહિ. ભાગ્યે જ બાળકોને એ તેડતાં, રમાડતાં કે લાડ કરતાં.

માના આ વર્તન વિશે દીકરાઓને કંઈ લાગતું નહિ, પણ વહુઓ સમસમી જતી. બંને વહુઓની પતિ આગળ આ એક જ ફરિયાદ હતી - દીકરાનાં બાળકો એમને દીઠાં ગમતાં નથી અને ગાંડા હીરાને છાતીએથી અળગો કરાતો નથી !

દીકરી માને મોંએ જ સંભળાવી દેતી : 'મંગુને ખોટાં લાડ લડાવીને તેં જ વધારે ગાંડી કરી મૂકી છે. ટેવ પાડીએ તો ઢોરને ય ઝાડોપેશાબ ક્યાં કરાય અને ક્યાં ન કરાય તેનું ભાન આવે છે, તો બાર વર્ષની છોડી ગમે તેટલી ગાંડી હોય પણ એને ટેવ પાડી હોય તો શું એટલું ભાન ન આવે ? એ મૂંગી છે પણ કંઈ બહેરી નથી કે આપણું કાને ન ધરે. ભૂલ કરે તો બે લપડાક ચોડી દીધી હોય તો બીજી વખત તરત ભાન રાખે.'

દીકરી આગળ કંઈ બોલે તે પહેલાં અમરતકાકીની આંખો વરસવા માંડતી. દીકરીનું હૈયું પણ ભરાઈ આવતું; પરંતુ કઠણ કાળજુ કરી એ મનનો ડૂમો કાઢી નાખતી : તું કંઈ કાયમ બેસી રહેવાની નથી. ભાભીઓને પનારે એ પડશે ત્યારે રોજ એનાં મળમૂતર ધોવા જેટલી કોઈ આળપંપાળ નહિ કરે અને એ દુ:ખીદુ:ખી થઈ જશે.' સહેજ અટકીને ધીમે સાદે એ કહેતી : દવાખાનામાં મૂકવાથી ડાહી નહિ થવાની હોય તો નહિ થાય, પણ ઝાડોપેશાબ અને કપડાંનું ભાન આવશે તો ય બસ છે. ભાઈઓના ઘરમાં ભગવાને ધાન ઘણું આપ્યું છે. ભાભીઓ ટંકે ખાવા ન આપે એવી કજાત પણ નથી.'

અમરતકાકી લોકોને દવાખાના અંગે પાંજરાપોળની ઉપમા આપતાં ત્યારે લોકો પરાયા તરીકે જે કહી શકતા નહિ તે દીકરી કહી નાખતી : 'દવાખાનું પાંજરાપોળ જેવું હશે અને કદાચ મંગુ મરી ગઈ તો એનો અને કુટુંબનો છુટકારો થશે !'

દીકરા કમાતાધમાતા હોય, દીકરી સાસરે હીંડોળાખાટે ઝૂલતી હોય ત્યારે હું મા થતી જાઉં એનો કંઈ અરથ નથી. મંગુની સાચી મા બની રહું ત્યારે જ મારી લોહીની સગાઈ ખરી. એટલે દીકરી કહે કે દીકરાઓ કહે તો પણ મંગુને દવાખાના દ્વારા મોત ભણી ધકેલવા અમરતકાકી તૈયાર ન હતાં.

દીકરાઓ માના આ ભાવને સમજી ગયા હતા એટલે એ કોઈ વખત એવી વાત કરતા નહિ. ફક્ત દીકરાઓના મનમાં એક વસવસો હતો કે કોઈ તાલીમ પામેલી નર્સ કે દાક્તરની દેખરેખ નીચે એને રાખી હોય તો ટેવને લીધે કદાચ એને ઝાડોપેશાબ ને કપડાંનું ભાન આવે; પરંતુ એવી સગવડ ઘર આગળ કરી શકાય તેમ હતું નહિ એટલે એ મૌન રહ્યા હતા.

છતાં અમરતકાકીએ એમની શ્રદ્ધા પ્રમાણેના ઉપચાર ચાલુ રાખ્યા હતા. દવા કરનારાઓ વણનોતર્યા ઘેર આવી પહોંચતા. શિલાજીત વેચનારા કે હિંગ વેચનારા મંગુને ગાંડી જાણતાં પોતે દવા જાણે છે તેવો દાવો કરતા. અમરતકાકી માનતાં કે હજાર ઉપચાર કરીએ ત્યારે એક ટેકી લાગી જાય. એટલે બીજાને મન ગાંડીઘેલી વાત એ ગંભીરતાથી સાંભળતાં અને શ્રદ્ધાથી એનો અમલ કરતાં. જોષીઓ અને ભૂવાઓ પણ અવારનવાર વહારે ધાતા. એક જોષીએ ભાખ્યું હતું કે, આવતા માગશર મહિનામાં એની દશા બદલાય છે એટલે સારું થઈ જશે ત્યારથી માગશર મહિનો અમરતકાકીનો આરાધ્ય દેવ બની ગયો હતો.

માગશર મહિને તાકડે મંગુને ચૌદ વર્ષ પૂરાં થઈ રહેતાં હતાં એટલે કોઈ ડાહ્યું માણસ જે તરંગે ન ચડી જાય તેવા તરંગે અમરતકાકી ચડી જતાં - ચૌદમું ઊતરતાં કમુને પરણાવેલી. મંગુ ડાહી હોત તો આજે એના વિવાહનું પણ નક્કી થઈ ગયું હોત. જો માગશર મહિનામાં એને મટે તો... મૂઈનું રૂપ તો એવું છે કે મૂરતિયો એને જોતા સમો હા પાડી દે !

અને જાણે એને મટ્યું હોય તેમ એ લગ્નની યોજના પણ વિચારવા મંડી જતાં.

એક વખત મંગુ ડાહ્યાની માફક ચોકડીમાં પેશાબ કરવા બેઠી તેથી હરખાઈ જતાં અમરતકાકીએ દિવસો સુધી દરેક આગળ પારાયણ કર્યા કર્યું : 'જોષીનું કહેવું સાચું પડશે. મંગુ કોઈ વખત નહિ ને આ પહેલી વખત એની મેળે ચોકડીમાં પેશાબ કરવા બેઠી !'

સાંભળનારને ગળે આ વાત ઊતરવી મુશ્કેલ હતી, કારણ કે એ સાંભળતી વખતે મંગુ પેશાબ કરી ભીની માટી આંગળાં વડે ખોતરતી નજરે પડતી !

મંગુને ધૂન આવે ને એ ઊભી થઈ જતી તો એમને નવી વાત મળી જતી : 'મેં કહ્યું તે સમાણી ડાહ્યાની માફક ઊભી થઈ ગઈ !'

આમ અમરતકાકીનો આશાભર્યો માગશર મહિનો આવ્યો છતાં મંગુ ડાહી તો ન થઈ પણ શહેરના કન્યાવિદ્યાલયમાં ભણતી ગામની એક દીકરી-કુસુમ-ગાંડી થઈ ગઈ. મંગુની માફક એને પણ ઝાડોપેશાબનું ભાન ન રહ્યું. અમરતકાકીને એથી દુ:ખ તો થયું, પણ સાથે સાથે સંતોષ પણ થયો કે ડાહીડમરી છોડી ગાંડી થતાં આવું ભાન ગુમાવી બેસે તો જન્મથી ગાંડી મંગુને બિચારીને એવું ભાન ન હોય તો એમાં શી નવાઈ ?

કુસુમને દવાખાનામાં મૂકવાનું નક્કી થયું. એ સમાચાર જાણી અમરતકાકીને ઓછું આવ્યું કે એની મા જીવતી હોત તો એને દવાખાને મૂકવા ન દેત. મા વગર બધું સૂનું કહ્યું છે તે ખોટું નહિ. એ સાથે પોતાની આંખ મીંચાતાં મંગુને પણ ભાઈઓ દવાખાને મૂકી આવતા હોય તેવું દૃશ્ય એમને કંપાવી ગયું.

પહેલા મહિનાને અંતે કુસુમને સારો ફાયદો થયો તેવા સમાચાર આવ્યા. એને બાંધી મૂકવી પડતી તે હવે છૂટી ફરે છે છતાં તોફાન કરતી નથી. ઝાડોપેશાબનું પૂરેપૂરું ભાન આવ્યું છે. ગાંડપણ રહ્યું હોય તો ફક્ત આખો દિવસ એ ગાયા કરે છે એટલું જ. એ પણ બીજા મહિનામાં મટી જશે એવો દાક્તરે અભિપ્રાય આપ્યો હતો.

બીજે મહિને કુસુમને મટી ગયું, છતાં એકાદ મહિનો રહે તો સારું એવી દાક્તરની સલાહથી એને ત્રીજો મહિનો રાખવામાં આવી હતી. એ ઘેર આવી ત્યારે આખું ગામ એને જોવા ઊમટ્યું હતું. સૌથી મોખરે અમરતકાકી હતાં.

કુસુમને પૂરેપૂરી ડાહી થઈ ગયેલી જોઈ અમરતકાકીને દરેક સલાહ આપવા મંડી ગયું : 'કાકી ! તમે મંગુને એક વખત દવાખાનામાં મૂકી તો જુઓ. જરૂર એને મટશે.'

અમરતકાકીએ જિંદગીમાં પહેલી વખત દવાખાનાનો વિરોધ ન કર્યો. બીજે દિવસે એમણે કુસુમને પોતાને ઘેર બોલાવી. એને પાસે બેસાડી દવાખાનાની હકીકત પૂછવા માંડી. નર્સ કે દાક્તરને કોઈ કોઈ ગાંડાં તમાચા મારી જાય તો પણ એ લોકો એના ઉપર ખિજાતાં નથી કે એને મારતાં નથી એ જાણી એમને દવાખાના ઉપર શ્રદ્ધા પણ બેઠી. નવી આશા જન્મી કે, મંગુના કરમમાં દવાખાનામાં જવાથી મટે એવું લખ્યું હશે તો ય કોને ખબર ? આટલા ઉપચાર કરી જોયા ત્યારે એક વધારે.

છેવટે મંગુને દવાખાને મૂકવી એવો અમરતકાકીએ નિર્ણય કર્યો. એ માટે મોટા દીકરાને ઘેર આવી જવા એમણે પત્ર પણ લખાવ્યો. છતાં એ નિર્ણય લીધો ત્યારથી એમની ઊંઘ ઊડી ગઈ હતી. જાણે પોતે હારીને આ કામ કરી રહ્યાં હતાં એમ એમના મગજ ઉપર એક જાતનો ભાર જણાવા લાગ્યો હતો.

મંગુ મોટી થતી જતી હતી, પોતાની વૃદ્ધાવસ્થા વધતી જતી હતી, વહુઓ ચાકરી નહિ કરે એની ખબર પડી ગઈ હતી. કારણ કે, બેમાંથી એકે વહુએ હજુ સુધી સાથે રહેવા આવવાનું આમંત્રણ આપ્યું ન હતું. એ સ્થિતિમાં મંગુનો પ્રભુ હોય અને એને મટી જાય, કે ન મટે તો પણ જો એને દવાખાનામાં ગોઠી જાય તો મરતી વખતે પોતાને એક જાતની શાંતિ રહે કે એની ચાકરી કરનાર દુનિયામાં પારકું પણ છે ખરું.

આ વિચારવહેણ સાથે અમરતકાકીની આંખોમાંથી એટલું બધું પાણી વહી જતું કે પથારી પલળી જતી. હૈયું પોકારી ઊઠતું - ગમે તે બહાનું ભલે કાઢો પણ મૂળ વાત એટલી કે તમે ય દીકરીથી થાક્યાં છો ! અમરતકાકી ઊંઘમાંથી ઝબકી જતાં, બોલી ઊઠતાં - શું હું થાકી છું ? હૈયું બમણા જોરથી પોકારી ઊઠતું - એક વાર નહિ ને હજાર વાર !

અમરતકાકીને થયું, પોતે દીકરાને પત્ર લખ્યો તે જ મોટી ભૂલ કરી. એવી શી ઉતાવળ હતી કે શિયાળાની ટાઢમાં એને દવાખાને ધકેલવી પડે ? રાતમાં હું એને કેટલાય વખત ઓઢાડું છું, દવાખાનામાં એમ ઘડીએ ઘડીએ કોણ ઓઢાડશે ? ઉનાળામાં મૂકવાનું રાખ્યું હોત તો ઠીક થાત.

પરંતુ પત્ર મળતાં દીકરો આવી પહોંચ્યો. દવાખાનામાં દાખલ કરવાનો મૅજિસ્ટ્રેટનો હુકમ પણ મેળવી લીધો. એક અઠવાડિયામાં જ મંગુને મૂકવા જવાનું આવી પહોંચ્યું. અમરતકાકીને ખાતરી થઈ ગઈ કે દીકરો ગાંડી બહેનને દવાખાનામાં ધકેલી વેઠ ઉતારવા માગે છે. એવું ના હોત તો પત્ર મળતાં તરત આવી શું કામ પહોંચે ?

મંગુને મૂકવા જવાનું હતું તે રાતે અમરતકાકીને બિલકુલ ઊંઘ આવી ન હતી. સવારમાં એક વિચાર એ પણ આવ્યો કે પોતે સાથે ન જાય તો સારું. દવાખાનાવાળા દીકરીને પોતાનાથી છૂટી પાડશે તે સહેવાશે નહિ; પરંતુ દવાખાનામાં કેવી સગવડ છે એ પોતે નજરે જુએ નહિ ત્યાં સુધી ચેન પડે એવું ન હતું. એટલે એ ન છૂટકે જવા તૈયાર તો થયાં પણ મંગુને લેઈ ઘર બહાર નીકળવાનું થયું ત્યારે એમના ઉપર બ્રહ્માંડનો ભાર આવીને ઠલવાઈ ગયો. આંખમાંથી શ્રાવણ-ભાદરવો શરૂ થયો. નજર મંગુ ઉપર ચોંટી ગઈ હતી તે કેમે ય ઊખડતી ન હતી. મંગુ

એને પહેરાવેલાં નવાં કપડાંનો રંગ ધારીધારીને જોઈ રહી હતી. ગેલમાં આવી ગઈ હોય તેમ અમરતકાકી સામે જોતાં એ હસી પણ ખરી. એ સમું અમરતકાકીનું દિલ કપાઈ ગયું. ઢોર પણ એને ખીલેથી છોડી બીજે લેઈ જવામાં આવે છે ત્યારે નવા ધણીને ઘેર જવા આનાકાની કરે છે. મંગુને એટલું ય ભાન ન હતું એ પ્રત્યક્ષ અનુભવતાં અમરતકાકી ઉમરા ઉપર ફસડાઈ પડ્યાં. હૈયું કકળી ઊઠ્યું - અબુધ દીકરીનું દુનિયામાં કોઈ નહિ ! સગી મા પણ એની ના થઈ !

દીકરાએ મા તરફ નજર કર્યા સિવાય લથડિયું ખાઈ પગ ઉપાડતાં કહ્યું : 'મોડું થાય છે. હવે નીકળવું જોઈએ.' અને ફળિયા બહાર નીકળતાં એણે ધોતિયાના છેડા વતી આંખો લૂછી નાખી.

પાડોશી સ્ત્રીએ મંગુનો હાથ ઝાલી આગળ દોરી. બીજી સ્ત્રીઓએ અમરતકાકીને ટેકો આપ્યો. છેવટ કડવો ઘૂંટડો હૈયામાં સમાવી ઢીંચણ ઉપર હાથ ટેકવી એ ઊભાં થયાં. બે જણે ઝાલીને ચડાવ્યાં ત્યારે એમનાથી ડમણિયામાં ચડાયું.

મંગુ ગાંડી છે એમ જાણતાં ગાડીમાં મુસાફરોને મઝાનો ખોરાક મળી ગયો.

'આવી ખાધેપીધે સુખી છોડીને દવાખાનામાં મૂકશો એટલે મહિના દહાડામાં લાકડા જેવી થઈ જશે. ત્યાં તો ઢોરની પેઠે ટંકે જેમનું તેમનું નીર્યું એટલે બસ !'

'આ છોડીની મા નથી ?'

અમરતકાકીને આ ઘા અસહ્ય થઈ પડ્યો. આંખમાં આંસુ આવી ગયાં. કંઠ રુંધાઈ ગયો. શરમથી ડોકું નીચું નમી ગયું. સાથે સાથે માથું નમતાં મા તરીકેનો એમનો દાવો પણ આપોઆપ વ્યક્ત થઈ ગયો.

'બાપ રે ' તમે મા થઈને એને ધકેલી મૂકો છો, પછી દવાખાનાવાળાંનો શો દોષ કાઢવો !'

અમરતકાકી જો એકલાં હોત કે દીકરાને માઠું લાગવાની બીક ન હોત તો વળતી ગાડીમાં મંગુને લેઈ એ ઘેર પાછાં ફર્યાં હોત; પરંતુ બીજો ઉપાય ન હતો એટલે ભારે પગલે અને ભારે હૈયે એ દવાખાનામાં દાખલ થયાં.

મુલાકાતનો સમય હતો એટલે વચલા ખંડમાં દર્દીઓ અને એમનાં સગાસંબંધીઓ છૂટાં છૂટાં બેઠાં હતાં. સ્વજનોએ ઘેરથી આણેલી રસોઈ ઘણાં જમતાં હતાં.

અમરતકાકી પરિચારિકાઓ તરફ જોઈ રહ્યાં હતાં. પેલી બાઈની જે પરિચારિકા હતી તે હસીને બોલી : 'હવે હું તમને બધું આપીશ. તમારા ધણી સારું સારું ખાવાનું લાવ્યા છે, એક વાર ખાઈ લ્યો.'

પેલી ગાંડી બાઈ છણકો કરતાં બોલી : 'મેં દાતણ નથી કર્યું, મેં મોંઢું નથી ધોયું.'

અમરતકાકીએ જોયું તો એનું મોં ધોયેલું હતું, છતાં સહેજ પણ ખિજાયા વગર પરિચારિકાએ પાણીનો લોટો લાવી એનું મોં ધોવડાવ્યું. નૅપ્કિન વતી મોં લૂછી નાખ્યું. અમરતકાકીના હૈયાને ટાઢક વળી કે કામ કરનાર લોક છે તો માયાળુ.

દાક્તર અને સ્ત્રીવૉર્ડની મેટ્રન આવી પહોંચ્યાં. અમરતકાકીના દીકરાએ મૅજિસ્ટ્રેટનો હુકમ આપ્યો. માને સંતોષ થાય તે માટે એ સાંભળે તેમ સારી સારવાર કરવા જણાવ્યું. મેટ્રને કહ્યું : 'એ બાબતમાં તમારે ચિંતા ન કરવી...'

વચ્ચે અમરતકાકી બોલ્યાં : 'બોન ! ચિંતા એટલા માટે કરવાની કે આ સાવ ગાંડી છે. કોઈ પાસે બેસીને એને ખવડાવે નહિ તો એ ખાતી નથી...' આટલું બોલતાં એમનો કંઠ ભરાઈ આવ્યો અને વાક્ય અધૂરું રહી ગયું.

દૂર ઊભેલી પરિચારિકાઓ નજીક દોડી આવી. એક બોલી ઊઠી : 'તમે બા, કોઈ જાતની ફિકર કરશો નહિ. અમે એને મોંમાં કોળિયો ઘાલીને ખવડાવીશું.'

ગળગળા સાદે અમરતકાકી બોલ્યાં : 'એ જ બોન મારે કહેવું છે. એને ઝાડોપેશાબનું ભાન નથી એટલે રાતે કપડાં બગાડે તો જોજો. નહિ તો ભીનામાં સૂઈ રહેશે તો વાયુ થઈ જશે.'

બીજી પરિચારિકા બોલી : 'રાતમાં ચારપાંચ વખત તપાસ કરવામાં આવે છે.'

અમરતકાકી : 'રાતે બત્તી હોય તો એને ઊંઘ નથી આવતી.'

'જેને ઊંઘ ન આવે તેને ઊંઘની દવા આપીએ છીએ.'

'એને બીજાં તોફાની મારે નહિ તે જોજો.'

'તોફાની હોય તેને જુદાં રાખવામાં આવે છે. રાતે બધાંને જુદી જુદી ઓરડીઓમાં સુવાડવામાં આવે છે.'

મળવા આવેલા મુલાકાતીઓ વિદાય લેતા ત્યારે દર્દીને અંદરના ખંડમાં લેઈ જવા પૂરતું બારણું થોડું ખૂલતું. એ તક ઝડપી લઈ અમરતકાકીની નજર બેત્રણ વખત અંદર ડોકાઈ રહી હતી. ત્રણચાર સ્ત્રીઓને ફગફગતા વાળે, અસ્તવ્યસ્ત કપડાંમાં એમણે અંદર ફરતી જોઈ. એકે એમના ભણી નજર કરી છાતી કૂટી અને એવો ડોળો ત્રાંસો કર્યો કે એ છળી મર્યાં. એ ઉપરથી એમને અંદરનું રહેઠાણ જોવાનું દિલ થયું. માગણી કરી : 'મંગુને જે ઓરડીમાં રાખવાની હોય તે મને જોવા દ્યો.'

મેટ્રને કહ્યું : 'અંદર કોઈને જોવા જવા દેવાનો કાયદો નથી.'

ચકળવકળ આંખે આ નવી દુનિયા જોઈ રહેલી મંગુ અમરતકાકીની સોડમાં લપાઈ. માથે હાથ મૂકી, અમરતકાકી રોજનો વહાલસોયો 'બેટા' શબ્દ ઉચ્ચારવા ગયાં ત્યાં એમનો સાદ ફાટી ગયો. મરણપોક જેવી લાંબી પોક મુકાઈ ગઈ. આખું દવાખાનું એ આક્રંદમાં ડૂબી ગયું. દીકરાની આંખમાંથી ચોધાર આંસુ વહી ચાલ્યાં. આવા રુદનથી ટેવાઈ ગયેલાં દાક્તર, મેટ્રન અને પરિચારિકાઓનાં હૈયાં પણ ભરાઈ આવ્યાં. દીવાલો પણ ધ્રૂજી ઊઠી કે આટલું લાગણીભર્યું કોઈ ગાંડાનું સ્વજન આજ સુધી આવ્યું અમે જાણ્યું નથી !

એક પરિચારિકા હાથમાંનો રૂમાલ ફરકાવી મંગુનું પોતાના તરફ ધ્યાન ખેંચી બોલી : 'લે, જોઈએ છે તારે ?'

એ રૂમાલ પકડવા માની સોડ ત્યજી મંગુ એકદમ ઊભી થઈ. થોડો રૂમાલ પકડવા દીધા પછી એનો હાથ પંપાળી પરિચારિકા મીઠાશભર્યા શબ્દો બોલી : 'તું મારી પાસે રહીશને બહેન ! હું તને સારું સારું ખાવાનું આપીશ. નવાં નવાં કપડાં પહેરાવીશ.' મંગુ એના મોં સામે તાકી રહી હતી એટલે એ ક્ષણનો ઉપયોગ કરી લેતાં 'ચાલ આપું' કહીને એનો હાથ પકડી આગળ કરી. પેલું બારણું અધખૂલું થઈ મંગુને ગળી ગયું.

'મંગુ... મંગુ...'ની કાળજું કંપી જાય તેવી ચીસ અમરતકાકીએ ફરી નાખી.

દાક્તરે આશ્વાસન આપતાં કહ્યું : 'ઘરડાં બા !' અને બાજુમાં ઊભેલા દીકરા તરફ આંગળી કરતાં જણાવ્યું : 'આ તમારા દીકરા જેવો મને પણ દીકરો ગણજો. દીકરીને દવાખાનામાં નહિ પણ દીકરાને ઘેર મૂકી જાઓ છો એમ માનજો.'

આધેડ ઉંમરની, બાળવયમાં વિધવા થતાં આ ક્ષેત્રમાં પડેલી મેટ્રને આશ્વાસન આપતાં કહ્યું : 'આજ સુધી તમે એનાં એક બા હતાં. આજથી હું એની નવી બા થઈ છું.'

અમરતકાકી ડૂસકું ભરતાં બોલ્યાં : 'એને મૂંગા ઢોર જેટલું ય ભાન નથી. મેં એને આજ સુધી મારાથી અળગી કરી નથી. કુસુમને તમારા દવાખાનામાં મટ્યું એટલે મેં કાળજું કઠણ કરી...' અને એમનો કંઠ રુંધાઈ ગયો.

મેટ્રન : 'એ કુસુમ જેવી આ પણ થોડા વખતમાં ડાહી થઈ જશે.' અમરતકાકીનું ડૂસકું શમ્યું છતાં એમની નજર પેલા બંધ બારણાને વીંધી મંગુ ઉપર મંડાયેલી હતી. મંગુએ જાણે એમને યાદ દેવડાવ્યું હોય તેમ એ બોલ્યાં : 'એ લુખ્ખો રોટલો ખાતી નથી. સાંજે વાળુમાં રોટલો દૂધમાં ચોળીને આપજો. દૂધ ના હોય તો દાળમાં.'

અમરતકાકીની કરુણ આંખ ભણી નજર માંડવાની મેટ્રનની શક્તિ લુપ્ત થઈ હોય તેમ એણે નીચી દૃષ્ટિ રાખી કહ્યું : 'સારું.'

અમરતકાકી : 'એને દહીં બહુ ભાવે છે. દરરોજ તો ના બને, પણ બીજેત્રીજે દહાડે આપજો. એવું વધારાનું જે ખર્ચ થશે તે અમે આપીશું. જે એની ચાકરી કરતું હશે તેને પણ રાજી કરીશું.'

અમરતકાકી અને દીકરો મંગુને મૂકી દવાખાનાની બહાર નીકળ્યાં ત્યારે બંનેનાં મોં ઉપર શોકનાં વાદળ છવાયેલાં હતાં. મૂંગાં મૂગાં બંને બહાર ઊભેલી ઘોડાગાડીમાં બેસી વિદાય થયાં. ગાડીના ડબામાં પગ મૂકતાં

અમરતકાકીને સાંભરી આવ્યું - દવાખાનામાં સૂવા ખાટલો આપતા હશે કે નહિ ? મંગુ નીચે સૂઈ રહેલી નથી એટલે જો ખાટલો નહિ હોય તો એને નહિ ફાવે. મનમાં થયું કે જો પોતાને અંદર જોવા જવા દીધી હોત તો આ ભાળવણી કરવાનું રહી ન જાત. ઓરડીમાં ખાટલો ન જુવત એટલે તરત સાંભરી આવત.

દવાખાનામાં કામ કરનાર માયાળુ છે, ભલાં છે, એવી ખાતરી અમરતકાકીને થઈ હતી; પરંતુ એમને અંદર જવા દીધાં ન હતાં એટલે વસવસો રહી ગયો હતો કે આપણને નહિ ગમે તેવું હશે ત્યારે જ અંદર જવા નહિ દેવાનો કાયદો કર્યો હશે ને ? એનો ટેકો આપતું હતું પેલું અધખોલું બારણું. ભૂતની માફક ભમતી ગંદી, જથરવથર અને ભૂખે મરી ગઈ હોય તેવી બિહામણી ગાંડી સ્ત્રીઓ. એ સાથે અમરતકાકીને મંગુ પોતાને ન જોવાથી રડતી હોય તેવો સાદ સંભળાયો. એમની આંખોમાંથી આંસુ ચાલ્યાં. બાજુમાં બેઠેલી સ્ત્રીએ પૂછપરછ કરી - કેમ બા રડો છો ? કોઈનું મૈણું થયું છે ?

રાત્રે પોણા અગિયાર વાગે ઘેર આવ્યાં ત્યારે એમની વાટ જોતી પાડોશણ, જે એમની પિત્રાઈ થતી હતી તે જાગતી હતી. એમને માટે એણે રસોઈ કરી રાખી હતી; પરંતુ બંને જણે વાળુ કરવાની ના પાડી. સ્વજનના મરણનો ઘા તાજો હોય ત્યારે જેમ આગ્રહ કરનારની જીભ ન ઊપડે તેમ પાડોશણ ખેંચતાણ ન કરી શકી.

અમરતકાકીના અંતરમાં એક જ તંબૂરો વાગી રહ્યો હતો - મંગુ અત્યારે શું કરતી હશે ? પળે પળે એ જ વિચાર એમના હૈયાને વીંધી રહ્યો હતો. કેટલી ઠંડી છે ? એને ઓઢાડ્યું હશે ? પેશાબ કરી પલાળ્યું હશે તો એની ઘાઘરી અને પાથરણું બદલ્યાં હશે ?

જાણે મંગુ એમનો બોલ સાંભળવાની હોય તેમ એ બબડ્યાં : 'બેટા ! પેશાબ ન કરતી. ઓઢાડેલું કાઢી ન નાખતી.' આ શબ્દો સૂતી વખતે એ કાયમ ઉચ્ચારતાં છતાં મંગુ એનો અમલ કરતી નહિ. રાતે એણે પેશાબ કર્યો હોય તો એની ઘાઘરી અને પથારી એ બદલી નાખતાં. મંગુ મોટી થઈ છતાં પોતાની ભેગી એને સુવાડતાં, જેથી એ પેશાબ કરે તો પોતાને તરત ખબર પડે, જાગી જાય અને એને ભીનામાં સૂઈ રહેવું ન પડે.

અમરતકાકીને પોતાને પણ એના વગર પથારી સૂની સૂની લાગતી હતી. મનમાં થયું - મારા ભેગી સૂવા ટેવાઈ ગયેલી એને ઊંઘ આવી હશે ? એ સાથે એની આંખો બહાવરી બની પોતાને શોધતી હોય તેમ એમને દેખાયું. એમણે ઈસ ઉપર કપાળ કૂટ્યું - હું મા થઈને એને દવાખાને હડસેલીને આવતી રહી ! એમનાથી ડૂસકું ભરાઈ ગયું.

બહારના ખંડમાં સૂતેલા દીકરાને પણ ઊંઘ આવી ન હતી. મા કરતાં એને સોમા ભાગની મંગુ સાથે માયા ન હતી છતાં એની છાતી ઉપર પણ વેદનાનો કાળમીંઢ પથ્થર મુકાઈ ગયો હતો. માના ડૂસકા સાથે એની આંખમાંથી પણ આંસુ વહેવા લાગ્યાં. પોતાને આટલી વેદના થાય છે તો માને શું-શું થતું હશે ? વેદના માના હૈયાનું માંસ કેવી ક્રૂર રીતે ચૂંથી રહી હતી તેનો સાક્ષાત્કાર જીવનમાં પહેલી વખત દીકરાને થયો. એનું હૈયું પોકારી ઊઠ્યું - માનું આ દુ:ખ કોઈ ઉપાયે ટાળવું જોઈએ. દીકરો થઈને આટલું હું ન કરી શકું તો મારું જીવતર ધૂળ છે. એ સાથે એના અંતરે પ્રતિજ્ઞા કરી - હું મંગુને જીવતાં સુધી સારી રીતે પાળીશ. વહુ એનાં મળમૂતર ધોવા તૈયાર નહિ હોય તો હું ધોઈશ ! એ સાથે વેદનાનો કાળમીંઢ પથ્થર એની છાતી ઉપરથી ખસી ગયો.

અમરતકાકીએ બીજું ડૂસકું ભર્યું હોત તો દીકરાએ તે ઘડીએ જ એમને પોતાની પ્રતિજ્ઞા જણાવી શાંત પાડ્યાં હોત; પરંતુ એ જંપી ગયેલાં લાગ્યાં એટલે હવે સવારે વાત એમ માની દીકરાએ ઊંઘવા આંખ મીંચી અને થોડી વારમાં એની આંખ મળી ગઈ.

વહેલી પરોઢે, ઘંટીનો અને વલોણાનો મધુરો અવાજ ગામમાં ગુંજી રહ્યો હતો ત્યારે ગામ આખાને વીંધી નાખે તેવી ચીસાચીસ અમરતકાકીએ કરી મૂકી : 'ધાજો, રે... ધાજો, મારી મંગુને મારી નાખી રે...'

દીકરો ખાટલામાંથી ઊછળી પડ્યો. પાડોશી દોડી આવ્યાં, ઘંટીઓ અને વલોણાં થંભી ગયાં. જેણે સાંભળ્યું તે ધાઈ આવ્યાં અને આવ્યાં તેવાં હબકી ગયાં. અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં !

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**શિલાજિત** એક ઔષધિ **અભિષેક** મસ્તક પર થતી જલધારા **પારિચારિકા** સેવિકા **પાંજરાપોળ** અશક્ત કે ઘરડાં ઢોરોને રાખવાનું ધર્માદા સ્થાન. **ચાકરી** સેવા **ઉપચાર** સારવાર **વસવસો** અફસોસ **ભાળવણી** ભલામણ; ભાળ રાખવા સોંપણી કરવી **ક્રૂર** ઘાતકી **જથરવથર** અવ્યવસ્થિત

### વિરુદ્ધાર્થી

**પ્રત્યક્ષ** પરોક્ષ **વખાણ** નિંદા **મૂંગુ** વાચાળ **ભીનું** સૂકું **વ્યક્ત** અવ્યક્ત **વિધવા** સધવા

### તળપદા શબ્દો

**અરથ** અર્થ; મતલબ **બોન** બહેન **ભણી** તરફ **મૈણું** મરણ **ધાઈ આવ્યાં** દોડી આવ્યાં

### રૂઢિપ્રયોગો

**હરખપદૂડા થઈ જવું** આનંદથી ગાંડાઘેલા થઈ જવું **સમસમી જવું** ધૂંધવાઈ જવું **હૈયું ભરાઈ આવવું** દુ:ખ કે લાગણીથી રડું રડું થઈ જવું **વહારે ધાવું** સહાય કરવા આગળ વધવું **ગોઠી જવું** ફાવટ આવવી **હૈયું કકળી ઊઠવું** હૃદયમાં દુ:ખ થવું **હૈયે ટાઢક વળવી** શાંતિ થવી; રાહત થવી **પનારે પડવું** માથે પડવું; ફરજિયાતપણે સંબંધમાં રાખવું પડે તેવી અવસ્થા. **છાતીએથી અળગો કરવો** દુ:ખ સાથે સ્વજનને પોતાનાથી દૂર કરવો

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) અમરતકાકી લોકોને દવાખાના અંગે શાની ઉપમા આપતાં ?

(A) મંદિરની (B) ઘરની

(C) પાંજરાપોળની (D) સ્મશાનની

(2) ''બાપ રે ! તમે મા થઈને એને ધકેલી મૂકો છો, પછી દવાખાનાવાળાંનો શો દોષ કાઢવો.'' - આ વાક્ય કોણ બોલે છે ?

(A) ગામના લોકો (B) સગાં-વહાલાં

(C) પડોશી સ્ત્રીઓ (D) ગાડીના મુસાફર

(3) અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં ! એટલે...

(A) અમરતકાકીએ ધર્માંતરણ કર્યું હતું. (B) અમરતકાકી મંગુની જેમ ગાંડાં થઈ ગયાં હતાં.

(C) અમરતકાકી મૃત્યુ પામ્યાં હતાં. (D) અમરતકાકીને મંગુનું સ્વપ્નું આવ્યું હતું.

(4) વહુઓ મંગુની ચાકરી નહિ કરે એની અમરતકાકીને ખબર પડી ગઈ હતી. કારણ કે...

(A) વહુઓ અમરતકાકી સાથે વારંવાર ઝઘડતી હતી.

(B) દીકરાઓ, વહુઓની જ વાત સાંભળતા હતા.

(C) વહુઓએ ચોખ્ખે-ચોખ્ખું સંભળાવી દીધું હતું.

(D) બેમાંથી એકે વહુએ હજુ સુધી સાથે રહેવા આવવાનું પોતાને આમંત્રણ આપ્યું ન હતું.

**2. ટૂંકમાં ઉત્તર લખો :**

(1) દવાખાનામાં મંગુને જે ઓરડામાં રાખવાની હોય તે ઓરડો અમરતકાકી શા માટે જોવા માગતાં હતાં ?

(2) અમરતકાકીએ દવાખાનામાં મંગુ માટે કરેલી ભલામણો નોંધો.

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) અમરતકાકીનું સમગ્ર માતૃત્વ મંગુ ઉપર અભિષેક કરતું હતું - આ વાક્ય સમજાવો.

(2) દવાખાનાનું વર્ણન પાઠના આધારે કરો.

(3) મંગુને દવાખાને મૂકવા જતાં પહેલાંની અમરતકાકીની મનઃસ્થિતિનું વર્ણન કરો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- પાંચ-સાતના જૂથમાં વહેંચાઈ આ નવલિકાની સંવાદરૂપે અભિવ્યક્તિ કરો. આ નાટક તમારી શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં રજૂ કરો.
- તમને તમારી બા શા માટે ગમે છે એનાં સાત-આઠ કારણો આપો.
- તમારી આસપાસ કે પરિચિત હોય તેવાં વિકલાંગ બાળકોનો ઉછેર તેમનાં માતાપિતા કેવી રીતે કરે છે તે વિશે નોંધ લખો.

## ભાષા-અભિવ્યક્તિ

● 'ટંકે ખાવા ન આપે એવી કજાત નથી' - આ વાક્યરચના તપાસો. 'ન આપે' અને 'એવી નથી' એવા બે નકાર અહીં છે. બે નકાર હકારનો અર્થ બતાવે છે. આવી રચનામાં કોઈ શંકાને નિર્મૂળ કરવાનો હેતુ હોય છે.

● 'પેલું બારણું, અધખૂલું થઈને મંગુને ગળી ગયું' - નાનું સરખું એક વાક્ય કેટલું બધું કહી શકે છે ! મંગુ નજર આગળથી ગઈ એ ક્ષણની અમરતકાકીના હૈયાની વેદના આ વાક્યથી મર્મભેદી બની રહી છે. મંગુ કોઈ હિંસક પશુનાં જડબાં મારફતે દુઃખમાં ધકેલાતી હોય એવો ભાવ બતાવવા 'ગળી ગયું' શબ્દનો યોગ્ય ઉપયોગ થયો છે.

● 'અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં' - માતૃપ્રેમની પરાકાષ્ઠા બતાવતું આ વાક્ય કૃતિની ધરી બની રહ્યું છે. નાતમાં વટલાવુંનો સામાન્ય અર્થ નાત બદલવી એવો થાય છે. જે અહીં અલગ અર્થ માટે વપરાયો છે તે સમજો.

## શિક્ષકની ભૂમિકા

કહેવાય છે કે પૃથ્વી પરના દરેક બાળકની સંભાળ રાખવાનું ઈશ્વર માટે શક્ય ન બન્યું ત્યારે તેણે માનું સર્જન કર્યું. માતાને પોતાનું દરેક બાળક વ્હાલું હોય છે. ગાંડું, ઘેલું, મંદબુદ્ધિનું - ગમે તેવું હોય - પણ માને મન એ પોતાના હૃદયનો ટુકડો છે. 'લોહીની સગાઈ' કૃતિમાં આ વાત્સલ્યભાવની પરાકાષ્ઠા દર્શાવાઈ છે. ગાંડી દીકરી મંગુની માતાને કેટલી લાગણી, કેટલી ચિંતા છે તે અત્યંત સાહજિક રીતે અને કળાની ખૂબીથી વ્યક્ત થયું છે. 'મંગુને દવાખાને તો મૂકવી જ નથી'- એવા દઢ નિર્ણયમાં જે રીતે બાહ્ય બદલાવ આવે છે છતાં અંદરથી મન માનતું નથી - એ માનસિક સંઘર્ષનું ચિત્રણ દાદ માંગી લે તેવું છે તેની શિક્ષકે વિદ્યાર્થીઓ સમક્ષ વિગતે ચર્ચા કરવી.

દીકરો પણ માના દુઃખે ખૂબ દુઃખી છે અને પોતાનું કર્તવ્ય મનથી સ્વીકારે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. મંગુને દવાખાને મૂકીને આવ્યા પછી માનો વલોપાત, મંગુની ચિંતા, પોતે કરેલી ભૂલનો પશ્ચાત્તાપ, અમરતકાકીને પણ 'પાગલ' કરી મૂકે છે તેવો અંત ખૂબ કરુણ અને હૃદયસ્પર્શી છે તે સ્પષ્ટ કરવું. માતાના વાત્સલ્યભાવ સાથે અન્ય કોઈની તુલના શક્ય નથી તે સમજાવવું.

વિદ્યાર્થીઓ આ ભાવનું સન્માન કરે, માના વાત્સલ્યને સમજે, 'માતૃદેવો ભવ'ની ભાવના વિકસે તેવી ચર્ચા કરવી.

●

# 7 કામ કરે ઈ જીતે

**નાથાલાલ દવે**

**(જન્મ : 3-6-1912 અવસાન : 25-12-1993)**

તેમનો જન્મ ભાવનગર જિલ્લાના ભુવા ગામે થયો હતો. ગુજરાત રાજ્યના શિક્ષણાધિકારી તરીકે તેમણે ફરજ બજાવી હતી. 'કાલિંદી', 'જહાનવી', 'અનુરાગ', 'પિયાબિન', 'ઉપદ્રવ', 'મહેનતનાં ગીત', 'ભૂદાન યજ્ઞ', 'સોનાવરણી સીમ', 'હાલો ભેરું ગામડે' અને 'મુખવાસ' તેમના કવિતા સંગ્રહો છે. ગેયતા, પ્રકૃતિ ચિત્રો અને ગ્રામચિત્રો તેમની કવિતાની વિશેષતા છે.

'કામ કરે ઇ જીતે' માનવીય પરિશ્રમનું ગૌરવ કરતું જાણીતું ગીત સ્વરૂપનું કાવ્ય છે. પરિશ્રમ એ હાથ એટલે કે બાવડાની નીપજ છે. જે પરિશ્રમ કરે છે એ જીતે છે. અને દેશને તથા દુનિયાને બદલે છે. કવિએ મહેનત સાથે હૈયાનાં ખમીરની અને સામુહિક પુરુષાર્થની વાત કરીને સ્વનિર્ભરતા અને સ્વમાનની રખેવાળી કરવાનું સૂચવ્યું છે. તળપદી ભાષામાં કવિએ શ્રમની પવિત્રતા પ્રગટ કરી છે.

---

કામ કરે ઈ જીતે રે માલમ !
કામ કરે ઈ જીતે,
આવડો મોટો મલક આપણો
બદલે બીજી કઈ રીતે ? રે માલમ.

ખેતર ખેડીને કરો સીમ સોહામણી
બાંધો રે નદીયુંનાં નીર;
માગે છે દેશ આજ મહેનત મજિયારી,
હૈયાનાં માગે ખમીર, રે માલમ.

લિયો ત્રિકમ, ભાઈ ! લિયો કોદાળી ને
ઘર ઘર ગૂંજો ચરખે;
બાવડાંને જોરે આ દુનિયા બદલવી
નજરું હોઈ ઈ નીરખે, રે માલમ.

ઊંચું ભણેલાં તો ઑફિસમાં બેસે ને
નીકળે નહિ બ્હાર કોઈ રીતે;
કાગળ ઉપર કરે કરામતું ને
છાપાં ચોટાડે ભીંતે. રે માલમ.

હાલો રે ખેતર ને હાલો રે વાડીએ
વેળા અમોલી આ વીતે;
આજે બુલંદ સૂરે માનવીની મહેનતના
ગાઓ જયજયકાર પ્રીતે. રે માલમ.

**('સોનાવરણી સીમ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**સીમ** ખેતર કે ગામની હદ; તે ભાગની જમીન **મજિયારું** સહિયારું **ખમીર** જોશ; તાકાત **ત્રિકમ** જમીન ખોદવાનું એક ઓજાર **વેળા** સમય, ટાણું, વખત **બુલંદ** ઊંચો (અવાજ)

## વિરુદ્ધાર્થી

**જીત** હાર **સોહામણું** ડરામણું

## તળપદા શબ્દો

**મલક** પ્રદેશ, દેશ, મુલક **અમોલું** અમૂલ્ય **લિયો** લેવું

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) આપણો દેશ આપણી પાસે શું માગી રહ્યો છે ?

(A) સહિયારી મહેનતનું બળ (B) મહેનત વગરનું જીવન

(C) માત્ર ઊંચું ભણેલા લોકો (D) માત્ર કાગળ ઉપરનું કાર્ય

(2) આ દેશને કઈ રીતે બદલી શકાય ?

(A) નદીઓનાં નીરને બાંધીને (B) ખેતરોમાં મબલક પાકનું ઉત્પાદન કરીને

(C) નદીઓનાં નીરને વહેતાં કરીને (D) ઉપરના (A) અને (B) બંને રીતે

(3) દુનિયાને કઈ રીતે બદલી શકાય ?

(A) ખૂબ જ મહેનત કરીને (B) કામ કર્યા વગર

(C) આરામ કરીને (D) છાપાંને ભીંત ઉપર ચોટાડીને

(4) આ કાવ્યમાં...

(A) આળસનું મહત્ત્વ પ્રગટ થાય છે (B) પરિશ્રમનું મહત્ત્વ પ્રગટ થાય છે.

(C) ખાસ કશું જાણવા મળતું નથી (D) ઊંચું ભણેલા લોકોનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે.

**2. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ લખો :**

(1) આ કાવ્યમાં વ્યક્ત થતું મહેનતનું મહત્ત્વ તમારા શબ્દોમાં લખો.

(2) મુદ્દાસર નોંધ લખો : કાવ્યને આધારે શ્રમજીવીની અભિલાષા

**3. પંક્તિ સમજાવો :**

‘કામ કરે ઈ જીતે
આવડો મોટો મલક આપણો
બદલે બીજી કઈ રીતે ?’

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- એક ખેડૂતની મુલાકાત લો. એની ખેતીની પ્રવૃત્તિની જાણકારી વિશે સમજવાના દસ પ્રશ્નો તૈયાર કરો અને એના જવાબોના આધારે મુલાકાત અહેવાલ તૈયાર કરો.
- ખેડૂતની જીવનશૈલી વિશે નોંધ લખો.
- હવે પછી તમે ઘરનાં કયાં-કયાં કામો રોજ કરશો એની યાદી બનાવો.
- પુરુષાર્થનું મહિમાગાન કરતાં વાક્યો - સૂત્રો અને ગીતો મેળવી એનો અંક બનાવો. સૂત્રો નોટીસ બોર્ડ પર મૂકો.
- મહેનત કરીને આગળ વધી હોય એવી વ્યક્તિઓના પ્રેરક પ્રસંગો મેળવી વર્ગમાં રજૂ કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● કવિએ કાવ્યમાં 'નદીઓ' ને બદલે 'નદીયું', નજરને બદલે 'નજરું', 'કરામતો'ને બદલે 'કરામતું' શબ્દો વાપર્યા છે. આ પ્રાદેશિક વિશેષતા કાવ્યને અલગ ઓળખ અપાવે છે. તમારા પ્રદેશના આવા પ્રયોગો તરફ પણ તમે ધ્યાન આપો.

● 'માગે છે દેશ આજ મહેનત મજિયારી'

'કાગળ ઉપર કરે કરામતું'

'ખેતર ખેડીને કરો સીમ સોહામણી' જેવા વર્ણાનુપ્રાસની ખૂબી ચિત્ત ઉપર એક અલગ અસર ઊભી કરે છે તે સમજો.

● 'નજરું હોય ઈ નીરખે રે' - દૃશ્ય નહિ; દૃષ્ટિનું મહત્ત્વ છે. આ મૂલ્યવાન વાત કવિએ કેટલી સાહજિકતાથી મૂકી બતાવી છે તે જુઓ. જોવાનું કામ તો બધા કરે પણ સ્વપ્નદૃષ્ટા ભાવિનો વિચાર કરે છે એવું અહીં સૂચન છે.

## શિક્ષકની ભૂમિકા

શ્રમનું મહત્ત્વ દર્શાવતા આ કાવ્યમાં નીચે જેવા મુદ્દાઓની ચર્ચા શિક્ષકે વિદ્યાર્થીઓ સમક્ષ કરવી :

- સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય.
- પરિશ્રમ એ જ પારસમણિ
- જે કામ કરે તેને જ સફળતા મળે.

આપણા સમાજમાં ગરીબી અને બેકારીની સમસ્યા વધુ પ્રમાણમાં જોવા મળે છે. તેની પાછળ એક મોટું કારણ એ જાણવા મળે છે કે ઘણા માણસો બેકાર હોવા છતાં શ્રમયુક્ત કાર્ય કરવા તૈયાર નથી. ભણ્યા પછી અમુક કાર્ય તો મારાથી થાય જ નહિ તેવી ગેરસમજ વિદ્યાર્થીઓમાં દૂર કરવી.

પરિશ્રમ દ્વારા જ દેશને બદલી શકાશે, તેનો વિકાસ કરી શકાશે એ ભાવને વિશેષપણે ખોલવો.

●

# 8 છાલ, છોતરાં અને ગોટલા

બકુલ ત્રિપાઠી

(જન્મ : 26-11-1928, અવસાન : 31-8-2006)

બકુલ પદ્મમણિશંકર ત્રિપાઠીનો જન્મ નડિયાદમાં થયો હતો. તેઓ પ્રથમ હરોળના હાસ્ય સર્જક હતા. તેમણે કોમર્સ કોલેજમાં અધ્યાપન કાર્ય કર્યું હતું. 'સચરાચર', 'સોમવારની સવારે', 'દ્રોણાચાર્યનું સિંહાસન', 'હૈયું ખોલીને હસીએ', 'ગોવિંદે માંડી ગોઠડી' તેમના હાસ્ય નિબંધ સંગ્રહો છે. 'વૈકુંઠ નથી જાવું', 'હિંડોળો ઝાકમઝોળ', 'મન સાથે મૈત્રી', 'અષાઢની સાંજ', 'પ્રિય સખી', વગેરે તેમના લલિત નિબંધ સંગ્રહો છે. દૂરદર્શન પર આવતી તેમની 'ગપસપ' શ્રેણી ખૂબ લોકપ્રિય થયેલી. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

બકુલ ત્રિપાઠીનો 'છાલ, છોતરાં અને ગોટલા' હાસ્યનિબંધ 'હાસ્ય એટલે પ્રભુ સાથે મૈત્રી' પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે. આ નિબંધમાં લેખકે ભારતીય લોકોની ગમે ત્યાં કચરો નાખવાની, ગંદકી કરવાની માનસિકતા પર કટાક્ષ કર્યો છે. વેદ-પુરાણ-રામાયણ-મહાભારત આપનાર સંસ્કૃતિના લોકો એ જ સંસ્કૃતિના પ્રતીકસમાં મંદિરોની બહાર જ ગંદકી કરતા હોય છે. જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુનો વાસ હોય છે, પણ આપણે ત્યાં તો જ્યાં પ્રભુનો વાસ ત્યાં જ ગંદકી હોય છે. કેળાની છાલ, નારિયેળનાં છોતરાં અને મગફળીનાં ફોતરાંનાં ઉદાહરણો દ્વારા લેખક એક ગંભીર પ્રશ્ન તરફ આપણું ધ્યાન દોરે છે. એ માટે કાવ્યપંક્તિ, ફિલ્મી ગીત પંક્તિનો વ્યંગ્યાત્મક ઉપયોગ કર્યો છે. સમગ્ર હાસ્યનિબંધમાં લેખકે અવળવાણી અને કટાક્ષ દ્વારા આપણી ગંદકી અને અણઘડતાની કુટેવને પ્રકાશિત કરી છે.

---

આપણી મૂળ ભારતીય સંસ્કૃતિ એ વેદ, પુરાણો, ઉપનિષદની સંસ્કૃતિ, રામાયણ-મહાભારત-ભાગવતની સંસ્કૃતિ, રામ, કૃષ્ણ અને બુદ્ધની સંસ્કૃતિ.

પણ એ તો બહુ પુરાણી વાત થઈ. આગળ જતાં આપણે ભારતદેશમાં આજે નવી જ સંસ્કૃતિ વિકસાવી છે - છાલ, છોતરાં અને ગોટલાની સંસ્કૃતિ !

પેલી મહાન સંસ્કૃતિના અવશેષો આજેય જડે છે. પુરાણાં મંદિરો, સ્થાપત્યો, સ્તૂપો... પણ એ બધાંયને ઢાંકી દે છે, આપણી નવી સંસ્કૃતિ - છાલ, છોતરાં અને ગોટલાની સંસ્કૃતિ.

અરે, પેલી પુરાણી સંસ્કૃતિનેય - મંદિરો, સ્થાપત્યો, સ્તૂપો ઉપર છવાઈ ગયાં છે આજની આપણી તાજા-બ-તાજા, નૌ-બ-નૌ સંસ્કૃતિનાં પ્રતીકો - છાલ, છોતરાં અને ગોટલા ! ખરેખર તમને આપણાં યાત્રાધામોમાં પણ શિલ્પો, મૂર્તિઓ, ધર્મપ્રતીકોની આસપાસ નાળિયેરનાં છોતરાં વેરાયેલાં દેખાશે. એમ તો કેળાં પવિત્ર ફળ છે. ઉપવાસ વખતે ફરાળનું ફળ છે ! એની છાલો આપણને ઠેરઠેર દેખાશે આપણાં ધર્મસ્થાનોએ ! અને આપણે ધાર્મિક ભાવનાવાળાં હોવાથી પરમેશ્વરની આપણા પર અઢળક કૃપા છે - આપણા દેશમાં આંબા છે, આમ્રફળ છે, વિશ્વના શ્રેષ્ઠ આંબા પરમેશ્વરે આપણા ભારત દેશને આપ્યા છે. આનાથી આભારવશ થઈને આપણે ગોટલા પ્રભુને અર્પણ કરીએ છીએ; જોજો આપણાં યાત્રાધામોની ગલીઓમાં !

એટલે જ હું કહું છું આપણી નૂતન સંસ્કૃતિ છે - છાલ, છોતરાં અને ગોટલાની સંસ્કૃતિ !

અરે, પેલા પ્રાચીન સંસ્કૃતિનાં પ્રતીકો તો ક્યાંક ક્યાંક જ દેખાય છે. ક્યાં સોમનાથ અને ક્યાં દ્વારકા, ક્યાં અંબાજી અને ક્યાં ડાકોર, ક્યાં બનારસ અને ક્યાં જગન્નાથપુરી ! છૂટાછવાયા - ક્યાંક ક્યાંક જ - આવ્યાં છે આપણી પ્રાચીન સંસ્કૃતિનાં પ્રતીક... પણ આપણી નૂતન સંસ્કૃતિનાં પ્રતીક તો દેશમાં ક્યાં નથી ? ઠેર ઠેર, અત્રતત્ર સર્વત્ર ! છાલ, છોતરાં, ગોટલા !

એમાં સૌથી પવિત્ર છે ગોટલા ! આખોય ગ્રીષ્મનો સમય આપણે આપણી ગલીઓ, શેરીઓ, માર્ગોને ગોટલાથી વિભૂષિત કરવામાં ગાળીએ છીએ. આપણે ઉદાર છીએ, કેરીનો રસ આપણે ખાઈએ છીએ એ કબૂલ, પણ કેરીનો રસ કરતાં ગોટલા વધારે વજનદાર હોય છે, એ આપણે અર્પણ કરીએ છીએ સમાજને ! આપણે ખુલ્લામાં એને ઠાલવી દઈએ છીએ - જેને ભોજન કરવું હોય તે કરે ! ઘણુંખરું ગૌમાતાઓ આનાથી પ્રસન્ન થાય છે - આપણે તો શું આપણી માતા કે શું ગૌમાતા, અડધી કેરી (રસ પૂરતી) આપણી સગી માતાને અર્પણ, બાકીની અડધી કેરી (ગોટલા પૂરતી) ગૌમાતાને અર્પણ !

આપણે મ્યુનિસિપાલિટીનું પીપ પાસે પડ્યું હોય તો પણ ગોટલા તો બહાર જ નાખીએ છીએ. એનું કારણ સમજો. પીપમાં ઊંડેથી ગોટલા કાઢીને ગાયમાતા કેવી રીતે ખાઈ શકે ? બહાર પડ્યા હોય તો ગાયો પણ ખાય, શ્વાનોને પણ સુગંધ લેવી હોય તો લે, મક્ષિકાઓ પણ યથાશક્તિ આસ્વાદ લે - આપણે તો માનીએ છીએ કે જીવમાત્રને ઈશ્વરે ઘડેલો છે ! શું આપણાં છોકરાં કેરીનો રસ ખાય અને મક્ષિકાનાં બચ્ચાં ભૂખ્યાં રહે ? ના ચાલે ! આપણી સંસ્કૃતિ એ સ્વાર્થીપણાને સ્વીકારતી નથી, આપણે તો ગોટલા ખુલ્લામાં જ નાખવાના !

છોતરાં - મોટેભાગે મગફળીનાં - એ મૂલ્યવાન વસ્તુઓ છે પણ ગાયો કે મક્ષિકાઓને એ કામ નથી આવતાં એટલે આપણે છોતરાંને એક જગ્યાએ ખૂણામાં કે દીવાલ પાસે કે રસ્તા વચ્ચે ઢગલામાં નથી નાખતાં... આપણે શિંગના છોતરાંને સર્વત્ર વેરતા ફરીએ છીએ ! સબ ભૂમિ ગોપાલકી, શા માટે પૃથ્વીની એક ચોરસમીટર જેટલી જગ્યા પણ ફોતરાંવિહોણી રાખવી ? આપણે બગીચામાં, થિયેટરમાં, ઑફિસ કંપાઉંડમાં, શાળાના વર્ગમાં સર્વત્ર ફોતરાં વેરતા વેરતા ચાલ્યા જઈએ છીએ ! એક કવિએ કહેલું :

**''બેફામ, તોયે કેટલું થાકી જવું પડ્યું**
**નહિ તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.''**

શાયરે વ્યંગમાં કહ્યું છે કે ઘરથી કબર સુધી કેટલી ટૂંકી જિંદગી છે - પણ એટલામાંય આપણને કેટલો બધો જિંદગીનો થાક અનુભવાય છે !

મને કવિને કહેવાનું મન થાય છે કે જિંદગીનો થાક ન લાગે કવિ, જો તમે ઘરથી કબર સુધી ફોફાં ખાતા ખાતા ટહેલતા ટહેલતા જાઓ અને ફોફાંનાં ફોતરાં સર્વત્ર વેરતા જાઓ તો !

બીજા એક ફિલ્મી શાયરે ગાયું છે, ''દિલકે ટુકડે હજાર હુએ, એક યહાં ગિરા એક વહાં ગિરા !'' હવે દિલનું શું છે કે આપણામાંના કેટલાકની પાસે જ એ હોય છે. બધાં પાસે નથી હોતું. વળી જેની પાસે હોય છે તેનુંય દિલ તૂટે છે માત્ર જુવાનીમાં જ ! એટલે દિલના હજાર ટુકડા થાય અને એક અહીં ફેંકતા જઈએ અને એક ત્યાં ફેંકતા જઈએ એવું સદ્‌ભાગ્ય તો કો'કને જ મળે છે. પણ 'ફોફાં કે ટુકડે દો ચાર હુએ એક યહાં ગિરા એક વહાં ગિરા !'' એ ગીત તો ગૌરવપૂર્વક આપણે ગાઈ શકીએ એમ છીએ - શૈશવથી તે વૃદ્ધાવસ્થા સુધી !

એટલે જ દિલના ટુકડા વેરાયેલા તો માત્ર કૉલેજ કંપાઉંડમાં દેખાય છે - પણ ફોફાં કે ટુકડે ઈધર ઉધર યહાંવહાં સબ જગહ !

જોકે આ પણ પુણ્યવંતી પ્રવૃત્તિ છે - એમાં જીવદયા સમાઈ છે. ફોફાંનાં ફોતરાંમાં જો શિંગફોતરાં પણ હોય તો એના પર કીડીઓ આવે છે - ઘણીવાર તો કીડીઓ સહકુટુંબ મિત્રમંડળ સહિત આવે છે. હવે કીડી બિચારું નાનું જંતુ, આપણે ફોફાંના ફોતરાંને રૂમાલમાં નાખીને, નાની પોટલી વાળી, ખિસ્સામાં રાખીને પછી મ્યુનિસિપલ કચરાપેટી દેખાય ત્યાં જઈને ઠાલવી શકીએ - વિદેશોમાં આવો સજ્જડ નિયમ છે. પણ આપણે તો જીવદયાવાળા માનવીઓ રહ્યા - આપણી કીડીબહેનો બિચારી કેટલુંય ચાલીને છેક કચરાપેટી સુધી ક્યાં જાય ? બિચારી થાકી ન જાય ? એટલે જ આપણે દયા આણીને એને ફોતરાંની હોમડિલિવરી આપીએ છીએ ! કીડીઓ સર્વત્ર, ફોતરાં સર્વત્ર, સેવ ભૂસું ચવાણું એના દાણા સર્વત્ર, એટલે કીડીઓ સર્વત્ર... આપણી લાગણીઓ સર્વવ્યાપી, આપણે ત્યાં કીડી, મંકોડા, માખી, મચ્છર સર્વવ્યાપી ! આપણે બધા માનવીઓ અને જંતુઓ પરસ્પર પ્રેમ રાખીને કેવું મધુરું જીવીએ છીએ ! મૂરખ યુરોપ, અમેરિકાવાળા આ સમજી શકતા જ નથી ! અરેરે, કારુણ્ય, કારુણ્ય, અપાર કારુણ્ય.

અને છાલ ? છાલ, છોતરાં અને ગોટલાની આપણી સંસ્કૃતિનો પ્રથમ પાયો - છાલ ! બને તો કેળાંની, પણ નારંગીની, મોસંબીની કે નાળિયેરની પણ ચાલે - આપણે આ બધા પ્રકારની છાલ સર્વત્ર ફેંકીએ છીએ - પણ ફેંકવા માટે કેળાંની છાલ શ્રેષ્ઠ ! કેળું ખાઈને કેળાંની છાલ આમ ફટાક દઈને ફગાવી દેવી એ તો આપણી પ્રિય રાષ્ટ્રીય રમત છે. ઑલિમ્પિકવાળા દડાફેંકની અને ભાલાફેંકની રમતો રાખે છે એટલે આપણો પત્તો નથી ખાતો, કાંસાનો ચંદ્રક પણ નથી મળતો. પણ કેળાંની છાલફેંકની સ્પર્ધા રાખે તો ભારતીય ખેલાડીને જ સુવર્ણ ચંદ્રક મળે. બીજાઓને બિચારાઓને આવડે જ નહિ ને ! કારણ પ્રેક્ટિસ જ નહિ ને ! બીજા દેશોના લોકો તો કેળાં ખાઈને છાલ પ્લાસ્ટિકની બૅગમાં મૂકીને ડસ્ટબીન પાસે જઈને અંદર મૂકી આવે છે ! બિચ્ચારાઓ !

મેં તો અમેરિકામાં ત્યાંના ખેલાડીઓને મોઢામોઢ સંભળાવ્યું - ''તાકાત હોય, તમારી માએ શેર સૂંઠ ખાધી હોય તો ઑલિમ્પિકમાં રાખો કેળાંની છાલફેંક સ્પર્ધા ! છે તાકાત ?''

એ લોકોએ મને પૂછ્યું, ''વોટ ઇઝ શેર સૂંઠ ?''

મેં કહ્યું, ''કપાળ તમારું !''

મેં તો ઘરને ત્રીજે માળેથી ઘરની અંદરથી કેળાંની છાલ ફેંકતા મિત્રોને જોયા છે કે જેમની છાલ બારી બહાર, બાલ્કની બહાર, બરાબ્બર સડકની વચ્ચોવચ્ચ પડે ! બે ફૂટ આમેય નહિ ને પાંચ ફૂટ તેમેય નહિ ! બરાબર રસ્તાની મધ્યમાં ! કંપાસ લઈને માપી જુઓ !

કેળાંની છાલફેંકનું અજબનું કૌશલ્ય છે આપણી પાસે ! સાંભળ્યું છે કે કેટલાંક બાલમંદિરોએ આપણી આ સંસ્કૃતિની વિરુદ્ધ પ્રચાર શરૂ કરી દીધો છે. અરે ! બાળકોને સ્વચ્છતાની ટેવોય પાડવામાં આવી રહી છે !

પરિવર્તનનું કારુણ્ય એ તો અનહદ ! અહા !

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**મૂળ** પ્રાચીન; અસલ **મક્ષિકા** માખી **નૂતન** નવું **પ્રાચીન** જૂનું **યશાશક્તિ** શક્તિ પ્રમાણે **ડસ્ટબીન** કચરાપેટી **વિભૂષિત** શણગારેલું

### વિરુદ્ધાર્થી

**શ્રેષ્ઠ** કનિષ્ઠ **નૂતન** પ્રાચીન **પવિત્ર** અપવિત્ર **ઉદાર** કઠોર **પ્રસન્ન** અપ્રસન્ન **સદ્ભાગ્ય** દુર્ભાગ્ય **સહિત** રહિત **ઉદાર** કંજૂસ

### તળપદા શબ્દો

**જડવું** મળવું

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) બકુલ ત્રિપાઠીના મતે ભારત દેશમાં આપણે કઈ નવી સંસ્કૃતિ વિકસાવી છે ?

(A) શ્રીરામ, શ્રીકૃષ્ણ અને ભગવાન બુદ્ધની સંસ્કૃતિ

(B) પુરાણાં મંદિરો, સ્થાપત્યો અને સ્તૂપોની સંસ્કૃતિ

(C) છાલ, છોતરાં અને ગોટલાની સંસ્કૃતિ

(D) વેદ, પુરાણો, ઉપનિષદની સંસ્કૃતિ

(2) વિશ્વના શ્રેષ્ઠ આંબા આપનાર પરમેશ્વરને આપણે આભારવશ થઈને શું અર્પણ કરીએ છીએ ?

(A) અમૃત જેવી કેરી (B) આમ્રફળ

(C) આંબાનાં પાંદડાં (D) ગોટલા

(3) બકુલ ત્રિપાઠીના મતે મગફળીનાં ફોતરાં આપણે ક્યાં વેરીએ છીએ ?

(A) બગીચામાં (B) શાળાના વર્ગમાં

(C) થિયેટરમાં (D) (A) (B) (C) ત્રણેયમાં

(4) ઑલિમ્પિકમાં કઈ સ્પર્ધા રાખવાનું લેખક સૂચવે છે ?

(A) દડા ફેંકની (B) ભાલા ફેંકવાની

(C) કેળાંની છાલ ફેંકવાની (D) દોડવાની

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) અમેરિકાના ખેલાડીઓને લેખકે કઈ ચેલેન્જ કરી ?

(2) કીડીઓના પરીવારની લેખકે કઈ ચિંતા વ્યક્ત કરી છે ?

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) જીવદયા પ્રેમના નામે લેખક આપણી કઈ નબળાઈ તરફ ધ્યાન દોરે છે ?

(2) આ પાઠમાંથી આપણને શું શીખવા મળે છે ?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમે તમારા વિસ્તારને સ્વચ્છ બનાવવા શું-શું કરી શકો એ વિશે જૂથચર્ચા કરો તથા કાર્યશિબિર ગોઠવો.
- ડૉ. અબ્દુલ કલામનો ભારતના નાગરિકોને લખેલો પત્ર મેળવીને વાંચો.
- 'જાહેરસ્થળોની સ્વચ્છતા માટે તમે શું-શું કરો' એ વિષય પર જૂથચર્ચાનું આયોજન કરો અને એમાં તારવેલા મુદ્દાઓને આધારે એક નાટક તૈયાર કરી તમારી શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં એ નાટક ભજવો.

## ભાષા-અભિવ્યક્તિ

- 'આપણી સંસ્કૃતિ એ સ્વાર્થીપણાને સ્વીકારતી નથી,...'

આપણે સ્વાર્થી મનુષ્યો નથી એમ પ્રશંસી, લેખક આપણને ગમે ત્યાં ગોટલા નાખનારા કહી ખરેખર કાન પકડે છે. વ્યાજસ્તુતિથી આ વર્ણન આહ્લાદક બન્યું છે.

- 'મૂરખ યુરોપ, અમેરિકાવાળા આ સમજી શકતા નથી...'

ઉપદેશને બદલે હાસ્ય, વ્યંગ દ્વારા સમજાવતા લેખક મૂરખ જેવા નીંદનીય વિશેષણથી યુરોપ, અમેરિકાવાસીઓની પ્રશંસા જ કરે છે. આ વ્યાજસ્તુતિ સમજો.

- 'કીડીઓ સર્વત્ર, ફોતરાં સર્વત્ર, સેવ, ભૂસું, ચવાણું સર્વત્ર...'

રજૂઆતમાં પુનરાવર્તન કેવું અસરકારક બને છે તે આ વાક્યથી ઊપસી આવ્યું છે. વળી સીધી રજૂઆતને બદલે વ્યંગભરી રજૂઆત કેવી આહ્લાદક બને છે તે નીચેનાં ઉદાહરણોથી સમજવા પ્રયાસ કરો :

| | સાદી રજૂઆત | | વ્યંગભરી રજૂઆત |
|---|---|---|---|
| (1) | ગમે ત્યાં ફોતરાં નાખતાં ગંદકી થાય અને કીડીઓ આવે છે. | 1. | કીડીબહેનો બિચારી કેટલુંય ચાલીને છેક કચરાપેટી સુધી ક્યાં જાય ?... આપણે દયા આણીને એને ફોતરાંની હોમડિલિવરી આપીએ છીએ ! |
| (2) | આપણે સર્વત્ર છોતરાં નાખતા રહીએ છીએ. | 2. | સબ ભૂમિ ગોપાલકી, શા માટે પૃથ્વીની એક ચોરસ મીટર જેટલી જગ્યા પણ ફોતરાંવિહોણી રાખવી? |

## શિક્ષકની ભૂમિકા

આપણે ત્યાં સરેઆમ નિયમોના અમલીકરણની બેદરકારી, ધાર્મિક અને જાહેરસ્થળોની સ્વચ્છતાની બેજવાબદારી તેમ જ એ બધી નબળાઈનું જાણે કે ગૌરવ હોય તે સ્થિતિ લેખકે માર્મિક શૈલીમાં વ્યંગ સ્વરૂપે પ્રગટ કરી છે તે અંગે ઉદાહરણો સાથે વિદ્યાર્થીઓને સમજાવવું.

સ્વચ્છતા રાખવા શું કરવું જોઈએ ? નાગરિકની ફરજો શી છે ? બીજા દેશોમાં આપણા દેશની સરખામણીએ કેમ વધુ સ્વચ્છતા હોય છે તે અંગે વિદ્યાર્થીઓની સાથે વિગતે ચર્ચા કરવી અને પોતાની ફરજનિષ્ઠા અંગે સભાન બનાવવા.

બીજા દેશોમાં જનારા ભારતીયો ત્યાંના નિયમો ચુસ્તપણે પાળે છે પણ ભારતમાં પગ મૂકતાની સાથે જ બદલાવ આવી જાય છે તે અંગેનો ડૉ. અબ્દુલ કલામનો લેખ મેળવી વિદ્યાર્થીઓને વાંચી સંભળાવી તેમાં રજૂ થયેલા વિચારોથી અવગત કરાવવા.

●

# વ્યાકરણ એકમ-2 : ધાતુ-પ્રત્યય

**પરિસ્થિતિ : ક્રિયા-પ્રક્રિયા-સ્થિતિ**

**નીચેનાં વાક્યો વાંચો :**

(1) ગીતા બગીચામાં છે.

(2) ગીતા બગીચામાં રમે છે.

(3) શિક્ષક વર્ગમાં છે ?

(4) ટેબલ પર ચોપડી નથી.

(5) વિદ્યાર્થીઓ વર્ગમાં ભણે છે.

આ વાક્યો તમે ધ્યાનથી વાંચો તો તમને ખ્યાલ આવશે કે જ્યારે વાક્ય 2 અને વાક્ય 5 વાંચો છો ત્યારે તમને 'ગીતા' કે 'વિદ્યાર્થીઓ' પ્રવૃત્તિ કરતાં હોય તેમ ખબર પડે છે. જ્યારે વાક્ય 1, 4 કે 5-માં કોઈ પ્રવૃત્તિનો ઉલ્લેખ નથી. માત્ર 'ગીતાનો બગીચામાં હોવાનો' કે 'ટેબલ પર ચોપડી ન હોવાનો' ઉલ્લેખ છે કે વાક્ય-3માં 'શિક્ષકના વર્ગમાં હોવા' અંગેની માહિતી માંગી છે. એટલે કે, વાક્ય-1, 4 કે 5-માં કશું કે કોઈના 'હોવા કે ન હોવા'ની વાત છે.

જ્યારે આપણે વ્યક્તિ કે વસ્તુના 'હોવા કે ન હોવાની' વાત કરીએ છીએ, ત્યારે તેને 'સ્થિતિ' કહેવાય છે. નીચેનાં વાક્યો જોતાં 'સ્થિતિ' વિશે વધુ સ્પષ્ટતા થશે.

(1) પોપટ પિંજરામાં છે.

(2) તમારી નોટ પર પૂંઠું છે ?

(3) તમારા કંપાસમાં બે પેન છે ?

(4) પપ્પુ પાસે પેન્સિલ નથી.

(5) નિબંધની નોટો ખાનામાં છે.

તમે જોઈ શકો છો કે અહીં 'પોપટ, પૂંઠું, પેન, પેન્સિલ કે નિબંધની નોટો' - ની માત્ર 'હોવા અથવા ન હોવાની' બાબતનો જ નિર્દેશ છે.

નીચેનાં વાક્યોમાંથી 'સ્થિતિ' દર્શાવતાં વાક્યો ઓળખી શકો ? તેમને ઓળખો અને અલગ તારવો.

(1) ભાઈઓના ઘરમાં ભગવાને ઘણું ધાન આપ્યું છે.

(2) દવા કરનારાઓ વણનોતર્યા ઘેર આવી પહોંચતા.

(3) દવાખાનું પાંજરાપોળ જેવું હશે.

(4) અમે ભમ્યાં અહીંના ખેતરમાં, ડુંગરમાં, કોતરમાં

(5) મંગુ સિવાય અમરતકાકીને ત્રણ સંતાન હતાં.

(6) અંદર કોઈને જોવા દેવાનો કાયદો નથી.

(7) મેં દાતણ નથી કર્યું.

(8) આ છોડીની મા નથી ?

(9) અમરતકાકી અને દીકરો મંગુને દવાખાનામાં મૂકી બહાર નીકળ્યાં.

(10) એને મૂંગા ઢોર જેટલું ય ભાન નથી.

ઉપરનાં વાક્યો વાંચતા કયા વાક્યમાં માત્ર કશાકના 'હોવા કે ન હોવા' અંગેનો ખ્યાલ આવ્યો ? ક્યાં વાક્યો 'સ્થિતિ' સૂચવે છે ? વાક્ય-3માં દવાખાનું 'પાંજરાપોળ જેવું હોવાની' શક્યતા દર્શાવાઈ છે. તો વાક્ય-5માં

અમરતકાકીનાં મંગુ સિવાય અન્ય સંતાનો 'હોવાનો' નિર્દેશ છે. વાક્ય-6માં 'કાયદો ન હોવા'નું કહેવાયું છે. વાક્ય 8માં 'મા હોવા કે ન હોવા' અંગે પ્રશ્ન છે. તો વાક્ય-10.માં 'એને બિલકુલ ભાન હોવાનો' નિર્દેશ છે. એટલે કે વાક્ય-3, 5, 6, 8 અને 10 'સ્થિતિ' દર્શાવતાં વાક્યો છે.

જો આ વાક્યોમાં 'સ્થિતિ' છે તો બાકીનાં વાક્યોમાં શેનો નિર્દેશ છે ? બાકીનાં વાક્યોમાં કોઈ પ્રવૃત્તિનો નિર્દેશ છે. જેને આપણે વ્યાકરણી ભાષામાં 'સ્થિત્યંતર' કહીએ છીએ. એટલે કે વ્યક્તિ કે વસ્તુ જે એક સ્થિતિમાં હોય તેનાથી બીજી સ્થિતિમાં પરિવર્તન પામે. જેમકે, વાક્ય-9માં 'અમરતકાકી અને દીકરો મંગુને દવાખાનામાં મૂકી બહાર નીકળ્યાં.' માં 'અમરતકાકી અને દીકરો' પહેલાં દવાખાનામાં હતાં, હવે એ સ્થિતિમાં પરિવર્તન આવ્યું. તેઓ 'બહાર નીકળ્યાં.'

આવાં સ્થિત્યંતર ધરાવતાં વાક્યોમાં પણ પ્રકાર હોય છે. નીચેનાં વાક્યો વાંચો :

(1) ભાઈ ઓફિસ ગયો.

(2) સૂરજ આથમ્યો.

(3) રાજેશ કૂદ્યો.

(4) બોલ ઉછળ્યો.

(5) મોહન અંધારામાં ડરી ગયો.

આ વાક્યોમાં કાંઈ જુદું લાગે છે ? સારું. હવે તમે આ વાક્યોમાં 'જાણીજોઈને' કે 'પોતાની જાતે' એવા શબ્દો ઉમેરો તો !

(1) ભાઈ પોતાની જાતે ઓફિસ ગયો.

(2) સૂરજ પોતાની જાતે આથમ્યો.

(3) રાજેશ જાણી જોઈને કૂદ્યો.

(4) બોલ જાણી જોઈને ઊછળ્યો.

(5) મોહન પોતાની જાતે અંધારામાં ડરી ગયો.

આમાંના કયાં વાક્યો તમને વિચિત્ર લાગ્યાં ? સૂરજ કાંઈ પોતાની જાતે આથમે ? બોલ જાણીજોઈને ઊછળે ખરો ? કોઈ પોતાની જાતે ડરે ? જે પ્રવત્તિ જાણી જોઈને ન થાય, પોતાની જાતે ન થાય, કુદરતી રીતે થઈ જાય તેને 'પ્રક્રિયા' કહેવાય છે. અને જે પ્રવૃત્તિ જાણી જોઈને, ઈરાદાપૂર્વક કરવામાં આવે ત્યારે તેને 'ક્રિયા' કહે છે. ઉપરનાં વાક્યોમાં જોઈએ તો 'ભાઈનો ઓફિસ જવાનો ઈરાદો છે, તે જાણીજોઈને ઓફિસ ગયો છે. અથવા રાજેશ ઈરાદાપૂર્વક કૂદ્યો છે. 'કૂદવું' કે 'ન કૂદવું' તે રાજેશ નક્કી કરે છે. 'કૂદવા' પર રાજેશનું નિયંત્રણ છે. પણ 'ઊછળવું' કે 'ન ઊછળવું' તે બોલ નક્કી નથી કરતો. એટલે કે 'ઊછળવા' પર બોલનું નિયંત્રણ નથી. તેથી 'આથમવું', 'ઊછળવું', 'ડરવું' એ પ્રક્રિયાઓ છે પણ 'જવું', 'કૂદવું' એ ક્રિયાઓ છે. અન્ય વાક્યો જોતાં ક્રિયા - પ્રક્રિયા વધુ સ્પષ્ટ થશે.

**ક્રિયા :**

(1) મંગુને ગાંડાના દવાખાનામાં મૂકવાની સલાહ લોકો અમરતકાકીને આપતા.

(2) જન્મની ગાંડી અને મૂંગી દીકરીને એ જે રીતે ઉછેરતાં, ચાકરી કરતાં અને લાડ લડાવતાં એ પ્રત્યક્ષ જોઈ લોકો એમનાં વખાણ પણ કરતા.

(3) અમરતકાકીએ જિંદગીમાં પહેલી વખત દવાખાનાનો વિરોધ ન કર્યો.

(4) ફળિયા બહાર નીકળતાં એણે ધોતિયાના છેડા વતી આંખો લૂછી નાખી.

(5) મેં મોઢું નથી ધોયું.

**પ્રક્રિયા :**

(1) અમરતકાકીની આંખમાં ઝળઝળિયાં આવી જતાં.

(2) આવતા માગશર મહિનામાં એની દશા બદલાય છે એટલે સારું થઈ જશે.

(3) મંગુ મોટી થતી જતી હતી.

(4) આટલું બોલતાં એમનો કંઠ ભરાઈ આવ્યો.

(5) રાતે બત્તી હોય તો એને ઉંઘ નથી આવતી.

ઉપરનાં ક્રિયાત્મક વાક્યોમાં આપવું, ઉછેરવું, ચાકરી કરવી, લાડ લડાવવા, વખાણ કરવા, વિરોધ કરવો, લૂંછવું, ધોવું - વગેરે જેવાં ક્રિયાપદો જોઈ શકાય છે. આ ક્રિયાપદો 'ક્રિયા' છે કારણ કે તે જાણીજોઈને, ઇરાદાપૂર્વક કોઈક કરે છે. જ્યારે પ્રક્રિયાત્મક વાક્યોમાં 'ઝળઝળિયાં આવવાં, દશા બદલાવી, સારું થવું, મોટા થવું, કંઠ ભરાઈ આવવો, ઉંઘ આવવી - આ બધા સ્થિત્યંતર પર કોઈનું નિયંત્રણ નથી. કોઈ ઇરાદાપૂર્વક કશું કરતું નથી, આપોઆપ થાય છે. તેથી તે 'પ્રક્રિયા' છે.

હવે, નીચેનાં વાક્યોમાંથી તમે ક્રિયા - પ્રક્રિયા ધરાવતાં વાક્યો જુદાં તારવી શકશો ? આમ તો તારવી જ શકશો. પણ જો મુંઝાવ તો 'ક્રિયા' ઓળખવાની ચાવી યાદ છે ને ? જ્યાં તમે 'જાણીજોઈને', 'ઇરાદાપૂર્વક' જેવા પ્રયોગ ઉમેરી શકો તે ક્રિયા. પણ 'આપોઆપ' કે 'એની મેળે' જેવા પ્રયોગ ઉમેરી શકો તો તે 'પ્રક્રિયા'.

(1) અહીં અમારાં તનધન અર્પ્યાં.

(2) આપણે ભારત દેશમાં આજે નવી જ સંસ્કૃતિ વિકસાવી છે.

(3) અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં.

(4) ગામની એક દીકરી - કુસુમ - ગાંડી થઈ ગઈ.

(5) અમરતકાકીએ એમની શ્રદ્ધા પ્રમાણેના ઉપચાર ચાલુ રાખ્યા હતા.

(6) શરમથી તેમનું ડોકું નીચું નમી ગયું.

(7) રાતમાં હું એને કેટલી વાર ઓઢાડું છું.

(8) પત્ર મળતાં દીકરો આવી પહોંચ્યો.

(9) અમરતકાકીને એથી દુ:ખ તો થયું.

(10) પેલી મહાન સંસ્કૃતિના અવશેષો આજેય જડે છે.

ઉપરનાં વાક્યોમાં વાક્ય-1, 2, 5 7 અને 8 - ક્રિયાત્મક પરિસ્થિતિ દર્શાવે છે. અને વાક્ય-3, 4, 6, 9 અને 10 પ્રક્રિયાત્મક પરિસ્થિતિ દર્શાવે છે.

આપણે ટૂંકમાં જોઈએ તો-

- વાક્ય દ્વારા કોઈ પરિસ્થિતિ સૂચવાતી હોય છે.
- જો માત્ર કોઈ વ્યક્તિ કે પદાર્થના હોવા કે ન હોવા અંગેની પરિસ્થિતિનો જ નિર્દેશ હોય તો તેને 'સ્થિતિ' કહે છે.
- જો સ્થિત્યંતરની પરિસ્થિતિ હોય અને તે કોઈના દ્વારા ઇરાદાપૂર્વક કરવામાં આવે, પરિસ્થિતિ કોઈના નિયંત્રણમાં હોય તો તેને 'ક્રિયા' કહે છે.
- જો સ્થિત્યંતરની પરિસ્થિતિ હોય અને તે કુદરતી રીતે કે આપોઆપ થતી હોય, તેના પર કોઈનું નિયંત્રણ ન હોય તો તેને 'પ્રક્રિયા' કહે છે.

## કાળ-અવસ્થા

નીચેનો ફકરો ધ્યાનથી વાંચો. તેમાં કેટલીક ખાલી જગ્યા આપી છે. તેની બાજુમાં આપેલા ક્રિયાપદના યોગ્ય રૂપનો ઉપયોગ કરીને તમારે માત્ર એ ખાલી જગ્યા પૂરવાની છે.

(1) હલો દીદી ! તું કેમ છે ? હું ? હું મઝામાં છું. જીજાજી શું ................ (કર-વું) ? અરે, અહીં તો અમે બધાં જલસા .................... (કર-વું). અત્યારે બધાં શું કરે છે, એમ ? દાદા રેડિયો પર સમાચાર ............... (સાંભળ-વું). બા વટાણા ................. (ફોલ-વું). મમ્મી ભાજીપાંઉ .............. (બનાવ-વું). ગુડિયા પપ્પા પાસે ગણિત ........... (ભણ-વું). પપ્પા તેને પ્રમેય .............. (શીખવ-વું).

ખાલી જગ્યાઓ પૂરી ? સાવ સરળ હતું, બરાબર ? તેમ છતાં જવાબની ખાતરી કરી લઈએ ?

(1) હલો દીદી ! તું કેમ છે ? હું ? હું મઝામાં છું. જીજાજી શું <u>કરે છે ?</u> અરે, અહીં તો અમે બધાં જલસા <u>કરીએ છીએ.</u> અત્યારે બધાં શું કરે છે, એમ ? દાદા રેડિયો પર સમાચાર <u>સાંભળે છે.</u> બા વટાણા <u>ફોલે છે.</u> મમ્મી ભાજીપાંઉ <u>બનાવે છે.</u> ગુડિયા પપ્પા પાસે ગણિત <u>ભણે છે.</u> પપ્પા તેને પ્રમેય <u>શીખવે છે.</u>

તમે બરાબર જવાબોથી ખાલી જગ્યા પૂરી હતી, ને ? તમને ખબર પડી કે તમે શું કર્યું ? તમે પહેલા ફકરામાં વાંચ્યું કે 'હું મઝામાં છું.' એટલે તમે 'કરીએ છીએ, સાંભળે છે - જેવા ક્રિયાપદોથી ખાલી જગ્યા પૂરી. આ વર્તમાન કાળનાં રૂપો છે. આ રૂપના પ્રત્યયો તમે રોજ વાપરો જ છો. છતાં અહીં ફરી એક વાર જોઈ લઈએ ?

| વર્તમાનકાળ | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | એકવચન | | | | | બહુવચન | | | | |
| | | પ્રત્યય | રચના | (લખવું) | (દોડવું) | | પ્રત્યય | રચના | (લખવું) | (દોડવું) |
| પ્રથમ પુરુષ | હું | -ઉં | (લખ + ઉં) (છ + ઉં) | લખું છું | દોડું છું | અમે - આપણે | -ઈએ | (લખ + ઈએ) (છ + ઈએ) | લખીએ છીએ | દોડીએ છીએ |
| બીજો પુરુષ | તું | -એ | (લખ + એ) (છ + એ) | લખે છે | દોડે છે | તમે | -ઓ | (લખ + ઓ) (છ + ઓ) | લખો છો | દોડો છો |
| ત્રીજો પુરુષ | તે | -એ | (લખ + એ) (છ + એ) | લખે છે | દોડે છે | તેઓ | -એ | (લખ + એ) (છ + એ) | લખે છે | દોડે છે |

વર્તમાનકાળ સ્પષ્ટ થઈ ગયો ? નીચે આપેલાં વાક્યો વર્તમાનકાળમાં ફેરવી શકો ? તેમાં કાવ્યપંક્તિ પણ છે. પરંતુ તમે કાળ બદલવા ઉપર જ ધ્યાન આપજો. તમને તરત ખ્યાલ આવી જાય તે માટે ક્રિયાપદ નીચે રેખા દોરી છે. તો હવે નીચેનાં વાક્યોને વર્તમાનકાળમાં ફેરવો.

(1) સમુદ્ર ભણી <u>ઊપડ્યા</u> કમરને <u>કસી</u> રંગથી
અટંક મરજીવિયા, ડગ <u>ભરંત</u> ઉત્સાહના

(2) એણે બબ્બે તે કુળ <u>ઉજાળિયાં.</u>

(3) આ જ વાત અસમના શંકરદેવ અને માધવદેવે પણ <u>કહી.</u>

(4) માર્કંડી મને શકરિયાં પણ <u>આપતી</u> અને અમૃત જેવું પાણી પણ <u>પાતી.</u>

(5) <u>હઠ્યા</u> ન લવ તો ય, સાહસિક સર્વ કૂદી <u>પડ્યા</u>
અગાધ જળમાં, પ્રવેશ <u>કીધ</u> કાળને ગહ્વરે

મૂળ કૃતિમાં ઉપર પ્રમાણે જ છે. આપણે 'કાળ'ના અભ્યાસ માટે આ વાક્યો કે પંક્તિના કાળ બદલીશું. ઉપરનાં વાક્યોને વર્તમાનકાળમાં લખ્યા ? ચાલો તપાસીએ, બરાબર લખ્યા છે કે નહીં !

(1) સમુદ્ર ભણી ઊપડે છે કમરને કસે છે રંગથી
અટંક મરજીવિયા, ડગ ભરે છે ઉત્સાહના

(2) એ બબ્બે તે કુળને ઉજાળે છે.

(3) આ જ વાત અસમના શંકરદેવ અને માધવદેવ પણ કહે છે.

(4) માર્કંડી મને શકરિયાં પણ આપે છે અને અમૃત જેવું પાણી પણ પાય છે.

(5) હઠે છે ન લવ તો ય, સાહસિક સર્વ કૂદી પડે છે
અગાધ જળમાં, પ્રવેશ કરે છે કાળને ગહ્વરે

હવે નીચેનો ફકરો વાંચો. યોગ્ય ક્રિયાપદના યોગ્યરૂપથી ખાલી જગ્યા પૂરો :

મને શિક્ષક થવું બહુ ગમે. જો હું શિક્ષક થઈશ તો હું ખૂબ કામ કરીશ. મારી શાળાના બાળકોને મઝા પડે તેવી રીતે ........... (ભણાવ-વું). તેમને રસ પડે, તેમનું જ્ઞાન વધે તેવી વિવિધ પ્રવૃત્તિ ............ (કરાવ-વું). મારાં વિદ્યાર્થીઓ સ્વચ્છતા જાળવશે. તેઓ વૃક્ષો અને પર્યાવરણને ............ (સાચવ-વું). અમે સાથે પ્રવાસે ............ (જ-વું), બધું ........... (જો-વું), નવું નવું .................. (શીખ-વું). હું, મારાં બીજાં શિક્ષકમિત્રો અને મારાં વિદ્યાર્થીઓ - અમે સહુ સાથે મળી સ્વસ્થ સમાજ ........... (ઘડ-વું).

આ ફકરાની ખાલી જગ્યાઓ પૂરી ? બરાબર છે ? તેમ છતાં જવાબની ખાતરી કરવી છે ?

મને શિક્ષક થવું બહુ ગમે. જો હું શિક્ષક થઈશ તો હું ખૂબ કામ કરીશ. મારી શાળાના બાળકોને મઝા પડે તેવી રીતે <u>ભણાવીશ.</u> તેમને રસ પડે, તેમનું જ્ઞાન વધે તેવી વિવિધ પ્રવૃત્તિ <u>કરાવીશ.</u> મારાં વિદ્યાર્થીઓ સ્વચ્છતા જાળવશે. તેઓ વૃક્ષો અને પર્યાવરણને <u>સાચવશે.</u> અમે સાથે પ્રવાસે <u>જઈશું.</u> બધું <u>જોઈશું,</u> નવું નવું <u>શીખીશું.</u> હું મારાં બીજાં શિક્ષકમિત્રો અને મારાં વિદ્યાર્થીઓ - અમે સહુ સાથે મળી સ્વસ્થ સમાજ <u>ઘડીશું.</u>

અહીં તમે કયા પ્રત્યયો લગાવ્યા ? ચાલો જોઈએ...

| ભવિષ્યકાળ | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | એકવચન | | | | | બહુવચન | | | | |
| | | પ્રત્યય | રચના | (લખવું) | (દોડવું) | | પ્રત્યય | રચના | (લખવું) | (દોડવું) |
| પ્રથમ પુરુષ | હું | -ઈશ | લખ + ઈશ | લખીશ | દોડીશ | અમે - આપણે | -ઈશું | લખ + ઈશું | લખીશું | દોડીશું |
| બીજો પુરુષ | તું | -ઈશ | લખ + ઈશ | લખીશ | દોડીશ | તમે | -શો | લખ + ઓ | લખશો | દોડશો |
| ત્રીજો પુરુષ | તે | -શે | લખ + શે | લખશે | દોડશે | તેઓ | -શે | લખ + શે | લખશે | દોડશે |

નીચે આપેલાં વાક્યોને ભવિષ્યકાળમાં ફેરવી શકો ? તેમાં પણ કાવ્યપંક્તિ છે. ધ્યાનમાં રાખજો... અહીં ક્રિયાપદ નીચે રેખા દોરી નથી. તમે શોધી શકશો ને ?

(1) માર્કંડીને કાંઠે કેટલીય વાર બેઠો છું.

(2) જ્યારે જ્યારે ગામડે જાઉં છું ત્યારે ત્યારે માર્કંડીને મળ્યા વગર રહેતો નથી.

(3) કામ કરે ઈ જીતે રે માલમ !

(4) ડર્યાં પ્રિયજનો, બધાં સજલનેત્ર આડાં ફર્યાં,
શિખામણ દીધી : 'વૃથા જીવન વેડફો કાં ભલા'

(5) એની આયુધારા હજી વહે છે.

આ વાક્યો - પંક્તિઓ ભવિષ્યકાળમાં લખી શક્યા ? ચાલો જોઈએ,

(1) માર્કંડીને કાંઠે કેટલીય વાર બેસીશ.

(2) જ્યારે જ્યારે ગામડે જઈશ ત્યારે ત્યારે માર્કંડીને મળ્યા વગર રહીશ નહીં.

(3) કામ કરશે ઈ જીતશે રે માલમ !

(4) ડરશે પ્રિયજનો, બધાં સજલનેત્ર આડાં ફરશે,
શિખામણ દેશે : 'વૃથા જીવન વેડફો કાં ભલા'

(5) એની આયુધારા હજી વહેશે.

હવે નીચેનો ફકરો વાંચો અને બાજુમાં આપેલા ક્રિયાપદના યોગ્ય રૂપથી ખાલી જગ્યા પૂરો.

(3) મને પપ્પાની સંમતિ મળતાં જ મેં પ્રવાસની ફી ભરી દીધી. હું પણ પાવાગઢના પ્રવાસમાં જોડાયો. બસમાં મારા ખાસ ભાઈબંધ જોડે જ......... (બેસ). અમે બધાએ ગીતો............ (ગા), મીમીક્રી .................. (કર). મઝા કરતાં કરતાં અમે પાવાગઢ .................... (પહોંચ). અમારા સાહેબે અમને પાવાગઢનું મહત્ત્વ ................ (સમજાવ). અમે બધાં વાતો કરતાં કરતાં પર્વત ............... (ચડ)

જવાબ જોઈ લઈએ ?

પપ્પાની સંમતિ મળતાં મેં પ્રવાસની ફી ભરી દીધેલી. હું પણ પાવાગઢના પ્રવાસમાં જોડાયો. બસમાં મારા ખાસ ભાઈબંધ જોડે જ બેઠો. અમે બધાએ ગીતો ગાયાં, મીમીક્રી કરી. મઝા કરતાં કરતાં અમે પાવાગઢ પહોંચ્યા. અમારા સાહેબે અમને પાવાગઢનું મહત્ત્વ સમજાવ્યું. અમે બધાં વાતો કરતાં કરતાં પર્વત ચડ્યાં.

તમે વિચારો કે તમે પ્રવાસે ક્યારે ગયા હતા ? એને કયો કાળ કહેશો ? 'ભૂતકાળ' ? બરાબર ! તો તમે અહીં કયા પ્રત્યય જોડ્યા એનો તમને ખ્યાલ આવ્યો ? ચાલો, જોઈ જોઈએ....

પણ યાદ રાખજો... સકર્મક અને અકર્મક ક્રિયાપદની રચના જુદી પડે છે. (સકર્મક અને અકર્મક તો યાદ છે ને ? જે ક્રિયાપદ કર્મ લઈ શકે તે સકર્મક. દા.ત., લખવું, વાંચવું, ખાવું, પીવું વગેરે. અને જે ક્રિયાપદ કર્મ ન લઈ શકે તેને અકર્મક ક્રિયાપદ કહે છે. જેમકે, ચાલવું, દોડવું, બેસવું વગેરે)

**ભૂતકાળ (અકર્મક)**

| | | **એકવચન** | | | | | **બહુવચન** | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લિંગ | કાળનો પ્રત્યય | લિંગનો પ્રત્યય | રચના | (દોડવું) | | લિંગ | કાળનો પ્રત્યય | લિંગના પ્રત્યય | રચના | (દોડવું) |
| પ્રથમ | હું | પુલ્લિંગ | -ય | -ઓ | દોડ્+ય્+ઓ | દોડ્યો | અમે | પુલ્લિંગ | -ય | આ | દોડ્+ય્+આ | દોડ્યા |
| પુરુષ | | સ્ત્રીલિંગ | (-ય) | -ઈ | દોડ્+ઈ | દોડી | | સ્ત્રીલિંગ | -ય | આં | દોડ્+ય્+આં | દોડ્યાં |
| | | | | | | | | મિશ્ર | -ય | આં | દોડ્+ય્+આં | દોડ્યાં |
| બીજો | તું | પુલ્લિંગ | -ય | -ઓ | દોડ્+ય્+ઓ | દોડ્યો | તમે | પુલ્લિંગ | -ય | આ | દોડ્+ય્+આ | દોડ્યા |
| પુરુષ | | સ્ત્રીલિંગ | (-ય) | -ઈ | દોડ્+ઈ | દોડી | | સ્ત્રીલિંગ | -ય | આં | દોડ્+ય્+આં | દોડ્યાં |
| | | | | | | | | મિશ્ર | -ય | આં | દોડ્+ય્+આં | દોડ્યાં |
| ત્રીજો | તે | પુલ્લિંગ | -ય | -ઓ | દોડ્+ય્+ઓ | દોડ્યો | તેઓ | પુલ્લિંગ | -ય | આ | દોડ્+ય્+આ | દોડ્યા |
| પુરુષ | | સ્ત્રીલિંગ | (-ય) | -ઈ | દોડ્+ઈ | દોડી | | સ્ત્રીલિંગ | -ય | આં | દોડ્+ય્+આં | દોડ્યાં |
| | | નપું. | -ય | -ઉં | દોડ્+ય્+ઉં | દોડ્યું | | મિશ્ર | -ય | આં | દોડ્+ય્+આં | દોડ્યાં |
| | | | | | | | | | | | | |

ભૂતકાળના સકર્મક ક્રિયાપદનો કોઠો નીચે આપ્યો છે. તે ધ્યાનથી જોશો તો ખ્યાલ આવશે કે (1) પુરુષના રૂપોમાં તફાવત છે, (2) લિંગ-વચનના પ્રત્યય કર્મ પ્રમાણે લાગશે.

| ભૂતકાળ (સકર્મક) | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એકવચન | | | | | બહુવચન | | | | | |
| | | કર્મનું લિંગ | કાળનો પ્રત્યય | લિંગનો પ્રત્યય | રચના | (લખવું) | | લિંગ | કાળનો પ્રત્યય | લિંગના પ્રત્યય | રચના | (લખવું) |
| પ્રથમ પુરુષ | મેં | પુલ્લિંગ | -ય | -ઓ | લખ્+ય્+ઓ | લખ્યો | અમે | પુલ્લિંગ | -ય | આ | લખ્+ય્+આ | લખ્યો |
| | | સ્ત્રીલિંગ | (-ય) | -ઈ | લખ્+ઈ | લખી | | સ્ત્રીલિંગ | -ય | આં | લખ્+ય્+આં | લખી |
| | | નપું. | -ય | -ઉં | લખ્+ય્+ઉં | લખ્યું | | મિશ્ર | -ય | આં | લખ્+ય્+આં | લખ્યું |
| બીજો પુરુષ | તેં | પુલ્લિંગ | -ય | -ઓ | લખ્+ય્+ઓ | લખ્યો | તમે | પુલ્લિંગ | -ય | આ | લખ્+ય્+આ | લખ્યો |
| | | સ્ત્રીલિંગ | (-ય) | -ઈ | લખ્+ઈ | લખી | | સ્ત્રીલિંગ | -ય | આં | લખ્+ય્+આં | લખી |
| | | નપું. | -ય | -ઉં | લખ્+ય્+ઉં | લખ્યું | | મિશ્ર | -ય | આં | લખ્+ય્+આં | લખ્યું |
| ત્રીજો પુરુષ | તેણે | પુલ્લિંગ | -ય | -ઓ | લખ્+ય્+ઓ | લખ્યો | તેઓ | પુલ્લિંગ | -ય | આ | લખ્+ય્+આ | લખ્યો |
| | | સ્ત્રીલિંગ | (-ય) | -ઈ | લખ્+ઈ | લખી | | સ્ત્રીલિંગ | -ય | આં | લખ્+ય્+આં | લખી |
| | | નપુ. | -ય | -ઉં | લખ્+ય્+ઉં | લખ્યું | | મિશ્ર | -ય | આં | લખ્+ય્+આં | લખ્યું |

તમે જોઈ શકો છો કે સકર્મક ધાતુના ભૂતકાળના રૂપોમાં કર્તા તરીકે 'હું'ને બદલે 'મેં', 'તું'ને બદલે 'તેં' અને 'તે'ને બદલે 'તેણે' વપરાય છે. બીજી નોંધપાત્ર બાબત એ છે કે અહીં ઉપરના કોઠામાં તમે જોશો કે 'મેં' સાથે 'લખ્યો'નું રૂપ નોંધ્યું છે તો 'અમે' સાથે પણ 'લખ્યો'નું રૂપ નોંધ્યું છે. શા માટે ? કારણ કે તેનો પ્રત્યય કર્મ અનુસાર લાગે છે. જેમકે,

| જવાબ (પુંલ્લિંગ) | નાટક (નપુંસકલિંગ) | કવિતા (સ્ત્રીલિંગ) |
|---|---|---|
| મેં જવાબ લખ્યો | મેં નાટક લખ્યું | મેં કવિતા લખી |
| તેં જવાબ લખ્યો | તેં નાટક લખ્યું. | તેં કવિતા લખી. |
| મીનાએ જવાબ લખ્યો | મીનાએ નાટક લખ્યું. | મીનાએ કવિતા લખી. |
| મોહને જવાબ લખ્યો. | મોહને નાટક લખ્યું. | મોહને કવિતા લખી. |
| અમે જવાબ લખ્યો. | અમે નાટક લખ્યું. | અમે કવિતા લખી. |
| તમે જવાબ લખ્યો. | તમે નાટક લખ્યું. | તમે નાટક લખ્યું. |
| તેમણે જવાબ લખ્યો. | તેમણે નાટક લખ્યું. | તેમણે કવિતા લખી. |

અહીં તમે જોઈ શકો છો કે ક્રિયા કરનાર 'મેં' હોય કે 'તેં', 'મીના' હોય કે 'મોહન' - પ્રત્યય તો 'જવાબ', 'નાટક' કે 'કવિતા' જેવાં કર્મ અનુસાર લાગ્યો છે.

ભૂતકાળ માટે આપણે '-ય' ઉપરાંત '-એલ' પ્રત્યય પણ વાપરીએ છીએ. જેમકે,

- મેં પહેલો પાઠ વાંચ્યો હતો. - મેં પહેલો પાઠ વાંચેલો.
- એ દિવસે ખૂબ વરસાદ વરસ્યો હતો. - એ દિવસે ખૂબ વરસાદ વરસેલો.

તમે ભૂતકાળના કોઠામાં જોયું કે 'લખ્યું, વાંચ્યું, દોડ્યો' વગેરેમાં '-ય' પ્રત્યય લાગ્યો છે. પણ કેટલાક ધાતુઓમાં અન્ય પ્રત્યય વાપરીએ છીએ. આ યાદી નીચે મુજબ છે.

| પ્રત્યય | ધાતુ | ઉદાહરણ |
|---|---|---|
| -ધ- | ખાવું, પીવું, લેવું, દેવું, કહેવું | ખાધો, પીધું, લીધી, દીધું, કીધું |
| -ઠ- | બેસવું, પેસવું, નાસવું | બેઠો, પેઠો, નાઠો |

આ રૂપોને પણ '-એલ' પ્રત્યય લાગી શકે, તે તમે ધ્યાનમાં રાખી શકો. જેમકે,

- એ લારી પર અમે બહુ બરફ ખાધેલો.
- ગામડે ફોઈના ઘરે તાજું દૂધ પીધેલું.
- પરીક્ષાના ત્રણ કલાક દરમિયાન દાદા બહાર જ બેઠેલા.

નીચેનાં વાક્યો ભૂતકાળમાં ફેરવો :

(1) માણસ સુખ અને આનંદ શોધે છે.

(2) આપણે કેરીનો રસ ખાઈએ છીએ, કબૂલ.

(3) નર્સ તને સારું સારું ખાવાનું આપશે.

(4) ઊંચું ભણેલાં તો ઑફિસમાં બેસે.

(5) મારડમાં હું મગફળીના સોદા માટે જઉં છું.

**ઉત્તર જોઈએ :**

(1) માણસે સુખ અને આનંદ શોધ્યા.

(2) આપણે કેરીનો રસ ખાધો, કબૂલ.

(3) નર્સે તને સારું સારું ખાવાનું આપ્યું.

(4) ઊંચું ભણેલાં તો ઑફિસમાં બેઠાં.

(5) મારડમાં હું મગફળીના સોદા માટે ગયો હતો / ગયેલો.

આપણે અહીં વર્તમાનકાળ, ભવિષ્યકાળ અને ભૂતકાળના પ્રત્યયો અને પ્રયોગ જોયા. હવે તમે નીચેનાં વાક્યો વાંચો.

(1) મેં નિબંધ લખ્યો. (2) મેં નિબંધ લખ્યો છે.

(3) મેં નિબંધ લખ્યો હતો. (4) ગીતાએ નિબંધ લખ્યો હશે.

દેખીતી રીતે સરખા લાગતા વાક્યોમાં થોડો તફાવત છે. વાક્ય-1 ભૂતકાળ દર્શાવે છે. પણ બીજાં વાક્યોમાં 'લખ્યો' ઉપરાંત 'છે', 'હતો', 'હશે' પણ વપરાયા છે. આ સમજવા માટે તમે વિચારો કે તમે વાક્ય-2 ક્યારે વાપરો અને વાક્ય-3 ક્યારે વાપરો ? માનો કે ઘરકામમાં નિબંધ લખવાનો હોય અને બીજા દિવસે સાહેબ નિબંધની નોટ માંગે તો તમે કયું વાક્ય વાપરો ? બીજું કે ત્રીજું ? જો તમે નિબંધની નોટ લઈને ગયા હશો તો વાક્ય-2 વાપરશો. પણ જો નિબંધની નોટ મળતી નહીં હોય, ખોવાઈ ગઈ હશે તો તમે વાક્ય-3 વાપરશો. બરાબર ? પણ તમારી બહેનપણી માટે કોઈ પૂછશે તો તમે વાક્ય-4 વાપરશો.

જો ક્રિયા પૂરી થઈ ગઈ હોય તો પૂર્ણાવસ્થા દર્શાવવા '-ય' પ્રત્યય વપરાય છે. પણ જો ક્રિયા ચાલુ બતાવવી હોય, એટલે કે અપૂર્ણાવસ્થા બતાવવા તો '-ત' પ્રત્યય લગાવાય છે. જેમકે,

(1) રમેશ નિબંધ લખતો હતો. (ભૂતકાળમાં ક્રિયા ચાલુ હતી, પૂરી થઈ ન હતી.)

(2) ગીતા નિબંધ લખતી હશે. (ક્રિયા ચાલુ હોવાની, પૂરી થઈ ન હોવાની સંભાવના)

જો ક્રિયા થવાની બાકી હોય એટલે કે આગામી અવસ્થા દર્શાવવી હોય તો '-વાન-' પ્રત્યય લગાવીએ છીએ. જેમ કે,

(1) રોહિત નિબંધ લખવાનો છે.

(2) કુસુમ નિબંધ લખવાની છે.

(3) ચેતના નિબંધ લખવાની હતી.

(સંભાવના માટે '-નાર' પ્રત્યય પણ વપરાય છે. પરંતુ તે ક્રિયા કરનાર સંદર્ભે વપરાય છે. મહદંશે તે વિશેષણ તરીકે ઉપયોગમાં લેવાય છે. જેમકે, 'ભાગ લેનાર વિદ્યાર્થીઓ, પ્રાર્થના ગાનાર છોકરીઓ.)

તમે આવા નિબંધના શીર્ષક વાંચ્યા છે ? - 'જો હું પંખી હોઉં તો', 'જો હું વડાપ્રધાન હોઉં તો'. આવાં શીર્ષક ધરાવતા નિબંધમાં તમે વિવિધ કલ્પનાઓ કરો છો કે જો તમે પંખી હોવ તો શું કરો, જો તમે વડાપ્રધાન હોવ તો શું કરો, બરાબર ? આ પ્રકારના વાક્યોને 'સંભાવના' કહેવાય છે. આવા અન્ય કાળ-અવસ્થા ધરાવતા કેટલાક ક્રિયાપદો પર નજર નાખીએ :

| **પુરુષ** | **એકવચન** | **ઉદાહરણ** | **બહુવચન** | **ઉદાહરણ** |
|---|---|---|---|---|
| પ્રથમ પુરુષ | હો + ઉં | સવારે અગિયાર વાગે હું પ્રાર્થનાખંડમાં હોઉં | હો+ઈએ | સવારે અગિયાર વાગે અમે પ્રાર્થનાખંડમાં હોઈએ |
| બીજો પુરુષ | હો + (-એ)-ય | સવારે અગિયાર વાગે તું પ્રાર્થનાખંડમાં હોય | હો, હો+(-ઓ)વ | સવારે અગિયાર વાગે તમે પ્રાર્થનાખંડમાં હોવ |
| ત્રીજો પુરુષ | હો + (-એ)-ય | સવારે અગિયાર વાગે તે પ્રાર્થનાખંડમાં હોય | હો+(-એ)-ય | સવારે અગિયાર વાગે તેઓ પ્રાર્થનાખંડમાં હોય. |

વર્તમાનકાલીન આદત : (વર્તમાનકાળ જેવા જ પ્રત્યય)

| | | |
|---|---|---|
| પ્ર.પુ. | હું સવારે ચાલવા જાઉં | અમે સવારે ચાલવા જઈએ |
| બી.પુ. | તું સવારે ચાલવા જાય. | તમે સવારે ચાલવા જાઓ, જાવ |
| ત્રી.પુ. | તે સવારે ચાલવા જાય. | તેઓ સવારે ચાલવા જાય. |

અન્ય કેટલીક અવસ્થા દર્શાવતા પ્રત્યયો એક નજરે જોઈ લઈએ.

| | | |
|---|---|---|
| અપૂર્ણ અવસ્થા | -ત- | લખતો હતો, લખતો હશે.<br>મંગુ અત્યારે શું કરતી હશે ?<br>થોડાક શિકારીઓ... સાવચેતીથી ઉતરતા હતા. |
| પૂર્ણ અવસ્થા | -ય- | લખ્યું છે, લખ્યું હતું, લખ્યું હશે.<br>તમે ય દીકરીથી થાક્યાં છો.<br>એનું પાથરણું બદલ્યું હશે ? |
| આગામી અવસ્થા | -વાન- | લખવાનો છે, લખવાની છે, લખવાની હશે. |
| સામાન્ય અવસ્થા | -વ- | સાચું બોલવું, ગુસ્સો ન કરવો.<br>હરિનામનો જ વેપાર કરવો.<br>છેવટે ચિઠ્ઠી લખીને દોષ <u>કબૂલ કરવો</u> ને માફી <u>માગવી</u> એવો મેં ઠરાવ કર્યો. |
| મુખ્ય ક્રિયા પહેલાની ક્રિયા સૂચવવી | -ઈ-,-ઈને- | બોલવું લાવવું, ખરીદીને આપવું<br>સાંજે વાળુમાં રોટલો દૂધમાં ચોળીને આપજો.<br>આપણ અન્ન ભિક્ષા માગી લાવતા, તને સાંભરે રે ? |
| મુખ્ય ક્રિયા પછીની ક્રિયા દર્શાવવી | -વા- | આપવા ખરીદવું, બતાવવા લાવવું,<br>મંગુને દવાખાને મૂકવા જવાનું હતું.<br>પછી ગુરુજી શોધવા નીસર્યા, તને સાંભરે રે ? |

| | | |
|---|---|---|
| ભૂતકાલીન આદત | -ત્- | દાદા રોજ સવારે માળા ફેરવતા.<br>અમરતકાકી મંગુને પોતાની ભેગી સુવાડતા.<br>સુખદુઃખની કરતા વાત, મને કેમ વીસરે રે ? |
| ભૂતકાલીન સંભાવના (ક્રિયાતિપત્યર્થ) | -ત- | તેં કહ્યું હોત, અમે આવ્યા હોત, તેઓ કાંઈ મોકલાવાના હોત.<br>અમરતકાકીએ બીજું ડૂસકું ભર્યું હોત તો દીકરાએ તે ઘડીએ જ એમને પોતાની પ્રતિજ્ઞા જણાવી શાંત પાડ્યા હોત. |

પાઠ કે કવિતા વાંચતી વખતે કાળ અને અવસ્થા પણ જોશો તો તમને વાંચવાની વધારે મઝા આવશે.

●

# 9 પુત્રવધૂનું સ્વાગત

મકરંદ દવે
(જન્મ : 13-11-1922, અવસાન : 31-01-2005)

મકરંદ વજેશંકર દવે 'સાંઈ' તેઓ રાજકોટ જિલ્લાના ગોંડલના વતની હતા. આઝાદીની ચળવળમાં જોડાયા હતા. અનેક અખબારોમાં કામ કર્યુ. તેમણે વલસાડ જિલ્લાના નંદીગ્રામમાં આદિવાસીઓ માટે કાર્ય કર્યું.

'ઝબૂક વીજળી ઝબૂક' તેમનો બાળકાવ્ય સંગ્રહ છે. 'બે ભાઈ', 'તાઈકો', બાળનાટ્ય સંગ્રહો છે. 'યોગપથ' અને 'અંતર્વેદી' તેમના આધ્યાત્મ ચિંતનનાં પુસ્તકો છે. 'તરણાં', 'જયભેરી', 'ગોરજ', 'સૂરજમુખી', 'સંજ્ઞા', 'સંગતિ', તેમના કાવ્ય સંગ્રહો છે. 'શેણી વિજાણંદ' ગીત નાટિકા છે. 'માટીનો મ્હેકતો સાદ' નવલકથા છે. 'સત કેરી વાણી' સંપાદિત ભજનસંગ્રહ છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

ગુજરાતી સાહિત્યમાં પુત્રી વિશેના અનેક કાવ્યો છે પણ પુત્રવધૂનું સ્વાગત એક વિરલ કાવ્ય છે. કવિ પુત્રવધૂને લક્ષ્મીજી સાથે સરખાવે છે. એના આવવાથી ઘરમાં સો-સો કમળની સુગંધ આવી તેમ વર્ણવી તેનો મહિમા કરે છે. પુત્રવધૂના આવવાથી ઘરનું સૌંદર્ય કેવું ખીલી ઊઠે છે તેનાં ચિત્રો આપી એને ઘરનું છત્ર અને છાંયડી ગણાવી અદ્ભૂત ગૌરવ કરે છે. બંને કુળ ઉજાળનાર પુત્રવધૂના આગમનથી જીવતરની હાશ (નિરાંત)નો ભાવ કવિએ ઉત્તમ રીતે પ્રગટ કર્યો છે.

---

આજ લખમી આવ્યાં મારે આંગણે
લાવ્યાં સો સો કમલની સુગંધ,
ઓચ્છવ મારે આંગણે.

મારી અડવી ભીંતોને એનાં આંગળાં
જ્યાં જ્યાં પરશે ત્યાં સોહે શણગાર,
ઓચ્છવ મારે આંગણે.

એને વેણલે વ્હાલપ નીતરે
એને ટોડલિયે ટહુકાર,
ઓચ્છવ મારે આંગણે.

એ તો ઘરનું છત્તર, ઘરની છાંયડી
ઘરની અગાસીનું ખુલ્લું આકાશ,
ઓચ્છવ મારે આંગણે.

એણે બબ્બે તે કુળને ઉજાળિયાં
હૈયે હૂંફ ને જીવતરની હાશ,
ઓચ્છવ મારે આંગણે.

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**અડવું** શણગાર વિનાનું; શોભારહિત **આંગળાં** આંગળીઓથી લીંપણમાં કરાતી ભાત. **પરશ** સ્પર્શ કરવો **ટોડલો** (ટોલ્લો) બારસાખના ઉપલા લાકડા આગળ રહેતો છેડો **છત્તર** છત્ર **ઉજાળવું** ઊજળું કરવું; શોભાવવું.

### વિરુદ્ધાર્થી

**સુગંધ** દુર્ગંધ **તડકો** છાંયડો **ખુલ્લું** બંધ

### તળપદા શબ્દો

**લખમી** લક્ષ્મી **ઓચ્છવ** ઉત્સવ **જીવતર** જન્મારો; જિંદગી

### રૂઢિપ્રયોગો

**કુળને ઉજાળવું** - કુળને શોભાવવું, કુળની પ્રતિષ્ઠા વધે તેવું કાર્ય કરવું

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) પુત્રવધૂના આવવાથી જાણે...

(A) લક્ષ્મી આંગણામાં આવ્યાં (B) સો સો કમલની સુગંધ આવી

(C) આંગણે આજે ઉત્સવ થયો (D) ઉપરના (A) (B) (C) ત્રણેય

(2) પુત્રવધૂનાં વેણ કેવાં લાગે છે ?

(A) કડવાં ઝેર (B) વ્હાલ નીતરતાં

(C) કવેણ (D) તોછડાં

(3) ઘરનું છત્તર બનવું એટલે...

(A) ઘરનો કબજો સંભાળી લેવો (B) ઘરના બધા સભ્યોને સાચવનાર બનવું

(C) ઘર હવે ઘર રહ્યું જ નથી (D) અગાસી ઉપર નવું બાંધકામ કરવું

(4) 'ઘરની અગાસીનું ખુલ્લું આકાશ' વાક્યનો ભાવાર્થ

(A) સ્વચ્છંદીપણું, તડ અને ફડ (B) ઘર, અગાસી અને ખુલ્લું આકાશ

(C) બંધન, ગુલામી અને તિરસ્કાર (D) સન્માન-સ્વતંત્રતા અને સ્વીકાર

**2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) ઘરની અડવી ભીંતો હવે શણગારથી કેમ શોભવા લાગી ?

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ લખો :**

(1) પુત્રવધૂના આગમનથી ઘરમાં આવેલા પરિવર્તનની નોંધ તમારા શબ્દોમાં લખો.

(2) પુત્રવધૂનું આગમન ઘર માટે ઉત્સવ બની ગયું છે તેમ કવિ શા માટે કહે છે ?

**4. નીચેની કાવ્યપંક્તિ સમજાવો :**

''એણે બબ્બે તે કુળને ઉજાળિયાં''

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમારા ઘરમાં અને પડોશનાં બહેન પરણીને પહેલી વખત સાસરિયામાં આવે એ સમયના ઘરના સભ્યો સાથેના અનુભવો જાણી એની નોંધ તૈયાર કરો.
- તમારા ઘરમાં ભાભી, બહેન કે બાની સાથેના ઘરના અન્ય સભ્યોનો ભાવાત્મક સંબંધ કેવો છે તેની નોંધ કરો.
- 'દીકરી અને પુત્રવધૂનું ગૌરવ સમાન હોવું જોઈએ.' એ મુદ્દા પર જૂથચર્ચાનું આયોજન કરો.
- મકરંદ દવેનાં કુટુંબભાવનાં અન્ય કાવ્યો મેળવીને વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

● કવિએ લખમી, ઓચ્છવ, છાંયડી, છત્તર જેવા તળપદા શબ્દો વાપરીને પણ કાવ્યનો લય અને મીઠાશ જાળવ્યાં છે.

● કવિએ 'વેણ' અને 'ટોડલો' શબ્દોને 'વેણલે' અને 'ટોડલિયે' જેવા લાડવાચક બનાવી એ જ લય અને મીઠાશ જાળવ્યાં છે.

● કવિએ છત્તર સાથે છાંયડીનો વર્ણાનુપ્રાસ મૂક્યો છે. વળી પુત્રવધૂ માટે 'છાંયડી' જેવું મૃદુ અને નજાકતભર્યું વિશેષણ વાપરી લાક્ષણિકતા પ્રગટ કરી છે. વળી કવિની કમાલ 'આવ્યાં' વાપરવામાં દેખાય છે. પુત્રવધૂની સરખામણી લક્ષ્મીમાતા સાથે કરી છે, દેવીની જેમ એનું માન જાળવવા 'આવ્યાં'નું સાંકેતિક સૂચન મૂક્યું છે.

● 'વેણલે વ્હાલપ નીતરે', 'ટોડલિયે ટહુકાર', 'અડવી ભીંતોને એનાં આંગળાં', 'ઘરનું છત્તર ઘરની છાંયડી' - આ શબ્દચિત્રો પુત્રવધૂને સરસ રીતે રજૂ કરે છે. વળી આવા સરળ શબ્દોથી પણ કેવું સક્ષમ આલેખન થઈ શકે છે એનો ઉત્તમ નમૂનો કવિ આપી દે છે.

## શિક્ષકની ભૂમિકા

પોતાની દીકરી અને પુત્રવધૂમાં ભેદ કરતાં પરિવારોની સંખ્યા આપણા સમાજમાં ઓછી નથી, પરંતુ દીકરી કરતાં પણ પુત્રવધૂને વિશેષ આવકાર આપનાર પરિવારો પણ આપણા સમાજમાં હયાત છે.

પુત્રવધૂ એ અજાણી વ્યક્તિ... બીજા ઘરની વ્યક્તિ એવો ઉપેક્ષિત વ્યવહાર પૂત્રવધૂમાં અસલામતીની ભાવના પેદા કરે છે. કાવ્યમાં સૂચવાયું છે તેમ પૂત્રવધૂને 'લક્ષ્મી', 'પરિવારનું અભિન્ન અંગ', 'કુટુંબનું ગૌરવ', 'કુળદીપિકા' સ્વરૂપે જોવાની અને સ્વીકારવાની જરૂર છે. જે ઘરમાં આવું બને છે તે ઘર 'સ્વર્ગથી પણ સુંદર' બને તેવો ભાવ આ ગીતમાં વ્યક્ત થયેલ છે તેની સ્પષ્ટતા કરવી.

ભાષાકીય અભિવ્યક્તિની વિશેષતા અને પુત્રવધૂના આગમનથી સર્જાયેલા ઉત્સવના માહોલને આનંદના કેન્દ્રસમાં ઉદાહરણોથી રજૂ કરાયાં છે તે સ્પષ્ટ કરવું. ગુજરાતીમાં પુત્રવધૂની પ્રતિષ્ઠા કરતાં ખૂબ ઓછાં કાવ્યો લખાયાં છે તે તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવું.

●

# 10 ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ

**વિનોબા ભાવે**

**(જન્મ : 11-9-1895, અવસાન : 15-11-1982)**

વિનાયક નરહરિ ભાવે, વિખ્યાત 'વિનોબા'ને નામે. રાયગઢ જિલ્લાના ગાગુડે ગામમાં તેમનો જન્મ થયો હતો. તેઓ આચાર્યના હુલામણા નામે પ્રસિદ્ધ હતા. ગાંધીજીના અનુયાયી અને ભૂદાન ચળવળના પ્રણેતા હતા. તેઓ મૌલિક ચિંતક અને લેખક હતા. તેમણે ભગવદ્‌ગીતાનો મરાઠીભાષામાં અનુવાદ કર્યો હતો. 'ગીતાપ્રવચનો' (ભારતની તમામ ભાષામાં અનુવાદિત) 'વિચારપોથી', 'સ્થિતપ્રજ્ઞ દર્શન', 'મધુકર', 'ક્રાંતિ દર્શન', 'સ્વરાજ્ય શાસ્ત્ર', 'ભૂદાન ગંગા ભાગ-૧ થી ૧૦ તેમનાં મહત્ત્વનાં પુસ્તકો છે. તેમને રેમ મેગ્સેસ એવોર્ડ તથા ભારતરત્નથી સન્માનિત કરાયા હતા.

વિનોબા ભાવેએ 'ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ' નિબંધમાં સંસ્કૃતિ-પ્રકૃતિ અને વિકૃતિ વચ્ચેનો ભેદ ઉદાહરણોથી સમજાવ્યો છે. વિકૃતિનો અસ્વીકાર અને પ્રકૃતિને સંસ્કૃતિનું રૂપ આપવાની ભલામણ લેખકે કરી છે. ભારતીય સંસ્કૃતિની પ્રયોગશીલતાનો લેખકે મહિમા કર્યો છે. ભારત દેશનો વિચાર વૈભવ અદ્‌ભુત છે એમ કહી લેખકે ભારતીય સંસ્કૃતિની ખૂબીઓ ખૂબ સચોટ રીતે સમજાવી વિવિધતામાં એકતાની વિશેષતા સ્પષ્ટ કરી છે.

---

પ્રકૃતિ એટલે સહજ સ્વભાવ. સંસ્કૃતિ એટલે સહજ સ્વભાવથી ઉપર ઊઠવું. વિકૃતિ એટલે સહજ સ્વભાવથી નીચે પડવું. પ્રકૃતિ વચ્ચે છે, નોર્મલ છે, સહજ છે.

માણસની એક પ્રકૃતિ હોય છે, એક સંસ્કૃતિ અને એક વિકૃતિ. ભૂખ લાગે છે અને ભૂખ લાગતાં માણસ ખાય છે, તે એની પ્રકૃતિ છે. ભૂખ ન લાગવા છતાં માણસ ખાય છે, તે એની વિકૃતિ છે. અને ભૂખ લાગવા છતાં આજે એકાદશી છે એટલા વાસ્તે ભગવત્-સ્મરણ માટે માણસ ખાતો નથી, તે એની સંસ્કૃતિ છે. આમ, ઉપવાસ કરવો એ સંસ્કૃતિ છે. આપણે મહેનત કરીને ખાઈએ છીએ, તે આપણી પ્રકૃતિ છે. આપણે જાતે મહેનત કરવાનું ટાળીશું, બીજાની મહેનત લૂંટીને ભોગ ભોગવતા રહીશું, તે આપણી વિકૃતિ છે. આ વસ્તુ ભલે મોટા ભાગના માણસોમાં દેખાતી હોય, તેમ છતાં આ માણસની પ્રકૃતિ નથી, વિકૃતિ જ છે. ભલે ને આ પ્રકારની વિકૃતિ પ્રાચીન કાળથી આજ સુધી દેખાતી હોય. તેમ છતાં આ કદાપિ સંસ્કૃતિ હોઈ શકે નહિ. પરંતુ આપણા શ્રમથી પેદા થયેલી ચીજ પણ બીજાને આપ્યા વિના ભોગવવી નહિ, આપીને અને વહેંચીને જ ભોગવવી, એ માણસની સંસ્કૃતિ છે. માણસમાં અને પશુમાં ફરક છે, અંતર છે. આ અંતરને વધારવું, પશુપણામાંથી નીકળતા જઈને માણસપણા તરફ આગળ વધતા જવું, તેને જ સંસ્કૃતિવર્ધન કહે છે. માણસ સુખ અને આનંદ શોધે છે, એ ખરું; પરંતુ કયો આનંદ વિકૃત છે, કયો પ્રાકૃત છે અને કયો સંસ્કૃત છે, તેનો ખ્યાલ રાખવો પડે. જે સુખ સહુને આનંદ આપી શકે તેવું હોય એ જ ખરું સુખ છે, અને એ જ સુસંસ્કૃત આનંદ છે. જે આનંદ આપણને સંસ્કૃતિ તરફ લઈ જાય, એ જ સાચો આનંદ છે.

સંસ્કૃતિ ક્યારેય ખરાબ નથી હોતી, વિકૃતિ જ ખરાબ હોય છે, અને પ્રકૃતિને આપણે ન ખરાબ કહી શકીએ, ન સારી. તે જેવી છે તેવી છે. કાગડો કાળો છે, તેને આપણે ખરાબ ન કહી શકીએ, કેમ કે તે એની પ્રકૃતિ છે. બગલો સફેદ છે, પણ તેટલા માત્રથી આપણે તેને સારો ન કહી શકીએ, કેમ કે તે એની પ્રકૃતિ છે, પ્રકૃતિથી ઉપર ઊઠીને આગળ વધવું, એ જ સંસ્કૃતિ છે.

ઘણી વાર આપણે વિકૃતિને પણ સંસ્કૃતિ માની લેવાની ભૂલ કરી બેસીએ છીએ. એટલે આ બાબત સાવધ રહેવાની જરૂર છે. આજે પશ્ચિમના લોકો વિજ્ઞાનમાં ઘણા આગળ વધ્યા છે. એમની પાસેથી આપણે લેવા લાયક ઘણું છે; પરંતુ એમનામાં ઘણો વિકૃતિનોયે અંશ પડ્યો છે, તેને સંસ્કૃતિ માની લેવાની ભૂલ આપણે ન કરીએ. એમની વિકૃતિ કાંઈ આપણે અપનાવવાની નથી. તે સિવાય દુનિયાભરની જેટલી સંસ્કૃતિ છે, તે આપણે અપનાવી લેવાની છે.

આની સાથોસાથ એ પણ ધ્યાનમાં રાખીએ કે દુનિયાભરની સંસ્કૃતિ લઈએ, પણ આપણે ત્યાંની પણ ભલે હોય, વિકૃતિ આપણને ન ખપે. આપણે ત્યાં પ્રાચીન કાળથી કોઈ એક જ ચીજ ચાલી આવતી હોય, પણ તે જો વિકૃતિ હોય, તો તેનો સ્વીકાર હરગિજ ન કરવો જોઈએ. વિકૃતિ બીજાઓની હોય કે આપણી હોય, સદંતર વર્જ્ય છે. અને પ્રકૃતિને સ્વીકારવી, પણ તેનુંયે હંમેશાં શોધન કરતા રહેવું. પ્રકૃતિને હરહંમેશ સંસ્કૃતિનું રૂપ આપતા રહેવું.

ખાવાનું આપણે ન છોડી શકીએ, કારણ કે તે પ્રકૃતિ છે, પણ માંસાહાર છોડી શકીએ. તે જરૂર છોડીએ, કેમ કે તે સંસ્કૃતિની દિશાનું આગળનું પગલું છે. ખાવામાં સંયમ રાખી શકીએ તો જરૂર રાખીએ, કારણ કે તેમ કરવાથી સંસ્કૃતિની દિશામાં એટલા આગળ વધીશું.

મારું તો માનવું છે કે વિજ્ઞાનની જેમ જેમ પ્રગતિ થતી જશે, માણસમાં વૈજ્ઞાનિક વૃત્તિ જેમ જેમ વધતી જશે, તેમ તેમ વિકૃતિઓ ક્ષીણ થતી જશે અને માણસ સંસ્કૃતિની દિશામાં આગળ વધતો જશે. બહુ આગ્રહ કરી-કરીને ખવડાવવું કે અકરાંતિયાની માફક ખાવું, એ પણ વિકૃતિ જ છે. પણ આજે હજી માણસને આ સમજાતું નથી, કેમ કે માણસને આપણી શરીરરચનાનું અને પાચન-પ્રક્રિયાનું પૂરતું જ્ઞાન નથી. જ્યારે તેને શરીરનું અંતર-બાહ્ય જ્ઞાન થશે, ત્યારે તેને તુરત સમજાશે કે આ વિકૃતિ છે અને તે છોડવી જોઈએ. માણસ કાયમ સંસ્કૃતિ-વિકૃતિનું પૃથક્કરણ કરતો રહેશે, વિશ્લેષણ કરતો રહેશે, પ્રયોગો કરતો રહેશે, અને પોતાને સાચી દિશામાં આગળ વધારતો રહેશે.

આવું ભારતમાં થયું છે. અહીં હજારો વરસથી માણસ જાતજાતના પ્રયોગો કરતો રહ્યો છે. અને તેમાંથી આપણે જેને ભારતીય સંસ્કૃતિ કહીએ છીએ, તે નીપજી છે. ભારતની સંસ્કૃતિ પ્રયોગશીલ છે. ભારત પ્રાચીન કાળમાં બહુ જ પ્રવૃત્તિમય હતો. અહીં બહુ પ્રયોગો પણ થયા, તેના નિષ્કર્ષ પણ નીકળ્યા. અને તેમાંથી વિવિધ શાસ્ત્રો પણ ઊભાં થયાં. તેમાં આધ્યાત્મિક દૃષ્ટિ મુખ્ય હતી. માણસ આધ્યાત્મિક દૃષ્ટિએ કેમ આગળ વધતો રહે, તેની ખોજ નિરંતર ભારતમાં ચાલી. આવી બધી યોજનાઓ આપણા પૂર્વજોએ અનેક પ્રયોગો કરી-કરીને ઘડી. અને આ આપણો બહુ મોટો વારસો છે.

ભારત માટે એમ કહેવાય છે કે આ એક મોટો સંપન્ન દેશ છે. અહીં સુંદર-સુંદર સેંકડો નદીઓ વહે છે અને હિમાલય જેવો અદ્‌ભુત પહાડ તો અહીં છે જ. આપણો દેશ ભારે સુજલ ને સુફળ છે. પણ આપણા કરતાંયે વધારે સુજલ-સુફળ દેશો દુનિયામાં મોજૂદ છે. એટલે આ કાંઈ આપણી વિશેષતા ન કહેવાય. હા, આપણે એવો દાવો જરૂર કરી શકીએ કે અહીં જે વિચાર-સંપદા આપણને મળી છે, તે અત્યંત અદ્વિતીય છે. આ હું કોઈ અભિમાનથી નથી કહેતો. જો હું કોઈ બીજા દેશમાં જન્મ્યો હોત, તો પણ નિષ્પક્ષપણે તટસ્થતાથી ભારત વિશે આવું જ કહેત કે ભારતનો વિચાર-વૈભવ ખરેખર અદ્વિતીય છે.

ભારતમાં વૈદિક ઋષિઓથી લઈને આજ સુધી શબ્દોની એક અખંડ પરંપરા ચાલી આવી છે. હું દુનિયામાં બીજો કોઈ દેશ એવો નથી જોતો, જ્યાંની ભાષામાં દસ હજાર વરસોથી એના એ શબ્દ ચાલ્યા આવતા હોય. ભારતમાં શબ્દશક્તિનું જેટલા ઊંડાણથી ચિંતન થયું છે, તેટલું બીજે ક્યાંય નથી થયું. ભારતે પોતાના પુરાણા શબ્દોને તોડ્યા નથી. નવા જરૂર બનાવ્યા છે. સાથે જ જૂના શબ્દોમાં નવા અર્થ નાખીને તેમનો વિકાસ કર્યો છે. આ શબ્દ-પરંપરા ભારતમાં પહેલેથી આજ સુધી અખંડ ચાલી આવી છે અને બીજે ક્યાંય આવું જોવા મળતું નથી.

યાસ્કાચાર્યે કહ્યું, આપણી સનાતન છતાં નિત્યનૂતન સંસ્કૃતિ છે. આપણી ભીતર એક અખંડ તંતુ કાયમ છે. પુરાણા જમાનાના કોઈ ઋષિ આજે આવે, તો તેને આપણો બાહ્ય વેશ ભલે જુદો દેખાય, પણ એને આપણામાં એવું કાંઈક અવશ્ય દેખાશે, જેને લીધે એ કહી ઊઠશે કે આ મારાં જ બાળકો છે. આપણી ભીતર કોઈક શાશ્વત, સ્નિગ્ધ, ચવડ, કઠોર અને જીવતરવાળી વસ્તુ છે, જે બદલાતી નથી. આ આપણું એક અનોખું બળ છે.

હજારો વરસોનો આપણો પુરાતન દેશ છે. જ્યારે બીજા દેશોના ઇતિહાસનો આરંભ પણ નહોતો થયો, ત્યારે આપણા પૂર્વજો ગૌરવશિખર ઉપર પહોંચી ગયા હતા. અનેકાનેક પરિવર્તન આવ્યાં, છતાં અહીંની પરંપરા અતૂટ રહી, જે પ્રાચીનતમ કાળ સાથે આપણને જોડી રાખે છે. સ્થળ-કાળના ભેદો છતાં અહીં એકતાનું જ દર્શન થાય છે.

અહીં કહેવાયું છે કે, 'દુર્લભં ભારતે જન્મ'. આપણો આ ભારત દેશ પરમ પવિત્ર દેશ છે, એમ આપણા પૂર્વજો કહ્યા કરતા. 'દુર્લભં મહારાષ્ટ્રે જન્મ', 'દુર્લભં ગુર્જરેષુ જન્મ'- એવાં વચન તમને અહીં ક્યાંય નહિ મળે. તુલસીદાસજી પણ કહેશે, 'ભલિ ભારત ભૂમિ, ભલે કુલ જન્મ.' પાંચસો વરસ પહેલાં ગુજરાતના કવિ નરસિંહ મહેતાએ ગાયું - 'ભરત ખંડ ભૂતળમાં જન્મી જેણે ગોવિંદના ગુણ ગાયા રે !' તે ધન્ય છે ! આ જ વાત અસમના શંકરદેવ અને માધવદેવે પણ કહી. ન નરસિંહ મહેતાએ ગુજરાતનો મહિમા ગાયો, ન શંકરદેવે અસમનો મહિમા ગાયો ! એકબીજાની ભાષા તો તેઓ જાણતા નહોતા, એકબીજાનેય નહોતા જાણતા. છતાં ભારત અમારી પુણ્યભૂમિ છે, અને અમે તેમાં જન્મ પામ્યા તેથી ધન્ય થઈ ગયા, એવું એ બંનેએ અનુભવ્યું અને વ્યક્ત કર્યું.

આવી રીતે આખા ભારતનું અભિમાન એ કાંઈ પ્રકૃતિ નથી, બલ્કે સંસ્કૃતિ છે. જ્યાં એવી એવી ભાષાઓ છે કે ન જાણતો હોય તેને શીખતાંયે વરસો નીકળી જાય, એવી વિભિન્ન ભાષાઓ અને અપરંપાર વિવિધતાવાળા આ ભૂખંડને એક દેશ માનવો, એ સંસ્કૃતિ છે. પ્રકૃતિથી ઉપર ઊઠીને આ સંસ્કૃતિ સધાઈ છે. એવી ભારતીય સંસ્કૃતિને આપણે જાળવવાની છે અને આગળ વધારવાની છે.

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**વર્જ્ય** ત્યજવા યોગ્ય **ક્ષીણ** ઘસાયેલું, નબળું **અકરાંતિયું** ધરાય નહિ તેવું; વધારે પડતું **સાવધ** જાગ્રત; સજાગ **નિષ્કર્ષ** સાર **અદ્વિતીય** અજોડ **અસ્ખલિત** સતત, એકધારું **શાશ્વત** નિત્ય **ચવડ** મુશ્કેલીથી તૂટે, ફાટે કે ચવાય તેવું **સંપદા** સંપત્તિ **વર્જ્ય** છોડવા યોગ્ય

### વિરુદ્ધાર્થી

**પ્રાચીન** અર્વાચીન **સાવધ** ગાફેલ **સ્નિગ્ધ** કઠણ **બાહ્ય** આંતરિક **આધ્યાત્મિક** સાંસારિક **અભિમાન** નિરાભિમાન **શાશ્વત** નાશવંત **અકરાંતિયું** મિતાહારી

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) નીચેનામાંથી કયું વાક્ય બંધબેસતું નથી ?

(A) વિકૃતિ એટલે સહજ સ્વભાવ

(B) પ્રકૃતિ એટલે સહજ સ્વભાવ

(C) સંસ્કૃતિ એટલે સહજ સ્વભાવથી ઉપર ઊઠવું

(D) વિકૃતિ એટલે સહજ સ્વભાવથી નીચે પડવું

(2) વિકૃતિઓ ક્યારે ક્ષીણ થતી જશે ?

(A) માણસમાં વૈજ્ઞાનિક વૃત્તિ જેમ જેમ ઘટતી જશે ત્યારે

(B) માણસમાં પશુવૃત્તિ આવતી જશે ત્યારે

(C) દુનિયાભરની સંસ્કૃતિનો અભ્યાસ કરવાથી

(D) માણસમાં વૈજ્ઞાનિક વૃત્તિ જેમ જેમ વધતી જશે ત્યારે

(3) (પાઠના આધારે) ભારત પાસે અદ્વિતીય એવું શું છે ?

(A) માનવસંપદા (B) વિચારસંપદા (C) પ્રાણીસંપદા (D) વૈભવી રહેણીકરણી

**2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો.**

(1) પ્રાચીન સમયના કોઈ ઋષિ આજે આવે તો તે શું કહેશે ?

**3. નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો :**

ઉપવાસ કરવો એ સંસ્કૃતિ છે. આપણે મહેનત કરીને ખાઈએ છીએ, તે આપણી પ્રકૃતિ છે. આપણે જાતે મહેનત કરવાનું ટાળીશું, બીજાની મહેનત લૂંટીને ભોગ ભોગવતા રહીશું, તે આપણી વિકૃતિ છે.

(1) બીજાની મહેનત લૂંટીને ભોગ ભોગવવાની વૃત્તિને શું કહેવાય ?

(2) ઉપવાસને લેખક શું કહે છે ?

(3) 'પ્રકૃતિ'ને સમજાવવા લેખકે શું કહ્યું છે ?

(4) આ પરિચ્છેદને યોગ્ય શીર્ષક આપો.

**4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં જવાબ લખો :**

(1) આ પાઠમાંથી ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ લખો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ભારતીય સંસ્કૃતિ આધારિત ક્વિઝનું આયોજન કરી એનો સાચો ઉત્તર તથા અન્ય ત્રણ વિકલ્પો સાથે પ્રશ્નોની યાદી તૈયાર કરો. ક્વિઝમાં ભાગ લો.
- તમારા મિત્રોના પરિવારની સાથે મળી વિવિધ ઉત્સવોની ઉજવણી કરો.
- ભારતીય સંસ્કૃતિની કઈ વિશિષ્ટતાઓ તમને ગમે છે તેની યાદી તૈયાર કરો.
- સમાજમાં ઉજવાતા ઉત્સવોમાં કોઈપણ એકનો અહેવાલ તૈયાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● ''....તેમ છતાં આ કદાપિ સંસ્કૃતિ હોઈ શકે નહિ.'' માણસ બીજાની મહેનતનો ગેરલાભ ઉઠાવે તે વિકૃતિ છે. વિનોબાજી ધારદાર શબ્દો વાપર્યા વિના પણ આ સનાતન સત્ય કેવી સાહજિકતાથી છતાં અડગતાથી રજૂ કરે છે તેની ખાસ નોંધ લો.

● માનવીની ખામીઓ, ખૂબીઓ અને સહજ સ્વભાવ માટે લેખકે કેવા સુંદર પ્રાસસભર- 'સંસ્કૃતિ', 'વિકૃતિ' અને 'પ્રકૃતિ' શબ્દો પ્રયોજ્યા છે ! શબ્દપસંદગી લેખન માટે કેવી અસરકારક બની રહે છે તે બાબતનો આ ઉત્તમ નમૂનો છે.

● ''પ્રકૃતિને હરહંમેશ સંસ્કૃતિનું રૂપ આપતા રહેવું.'' માણસે સુધારણા માટે પ્રયત્ન કરતા રહેવું જોઈએ આ પાયાની બાબત કેવી સાહજિક છતાં સરસ રીતે લાઘવથી રજૂ કરી છે તેની નોંધ લો.

● લેખકે કેટલાક તત્સમ શબ્દો પણ સક્ષમતાથી વાપર્યા છે તે જુઓ...

## શિક્ષકની ભૂમિકા

ભારતના સાંસ્કૃતિક વારસાની ભવ્યતા, વિવિધતા અને પ્રાચીનતા વિશે વિદ્યાર્થીઓને સંદર્ભો અને ઉદાહરણો દ્વારા માહિતગાર કરવા.

સંસ્કૃતિ ગમે તેટલી મહાન હોય છતાં માત્ર તેના ગુણગાન ગાવાથી તેનું સંરક્ષણ કે સંવર્ધન થઈ શકવાનું નથી. તે માટે સતત, સજાગ અને સભાનપણે પ્રયત્નશીલ રહેવું પડે તે વિચારનું દૃઢીકરણ કરવું.

પ્રકૃતિ, સંસ્કૃતિ અને વિકૃતિ વચ્ચેનો તાત્ત્વિક ભેદ સ્પષ્ટ કરી સંસ્કૃતિ તરફ આગળ વધવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.

સમાનતા, સમભાવ, અન્યનો સ્વીકાર, વૈજ્ઞાનિક અભિગમ, સહિષ્ણુતા, સરળતા અને સજ્જનતા જેવા ગુણોનું વિદ્યાર્થીઓ આચરણ કરે તે માટે શિક્ષકે વાતાવરણ પૂરું પાડવું અને પ્રયત્નશીલ રહેવું.

'ભારત એક ખોજ' ફિલ્મના કેટલાક અંશોની ડી.વી.ડી. મેળવી વિદ્યાર્થીઓને શિક્ષકે દર્શાવવી.

●

# 11 મરજીવિયા

**પૂજાલાલ**

**(જન્મ : 17-06-1901, અવસાન : 27-12-1985**

પૂજાલાલ રણછોડદાસ દલવાડીનું વતન આણંદ જિલ્લામાં આવેલું નાપા ગામ છે. પૂજાલાલના નામથી સાહિત્યકૃતિઓ લખેલી છે. તેઓ કવિ તરીકે જાણીતા છે. તેમણે ૧૯૨૬થી શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીમાં વસવાટ કર્યો હતો. 'પારિજાત', 'પ્રભાતગીત', 'શ્રી અરવિંદ વંદના', 'શ્રી અરવિંદ મહાપ્રભુ', 'સાવિત્રી પ્રશસ્તિ' વગેરે કાવ્ય ગ્રંથોમાં શ્રી અરવિંદ દર્શનના અને અધ્યાત્મભાવનાં કાવ્યો છે. તેમણે પ્રદેશપ્રેમ અને રાષ્ટ્રપ્રેમનાં કાવ્યો પણ લખેલાં છે. 'ગુર્જરી' એ તેમનો સૉનેટ કાવ્યોનો સંગ્રહ છે. તેમણે બાળકાવ્યો અને કિશોરકાવ્યો પણ લખેલાં છે.

'મરજીવિયા', સૉનેટ સ્વરૂપની કાવ્યરચના છે. સૉનેટ ચૌદ પંક્તિનું છંદમાં લખાતું કાવ્યસ્વરૂપ છે. સમુદ્રમાં મોતી લેવા માટે જતી વ્યક્તિઓને મરજીવિયા કહેવાય છે. કારણ કે અગાધ સમુદ્રમાં મોતી લેતાં મૃત્યુનું પણ જોખમ હોય છે, માટે જ એને મરજીવિયા કહેવાય છે. પ્રસ્તુત કાવ્યમાં ડર્યાં વગર, અટક્યા વગર ઉત્સાહથી સમુદ્ર તરફ આગળ વધતા મરજીવિયાનું વર્ણન છે. પ્રિયજનોની આંખોમાં આંસુ છે પણ મરજીવિયા એમ વાર્યા વળે એવા નથી. એ દૃઢ નિશ્ચયી છે. અફાટ, અગાધ, વિકરાળ સમુદ્રમાં એ મોતી લેવા પ્રવેશે છે. મૃત્યુની મુખોમુખ થઈને મોતી લઈ બહાર આવે છે, ત્યાં સૉનેટ પૂરું થાય છે. જીવનમાં જે દૃઢનિશ્ચયી રહીને સાહસ કરે છે એને જ મોતીરૂપી ફળ મળે છે એ ભાવ આ સૉનેટ દ્વારા વ્યક્ત થાય છે.

---

સમુદ્ર ભણી ઊપડ્યા કમરને કસી રંગથી
અટંક મરજીવિયા, ડગ ભરંત ઉત્સાહનાં;
પ્રદીપ્ત નયનો; અથાગ બળ ઊભરે અંગથી;
મહારવ તણી દિશા પર ઠરી બધી ચાહના.

ડર્યાં પ્રિયજનો; બધાં સજલનેત્ર આડાં ફર્યાં,
શિખામણ દીધી : 'વૃથા જીવન વેડફો કાં ભલા,
કહીંથી વળગી વિનાશકર આંધળી આ બલા ?'
પરંતુ દૃઢનિશ્ચયી નહિ જ એમ વાર્યા વળ્યા.

ગયા ગરજતા અફાટ વિકરાલ રત્નાકરે;
તરંગ ગિરિમાળ શા હૃદય ઉપરે આથડ્યા;
હઠ્યા ન લવ તો ય, સાહસિક સર્વ કૂદી પડ્યા
અગાધ જળમાં, પ્રવેશ કીધ કાળને ગહ્વરે.

ખૂંદ્યાં મરણનાં તમોમય તળો અને પામિયા
અખૂટ મણિમોતીકોષ, લઈ બ્હાર એ આવિયા.

### શબ્દ-સમજૂતી

#### સમાનાર્થી

**ગહ્વર** બખોલ; ગુફા **અટંક** ટેકીલું **મરજીવિયા** જીવના જોખમે દરિયામાંથી મોતી કાઢનાર **પ્રદીપ્ત** સળગેલું **અથાગ** પાર વિનાનું **સજલનેત્ર** આંસુ ભરેલી આંખો **અફાટ** અપાર; ખૂબ વિશાળ **રત્નાકર** સમુદ્ર, દરિયો; રત્નનો સમૂહ **અગાધ** અતિ ઊંડું **તળો** તળિયાં **અખૂટ** ખૂટે નહિ એવું; અપાર **વારવું** અટકાવવું

### વિરુદ્ધાર્થી

**ઉત્સાહ** નિરુત્સાહ **વિકરાલ** સુંદર **તમોમય** તેજોમય

### તળપદા શબ્દો

**વૃથા** નકામું **કીધ** કીધો **તળ** તળિયું

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) મરજીવિયાના પ્રિયજનો માટે નીચેનામાંથી કઈ બાબત લાગુ પડતી નથી ?

(A) રડતાં-રડતાં આડાં ફર્યાં

(B) ખોટી રીતે જીવન ન વેડફવા કહ્યું

(C) મીઠું મોઢું કરાવી મરજીવિયાને વળાવિયા

(D) આવી વિનાશકર વાત ક્યાંથી વળગી તેવું વિચારવા લાગ્યાં

(2) મરજીવિયા દરિયામાંથી શું શોધી લાવ્યા ?

(A) ક્યારેય ન ખૂટે તેટલાં મણિ-મોતીનો ખજાનો

(B) શંખ અને છીપલાં

(C) જહાજનો કાટમાળ

(D) ખાલી હાથે પાછા ફર્યા

(3) મરજીવિયા કઈ રીતે સમુદ્ર ભણી ઊપડ્યાં ?

(A) નિરાશ અને મ્લાન વદને (B) હિંમત હારીને

(C) ઉત્સાહથી ડગલાં ભરતાં (D) પોતાના પ્રિયજનોના સહારે

(4) નીચેનામાંથી કઈ બાબત સમુદ્રને લાગુ પડતી નથી ?

(A) ડુંગરા જેવડાં મોજાં ઉછાળતો હતો.

(B) તાગ ના આવે તેટલું અતિ ઊંડું જળ હતું.

(C) અફાટ અને વિકરાલ સમુદ્ર ગર્જના કરી રહ્યો હતો.

(D) સમુદ્રનું જળ છીછરું હતું.

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) મરજીવિયાને પ્રિયજનોએ કઈ શિખામણ દીધી ?

(2) સમુદ્ર ભણી જતી વખતનો મરજીવિયાનો ઉત્સાહ તમારા શબ્દોમાં વર્ણવો.

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ લખો :**

(1) મરજીવિયા કાવ્યમાં વ્યક્ત થતો જીવન માટેનો દૃષ્ટિકોણ તમારા શબ્દોમાં વર્ણવો.

(2) મરજીવિયાની સફળતા પાછળનું રહસ્ય તમારા શબ્દોમાં જણાવો.

4. **નીચેની કાવ્યપંક્તિ સમજાવો :**

'ખૂંદ્યાં મરણનાં તમોમય તળો અને પામિયા

અખૂટ મણિમોતી કોષ, લઈ બ્હાર એ આવિયા.'

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ સૉનેટનું સમૂહગાન કરો.
- તમારા શિક્ષકની મદદથી સાહસકથાઓ મેળવીને વાંચો.
- સાહસનો સંચાર કરે એવાં અન્ય ગીતો મેળવીને એનું ગાન કરો.
- તમારા જીવનમાં બનેલા કે તમે સાંભળેલા કોઈ સાહસિક પ્રસંગનું વર્ણન કરો.
- તમારા શિક્ષક કે વાલીની મદદથી એક સાહસિક કાર્યક્રમનું આયોજન કરો. કાર્યક્રમ પછી તેનો ફોટોગ્રાફ્સ સાથેનો અહેવાલ તૈયાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

- 'તરંગ ગિરિમાળ શા હૃદય ઉપરે આથડ્યા'

મરજીવા સાગરના પેટાળ સુધી પહોંચી, મહાસાગર સામે બાથ ભીડી, સામી છાતીએ લડી આગળ વધે છે. આ વાત કેવી સુંદર ઉપમાથી રજૂ થઈ છે તે જુઓ. દરિયાનાં મોજાં માટે 'ગિરિમાળ શા' શબ્દપ્રયોગ કેટલો ચોટદાર છે તે પણ જુઓ.

● કવિએ કેવી ખૂબીથી 'તમોમય' જેવો તત્સમ અને 'તળ' જેવો તળપદો શબ્દ એક જ પંક્તિમાં વાપરી વર્ણાનુપ્રાસ રચ્યો છે !

● કવિએ અગાધ જળ, તમોમય તળ અને વિકરાળ રત્નાકરના શબ્દપ્રયોગોથી દરિયાની ભયંકરતા કેવી અસરકારકતાથી ઉપસાવી છે તે ધ્યાનમાં લો.

● કવિએ મરજીવા માટે અટંક, દૃઢનિશ્ચયી, સાહસિક જેવાં વિશેષણો વાપર્યાં છે જ્યારે દરિયા માટે મહારવ, ગરજતા, અફાટ, વિકરાળ જેવાં વિશેષણો વાપર્યાં છે. વ્યક્તિચિત્રો ઉપસાવવા વિશેષણો કેવાં ઉપયોગી બને છે તે સમજો. આ વિશેષણોની તુલના કરો.

## શિક્ષકની ભૂમિકા

'સાહસ કરે તે પામે' - 'વાવે તે લણે'

'સાહસ વિના સિદ્ધિ નહિ'.... જેવી કહેવતોને ચરિતાર્થ કરતું આ કાવ્ય મનુષ્યના સાહસિક સ્વભાવને કારણે તે આટલો વિકાસ કરી શક્યો છે તે વાત વિદ્યાર્થીઓને સમજાવવી.

આ અંગે જાણીતા સંસ્કૃત સુભાષિતની ચર્ચા કરવી.

उद्यमेन हि सिद्यन्ति कार्याणि न मनोरथैः ।

नहि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगः ॥

વિદ્યાર્થીઓમાં સાહસિક વૃત્તિ વધે તે માટે સાહસકથાઓ રજૂ કરી સાહસ કરનારને જ જીવનમાં સફળતા મળે છે તે વાત જણાવવી.

સાહસ કરતાં પહેલાં તેનાં પરિણામોથી પણ વાકેફ થવું જોઈએ તે વાત પણ વિદ્યાર્થીઓને સમજાવવી.

સૉનેટ કાવ્યપ્રકારમાં પંક્તિખંડનું વિભાજન કેવી રીતે થાય છે અને એનાથી ચમત્કૃતિ શી રીતે સર્જાય છે તેનો વિદ્યાર્થીઓને ખ્યાલ આપવો.

●

# 12 સખી માર્કંડી

**કાકાસાહેબ કાલેલકર**

**(જન્મ : 1-12-1885, અવસાન : 21-8-1981)**

દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર મૂળ મહારાષ્ટ્રના સતારાના વતની હતા. ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક અને આચાર્ય પદે રહ્યા હતા. માતૃભાષા મરાઠી હોવા છતાં તેમણે ગુજરાતી ભાષામાં ઉત્તમ સાહિત્ય સર્જન કર્યું છે. તેથી ગાંધીજીએ તેમને 'સવાઈ ગુજરાતી' તરીકે ઓળખાવ્યા. 'ગંગામૈયા', 'યમુનારાણી', 'ઉભયાન્વયી નર્મદા', 'દક્ષિણ ગંગા ગોદાવરી', તેમના ગદ્યલેખન શૈલીના ઉત્તમ નમૂના છે. 'હિમાલયનો પ્રવાસ', 'બ્રહ્મદેશનો પ્રવાસ', 'પૂર્વઆફ્રિકામાં', 'ઉગમણો દેશ જાપાન' તેમના પ્રવાસ વર્ણનના ગ્રંથો છે. 'રખડવાનો આનંદ', 'જીવનનો આનંદ', 'જીવનલીલા' તેમના નિબંધ સંગ્રહો છે. 'સ્મરણયાત્રા', 'ઓતરાતી દીવાલો'માં અનુક્રમે શૈશવ અને જેલ જીવનના પ્રસંગોનું સુંદર વર્ણન છે. 'કાલેલકર ગ્રંથાવલીમાં' તેમનું સમગ્ર સાહિત્ય ગ્રંથસ્થ થયું છે. તેમને સાહિત્ય અકાદમી ઍવૉર્ડ, દિલ્હી તથા પદ્મવિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાકાસાહેબ કાલેલકરનો પ્રવાસ નિબંધ 'સખી માર્કંડી' ભારતની નદીઓ વિશેના એમના પુસ્તક 'લોકમાતા'માંથી લેવામાં આવ્યો છે. આપણી સંસ્કૃતિમાં નદીને માતા કહી છે પણ આ નિબંધમાં લેખક નદીને પોતાની સખી રૂપે આલેખે છે. લેખકના ગામ પાસેથી વહેતી માર્કંડીની સાથે એમનું બાળપણ વિત્યું હોવાથી એક વિશેષ ભાવ એની સાથે અનુભવ્યો છે. માર્કંડીનું સૌંદર્ય, એની મૈત્રી, નિકટતા વર્ણવીને લેખકે નદીનું અલગ સ્વરૂપ પ્રગટ કર્યું છે.

---

શું દરેક નદી માતા હોય છે ? ના. માર્કંડી તો મારી નાનપણની સખી છે. એ એટલી નાની છે કે એને હું મોટી બહેન તરીકે પણ ન ઓળખાવી શકું.

અમારા ખેતરમાં ઊમરાનાં ઝાડ તળે બપોરની છાયામાં બેઠો હોઉં ત્યારે માર્કંડીનો મંદ પવન જરૂર બોલાવવાનો. માર્કંડીને કાંઠે કેટલીયે વાર બેઠો છું, અને પવનનાં મોજાંથી ડોલતાં ઘાસનાં પાન કલાકો સુધી જોયા કર્યાં છે. માર્કંડીને કાંઠે અસાધારણ અદ્‌ભુત એવું કશું નથી. ખાસ ફૂલો નથી, જાતજાતના રંગવાળાં પતંગિયાં નથી, રૂપાળા પથરાયે નથી. પોતાના કલકૂજિતથી ચિત્તને અસ્વસ્થ કરે એવા નાનામોટા પ્રપાત ક્યાંથી જ હોય ? ત્યાં છે ફક્ત પ્રેમળ શાંતિ.

ભરવાડો કહે છે કે માર્કંડી વૈજનાથના ડુંગરમાંથી આવે છે. મને એનું મૂળ શોધવાની કદી ઇચ્છા થઈ નથી. અમારા તાલુકાનો નકશો હાથમાં આવે તોયે એમાં માર્કંડીની લીટી હું ન શોધું, કેમ કે તેમ કરતાં એ સખી મટી નદી થઈ જાય ! મને તો એના પાણીમાં મારા પગ બોળીને બેસવાનું જ ગમે છે. પગ મૂક્યો કે તરત જ ખળખળ ખળખળ એવો અવાજ શરૂ થાય. નાનપણમાં અમે કેટલીયે વાતો કરતાં. એકબીજાનો સહવાસ જ અમારા આનંદને માટે બસ થતો. માર્કંડી શું બોલે છે તે સમજવાની હું દરકાર ન કરું અને હું જે બોલું એનો અર્થ કરવા માર્કંડી ન થોભે. અમે એકબીજાને ઉદ્દેશીને બોલીએ છીએ એટલું જ બંનેને બસ હતું. ભાઈબહેન ઘણે વરસે મળે એટલે એકબીજાને હજાર સવાલ પૂછે. પણ એ સવાલો પાછળ જિજ્ઞાસા નથી હોતી; એ તો પ્રેમ વ્યક્ત કરવાનો એક પ્રકાર હોય છે. સવાલ શો પૂછ્યો અને જવાબ શો મળ્યો એ તરફ ધ્યાન રાખવા જેટલી સ્વસ્થ વૃત્તિ પ્રેમમિલન વખતે ક્યાંથી રહે!

માર્કંડીને કાંઠે કાંઠે હું ગાતો ફરું અને માર્કંડી સાંભળતી જાય. સોળમે વર્ષે પોતાને લઈ જવા આવેલા યમરાજને શિવભક્તિને જોરે પાછા ઠેલનાર માર્કંડેય ઋષિનું આખ્યાન ગાતાં મને કેટલો આનંદ થતો ?

મૃકંડુ ઋષિને સંતાન ન હતું. એણે તપશ્ચર્યા કરી મહાદેવને પ્રસન્ન કર્યા. મહાદેવે વરદાનમાં વિકલ્પ મૂક્યોઃ

**કાં સોળ વર્ષ જીવનાર સદ્‌ગુણી**

**બાળક, કાં સો વર્ષ જીવનાર મૂઢ**

**બાળક - તમે પસંદ કરો.**

હવે બેમાંથી કયો વર પસંદ કરવો ? ઋષિએ ધર્મપત્નીને પૂછ્યું. સદ્‌ગુણી બાળક ફક્ત સોળ જ વરસ ભલે

જીવે, એ જ કુલોદ્ધારક થશે, એમ ગણી બંને જણાંએ એ જ માગી લીધો. માર્કંડેય જેમ જેમ ઉંમરમાં ખીલતો જાય તેમ તેમ માબાપનાં વદન મ્લાન થતાં જાય. આખરે સોળ વરસ પૂરાં થયાં.

યુવાન માર્કંડેય પૂજામાં બેઠો છે. યમરાજ પોતાના પાડા પર બેસીને આવ્યા. પણ શિવલિંગને ભેટી પડેલા યુવાન સાધુને અડકવાની એમની હિંમત કેમ ચાલે ? હા, ના કરતાં આખરે પાશ ફેંક્યો; ત્યાં લિંગમાંથી ત્રિશૂળધારી શિવજી પ્રગટ થયા, અને ધૃષ્ટતા માટે યમરાજને સાંભળવું પડ્યું. મૃત્યુંજય મહાદેવનાં દર્શન થયા પછી માર્કંડેયને મૃત્યુની બીક ક્યાંથી રહે ? એની આયુધારા હજી વહે છે.

કૉલેજમાં ભણતો ત્યારે પરીક્ષા પછી અમારી ભાઈબીજ થતી. લણણીના દિવસો હોય, બબ્બે દિવસ મારે ખેતરમાં જ ગાળવાના હોય, ત્યારે માર્કંડી મને શકરિયાં પણ આપતી અને અમૃત જેવું પાણી પણ પાતી. રાત્રે એ ટાઢથી ધ્રૂજે છે કે શું એ જોવા હું જાઉં ત્યારે પોતાના અરીસામાં મને એ મૃગ નક્ષત્ર બતાવતી.

આજે પણ જ્યારે જ્યારે અમારે ગામડે જાઉં છું ત્યારે ત્યારે માર્કંડીને મળ્યા વગર રહેતો નથી. પણ હવે પહેલાંની પેઠે એ મારી સાથે ગેલ કરતી નથી. જરાક સ્મિત કરી મૌન જ ધારણ કરે છે. એના સુકુમાર વદન પર પહેલાંનું લાવણ્ય નથી જોઈ શકતો. પણ એના સ્નેહની ગંભીરતા વધી છે.

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**પ્રપાત** ધોધ **કુલોદ્ધારક** કુળનો ઉદ્ધાર કરનાર **મ્લાન** કરમાયેલું; નિસ્તેજ **લાવણ્ય** સુંદરતા **પાશ** ફાંસલો **ધૃષ્ટતા** વધુ પડતી હિંમત

### વિરુદ્ધાર્થી

**સાધારણ** અસાધારણ **સ્વસ્થ** અસ્વસ્થ **ઇચ્છા** અનિચ્છા **વરદાન** શાપ **પ્રગટ** અપ્રગટ **સ્મિત** રુદન **મંદ** જલદ

### રૂઢિપ્રયોગો

**આયુધારા વહેવી** જીવતા રહેવું

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) લેખક નકશામાં માર્કંડીની લીટી શોધતા નથી કારણ કે...

(A) લેખકને નકશા-વાચન આવડતું નથી

(B) માર્કંડી ખૂબ જ મોટી નદી છે.

(C) એ સખી મટી નદી થઈ જાય તેવો ભય છે.

(D) એ નદી નકશામાં દેખાતી નથી.

(2) મહાદેવે મૃકંડુ ઋષિને વરદાનમાં કેવું બાળક આપવા કહ્યું ?

(A) તરત મૃત્યુ પામનાર બાળક (B) સોળ વર્ષ જીવનાર સદ્ગુણી બાળક

(C) સો વર્ષ જીવનાર મૂઢ બાળક (D) ઉપરના (B) અને (C) બંને

(3) માર્કંડી લેખકને શું આપતી ?

(A) શક્કરિયાં (B) અમૃત જેવું પાણી

(C) મૃગનક્ષત્રનાં દર્શન (D) ઉપરના (A) (B) (C) ત્રણેય

(4) ધૃષ્ટતા માટે યમરાજને કોનો ઠપકો સાંભળવો પડ્યો ?

(A) ત્રિશૂળધારી શિવજીનો (B) માર્કંડેય ઋષિનો

(C) ઋષિપત્નીનો (D) ભાઈ-બહેનનો

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) માર્કંડેય જેમ જેમ ઉંમરમાં ખીલતો જાય તેમ તેમ મા-બાપનાં વદન મ્લાન થતાં જાય. કારણ કે...

(2) માર્કંડીના કાંઠે અસાધારણ અદ્ભુત એવું કશું નથી. તેમ છતાં લેખકને શા માટે ગમે છે ?

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) માર્કંડી સાથેનો લેખકનો સહવાસ તમારા શબ્દોમાં વર્ણવો.

(2) માર્કંડેય ઋષિની કથા તમારા શબ્દોમાં આલેખો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- નદીકિનારાના પ્રવાસનું આયોજન કરો અને એના સૌંદર્યનું વર્ણન કરો.
- તમે પોતે માર્કંડી નદી હો એવી રીતે તમારી આત્મકથા લખો.
- તમારા ગામની નદીને એક પત્ર લખો.

## ભાષા-અભિવ્યક્તિ

- 'માર્કંડીને કાંઠે ..... ફક્ત પ્રેમાળ શાંતિ'

લેખક ઘણા નકાર સાથે માર્કંડીનું વર્ણન શરૂ કરે છે... ત્યાં ફૂલો નથી, પતંગિયા નથી, રૂપાળા પથ્થરો નથી... પણ ત્યાં શાંતિ છે. વળી શાંતિ સાથે 'પ્રેમળ' વિશેષણ મૂકે છે. બધા નકારોને હરાવવા આ 'પ્રેમળ શાંતિ' શબ્દ કેવો સક્ષમ બને છે તે જુઓ. વર્ણનની આ અનોખી, આકર્ષક રીત પણ ધ્યાનમાં લો.

- ''માર્કંડી શું બોલે તે... હતું.''

લેખક અને નદી બંને બોલે છે, કોઈ કોઈને સાંભળતું નથી છતાં બંને એકબીજાને સમજે છે. લેખકે પ્રેમનો અલગ સેતુ અહીં વર્ણવ્યો છે. લેખકનું નદી સાથેનું તાદાત્મ્ય અને વર્ણન નોંધનીય છે.

- નદીનું વર્ણન જે સામાન્ય રીતે થાય છે, એના કરતાં આ વર્ણન અલગ છે જે નીચેનાં વાક્યોથી સમજાશે :

- માર્કંડી તો મારી નાનપણની સખી છે.
- નકશો હાથમાં આવે તો માર્કંડીની લીટી હું ન શોધું કેમકે તેમ કરતાં એ સખી મટી નદી થઈ જાય !
- આજે પણ જ્યારે ગામડે જાઉં ત્યારે માર્કંડીને મળ્યા વગર રહેતો નથી.
- પહેલાંની પેઠે એ મારી સાથે ગેલ કરતી નથી.

## શિક્ષકની ભૂમિકા

નદી વિશે વાંચેલાં વર્ણનો કરતાં અલગ અને વિશિષ્ટ કહી શકાય તેવી શૈલીમાં અહીં નદીનું થયેલું વર્ણન કેટલું રસપ્રદ, જીવંત અને આત્મીય બને છે તે વાત વિદ્યાર્થીઓને એકમમાંથી ઉદાહરણો આપી સ્પષ્ટ કરવી.

માર્કંડી નામ જેની સાથે જોડાયેલું છે તેવા માર્કંડેય ઋષિનો પૌરાણિક પ્રસંગ વાર્તા સ્વરૂપે વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી શકાય.

નદી એટલે આત્મીય સ્વજન, સુખદુઃખની સાથી એવી સખી, સંવાદોની આપ-લે સિવાય એકબીજાને સમજી શકવાની ક્ષમતા ધરાવતું નદીનું નિરૂપણ 'જરા હટકે' છે તે વિશે વિદ્યાથીઓ સાથે ચર્ચા કરવી.

આપણા ગામની કે આસપાસની નાની નદીને પણ આત્મીય બનાવી શકાય તે માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.

# વ્યાકરણ એકમ-3 : રવાનુકારી, અંગસાધક પ્રત્યય, સંધિ

## રવાનુકારી શબ્દો

**નીચેનાં પશુ - પક્ષી શું બોલે છે, તમને ખબર છે ?**

કાગડો -

કૂતરો -

કોયલ -

બિલાડી -

મોર -

ખબર છે ને

કાગડો : કા... કા...

કૂતરો : હાઉ... હાઉ...

કોયલ : કૂહૂ... કૂહૂ...

બિલાડી : મિંયાઉં... મિંયાઉં

મોર : ટેં...હૂંક...ટેં...હૂંક

બરાબર ? પણ એ વિચાર્યું છે કે આ પશુ-પક્ષી ખરેખર આવું જ બોલે છે કે આપણને આવું કંઈક સંભળાય છે. તેને આપણે આપણી ભાષામાં આવી રીતે લખીએ છીએ ? જ્યારે આપણને સંભળાતા અવાજને આપણી ભાષામાં લખીએ ત્યારે તેને 'રવાનુકારી' શબ્દો કહીએ છીએ.

હવે નીચેનાં વાક્યો આપેલી ખાલી જગ્યા પૂરો :

**ઉદાહરણ :** ગોરાણી ભરઉંઘમાં હતાં. તેમને લાગ્યું કે કોઈ બારણું ખખડાવી રહ્યું છે... ખટ ખટ... ખટ ખટ.

(1) અમે જાણે કુદરતને ખોળે પહોંચી ગયાં. સામે જ... ... કરતું ઝરણું વહી રહ્યું હતું.

(2) નળમાંથી પાણી ટપકતું હતું... ... ... ...

(3) એને અચાનક કોઈના ઝાંઝરનો અવાજ આવ્યો ... ...

(4) વરસાદની કાળીડિબાંગ રાતે વરસાદ અટકવાનું નામ જ નહોતો લેતો. બહાર દેડકાઓ પણ... ... કરી રહ્યાં હતાં.

(5) બંદૂકમાંથી .................... કરતીકને ગોળી છૂટી.

આ ખાલી જગ્યાઓ તમે કયા શબ્દોથી પૂરશો ? ચાલો, જોઈએ.

(1) અમે જાણે કુદરતને ખોળે પહોંચી ગયાં. સામે જ <u>ખળ ખળ</u> કરતું ઝરણું વહી રહ્યું હતું.

(2) નળમાંથી પાણી ટપકતું હતું... <u>ટપ ટપ...ટપ...ટપ</u>

(3) એને અચાનક કોઈના ઝાંઝરનો અવાજ આવ્યો... <u>છમ છમ છમ છમ</u>

(4) વરસાદની કાળીડિબાંગ રાતે વરસાદ અટકવાનું નામ જ નહોતો લેતો. બહાર દેડકાઓ પણ <u>ડ્રાંઉ ડ્રાંઉ</u> કરી રહ્યાં હતાં.

(5) બંદૂકમાંથી <u>સનનન</u> કરતીકને ગોળી છૂટી.

આ શબ્દોના પ્રયોગને કારણે તમે વાક્ય વાંચતા હોવા છતાં જાણે તમે સાંભળતા હોવ તેવું લાગે છે ? જાણે

તમારી નજર સામે તરત જ એ ચિત્ર ઊભું થઈ જાય છે, બરાબર ? આ શબ્દોને રવાનુકારી શબ્દ કહે છે. તમે નાના હતાં ત્યારે આ કવિતા વાંચી હતી ?

બા, મને ચપટી વગાડતાં આવડી ગઈ !
મારી ચપટી વાગે છે પટ્ટ પટ્ટ પટ્ટ,
જાણે ફૂટે બંદૂકડી ફટ્ટ ફટ્ટ ફટ્ટ,
પેલી બિલાડી ભાગે છે ઝટ્ટ ઝટ્ટ ઝટ્ટ
બા, મને બિલ્લી ભગાડતાં આવડી ગઈ.

આ રવાનુકારી શબ્દોને કારણે જાણે ચપટી અને બંદૂકડી સંભળાય છે. સાચી વાત છે ને !

પણ માત્ર સાંભળવાના જ નહીં, જોવાના, સુંઘવાના કે અડવાના અનુભવને પણ જ્યારે આ રીતે વ્યક્ત કરીએ ત્યારે તેને પણ 'રવાનુકારી' શબ્દ જ કહે છે. જેમકે,

(1) દીવાળીમાં ઘેર ઘેર પ્રગટેલા દીવાઓથી જાણે આખું નગર ઝળહળ થતું હતું.
(2) અનાજની બધી ગુણ અંદર મૂકીને માંગીલાલ બહાર આવ્યો ત્યારે પરસેવે રેબઝેબ હતો.
(3) મુન્ની આટલી નાની છે પણ એને પાણીપુરી ભાવે, તીખી તમતમ.
(4) ચૈતર ચંપો મ્હોરિયો, ને મ્હોરી આંબાડાળ, મઘમઘ મ્હોર્યા મોગરા, મેં ગૂંથી ફૂલનમાળ.
(5) ''તમે ધર્મયુગ કોલોની, કાંકરિયા રહો છો ને ?'' આટલું સાંભળતાં કાકાના કાનના પડદા પર ગલીપચી થઈ.

તમે ઉપરનાં વાક્યો વાંચ્યાં. તેમાં અધોરેખિત શબ્દ પણ વાંચ્યા. તમને ખ્યાલ આવે છે કે વાક્ય-1 માં જ્યારે 'ઝળહળ' શબ્દ વાંચ્યો ત્યારે તમને નજર સામે દીવાઓથી ઝગમગતું નગર દેખાયું ! કે જ્યારે વાક્ય-3માં પાણીપુરી સાથે 'તમતમ' શબ્દ વાંચ્યો ત્યારે જીભ પર તીખાશની ચરચરાટ અનુભવાઈ ! વાક્ય-5માં કાનના પડદા પર 'ગલીપચી' - શબ્દ વાંચતા જ કોઈએ કાકાના કાન પર કોઈ વિશેષ સ્પર્શ કર્યો હોવાનો અનુભવ થયો ? એટલે કે, માત્ર કાન નહીં, પણ આપણી પાંચેય ઇન્દ્રિય - આંખ, નાક, કાન, જીભ અને ચામડીમાંથી કોઈ પણ એકનો અનુભવ સાકાર કરે તે શબ્દને રવાનુકારી શબ્દ કહે છે.

આપણે આ રવાનુકારી શબ્દને નામ કે ક્રિયાપદ તરીકે પણ વાપરતા હોઈએ છીએ. જેમકે,

- એમનું ઘર બાળ પૌત્ર-પૌત્રીઓથી ખિલખિલાટ હસી ઊઠતું. (લોહીની સગાઈ)

અહીં 'ખિલખિલ' પરથી 'ખિલખિલાટ'નામ બન્યું છે, તે ક્રિયાવિશેષણ તરીકે અહીં પ્રયોજાયું છે.

તમારી કૃતિઓમાં આવા રવાનુકારી શબ્દો પ્રયોજાયા છે. જેમકે,

કાવ્ય : ગુર્જરીના ગૃહકુંજે

અષાઢનાં ધનગર્જન ઝીલ્યાં રણઝણતાં ઉરતંતે.

પાઠ : સખી માર્કંડી

પગ મૂક્યો કે તરત જ ખળખળ ખળખળ એવો અવાજ શરૂ થાય.

તમારી કૃતિઓમાં પ્રયોજાયેલા રવાનુકારી શબ્દો શોધો અને તે વાંચતા તમને કેવો અનુભવ થાય છે, તે નોંધો. તમે જ્યારે નિબંધ કે અર્થવિસ્તાર લખતા હોવ, ત્યારે આ પ્રકારના શબ્દો વાપરી જોજો. તમને ખ્યાલ આવશે કે આ પ્રકારના શબ્દપ્રયોગથી વાતાવરણ વધારે જીવંત લાગે છે.

## અંગસાધક પ્રત્યય

વિદ્યાર્થીમિત્રો, નીચેના કેટલાક શબ્દ આપ્યા છે. તમે એના વિરુદ્ધાર્થી શબ્દો લખશો ?

પ્રિય -

સ્વસ્થ -

સજીવ -

હાજર -

એક -

સાવ સરળ છે ને ! જવાબ જોઈએ તો-

પ્રિય - અપ્રિય

સ્વસ્થ - અસ્વસ્થ

સજીવ - નિર્જીવ

હાજર - ગેરહાજર

એક - અનેક

જવાબ સાચા જ હશે ! હવે, આપણે આ શબ્દો ફરીથી જોઈએ. અપાયેલા શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ આપવા તમે શું કર્યું ? તમે શબ્દની આગળ 'અ', 'નિર્', 'ગેર' કે 'અન્' લગાવ્યો. ખ્યાલ ન આવ્યો ? ચાલો, સાથે જોઈએ.

'અપ્રિય' એટલે ? 'પ્રિય' શબ્દની આગળ તમે 'અ' લગાવ્યો - 'અ-પ્રિય', 'હાજર' શબ્દની આગળ 'ગેર' લગાવ્યો એટલે 'ગેર-હાજર'. એ જ રીતે 'એક'ની આગળ 'અન્' લગાવ્યો એટલે 'અન્-એક' (-'ન'માં 'એ' ભળી ગયો એટલે 'ને') થઈને 'અનેક' બરાબર ?

આમ તો શબ્દના પોતાના વિરુદ્ધાર્થી શબ્દ હોય છે. જેમ કે, 'ચોખ્ખું - ગંદુ, સાજુ-માંદુ, તાજું-વાસી વગેરે. પણ કેટલીક વાર આપણે એ જ શબ્દની આગળ અન્ય કોઈ એક કે બે અક્ષર જોડીએ છીએ અને વિરુદ્ધાર્થી શબ્દ બનાવીએ છીએ, જેમ આપણે ઉપર 'હાજર'ની આગળ 'ગેર' લગાવીને વિરુદ્ધાર્થી શબ્દ 'ગેરહાજર' અથવા 'પ્રિય'ની આગળ 'અ' લગાવીને 'અપ્રિય' શબ્દ બનાવ્યો. એક શબ્દ પરથી અન્ય શબ્દ બનાવનારા આવા એક કે બે અક્ષરના 'પ્રત્યય'ને આપણે - શબ્દ બનાવનારા પ્રત્યય - 'અંગસાધક' પ્રત્યય કહીએ છીએ.

આવા અંગસાધક પ્રત્યયથી શું માત્ર વિરુદ્ધાર્થી શબ્દ જ બનાવી શકાય ? ના. તમે ઉપરનાં ઉદાહરણ ફરીથી જુઓ. તેમાં એક શબ્દજોડ છે : 'સજીવ-નિર્જીવ' અહીં તમને ખ્યાલ આવશે કે 'જીવ' શબ્દને 'સ' જોડતાં 'સજીવ' અને 'નિર્' જોડતાં 'નિર્જીવ' શબ્દ બન્યો છે. અહીં 'જીવ' સાથે 'સ' લાગ્યો છે ત્યારે તે 'સ' 'સાથેનો, સહિતનો' અર્થ આપે છે. એટલે કે 'સજીવ' એટલે 'જીવ સહિતનો, જીવવાળો' અને 'નિર્' અભાવસૂચક વિરોધી અર્થ આપે છે એટલે 'નિર્જીવ'નો અર્થ 'જીવ વગરનો' થાય છે. આવા અન્ય કેટલાક પ્રત્યયો જોઈએ ?

ચાલો, નીચે કેટલાક શબ્દો આપ્યા છે. તમે તેનો વિરુદ્ધાર્થી શબ્દ બનાવવા કયો પ્રત્યય લગાવશો ?

પારદર્શક -

સ્વસ્થ -

સહ્ય -

વિશ્વાસ -

હિંસા -

વિરુદ્ધાર્થી શબ્દ બનાવવા અહીં તમે કયો પ્રત્યય લગાવ્યો ? શાબાશ ! 'અ' પ્રત્યય. તો હવે શબ્દજોડ મેળવી લઈએ ?

પારદર્શક - અપારદર્શક

સ્વસ્થ - અસ્વસ્થ

સહ્ય - અસહ્ય

વિશ્વાસ - અવિશ્વાસ

હિંસા - અહિંસા

એટલે કે, વિરુદ્ધાર્થી શબ્દ મેળવવા આપણે 'અ-' પ્રત્યય લગાવીએ છીએ. હવે નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો બનાવો. હવે તમે કયા પ્રત્યયનો ઉપયોગ કરો છો, તે જુઓ :

ગમો -

માનીતું -

દીઠું -

સમજુ -

હક્ક -

અહીં વિરુદ્ધાર્થી શબ્દો મેળવવા તમને કયો પ્રત્યય પરિચિત લાગ્યો ? 'અણ' ? બરાબર ! તો શબ્દજોડ જોઈએ ?

ગમો - અણગમો

માનીતું - અણમાનીતું

દીઠું - અણદીઠું

સમજુ - અણસમજું

હક્ક - અણહક્ક

પહેલાં તમે 'અ' પ્રત્યય દ્વારા વિરુદ્ધાર્થી શબ્દ બનાવ્યા. અહીં તમે 'અણ' પ્રત્યય દ્વારા વિરુદ્ધાર્થી શબ્દ મેળવ્યા. તો આપણે વિરુદ્ધાર્થી શબ્દ બનાવવા માટે આવા કેટલા પ્રત્યયોનો ઉપયોગ કરતા હોઈશું ? ચાલો, નીચે નવો પ્રત્યય લગાવી જોઈએ...

હાજર -

કાનૂની -

ફાયદો -

લાભ -

સમજ -

આ શબ્દોની આગળ તમે 'ગેર' પ્રત્યય લગાવ્યો. શા માટે ? કારણ કે, તમે પહેલાં એ રીતે વપરાયેલા શબ્દો સાંભળ્યા છે, વાપર્યા છે. 'ગેર' પ્રત્યય લગાવતા આપણને કયા વિરુદ્ધાર્થી શબ્દો મળ્યા, જોઈ લઈએ ?

હાજર - ગેરહાજર

કાનૂની - ગેરકાનૂની

ફાયદો - ગેરફાયદો

લાભ - ગેરલાભ

સમજ - ગેરસમજ

ઉપરોક્ત શબ્દો સાથે તમે 'અ', 'અણ' અને 'ગેર' લગાવીને વિરુદ્ધાર્થી શબ્દો મેળવ્યા. હવે કેટલાક બીજા પ્રત્યયો જોઈએ. આપણે 'અપ' કે 'અવ' લગાવીને પણ વિરુદ્ધાર્થી શબ્દ બનાવીએ છીએ. નીચે ઉદાહરણ જોતાં આ

વિગત સ્પષ્ટ થશે.

અપ :

માન - અપમાન

યશ - અપયશ

લક્ષણ - અપલક્ષણ

અવ :

ગુણ - અવગુણ

આરોહ - અવરોહ

કૃપા - અવકૃપા

કેટલીક વાર 'નિઃ' પ્રત્યય દ્વારા પણ નકાર કે અભાવ દર્શાવીએ છીએ. પણ આ પ્રત્યયના પ્રયોગ સાથે સંધિના નિયમો પણ ધ્યાનમાં રાખવા પડે છે. કારણ કે 'નિઃ' પ્રત્યય કેટલાક શબ્દોમાં 'નિર્' તરીકે વપરાય છે તો કેટલાક શબ્દોમાં 'નિસ્' તરીકે. આ વિગતો સંધિના પ્રકરણમાં જોઈશું. પણ એ વિરુદ્ધાર્થી શબ્દ કેવી રીતે બનાવે છે, તેનાં ઉદાહરણ અહીં જોઈએ.

| **વિસર્ગનો 'ર્' (સ્વર કે ઘોષ વ્યંજન પહેલાં** | **વિસર્ગ - (સંઘર્ષી વ્યંજન પહેલાં)** | **નિશ્- (ચ કે છ - વ્યંજન પહેલાં)** | **નિષ્- (ક, પ, ક્ - વ્યંજન પૂર્વે)** |
|---|---|---|---|
| આશા - નિરાશ | નિઃસ્વાર્થ | ચલ-નિશ્ચલ | કપટ-નિષ્કપટ |
| ઉત્સાહી-નિરુત્સાહી | નિઃશેષ | ચિંતિત-નિશ્ચિંત | પ્રયોજન-નિષ્પ્રયોજન |
| આકાર-નિરાકાર | નિઃસંકોચ | ચેતન-નિશ્ચેતન | સફળ-નિષ્ફળ |

તમે અહીં 'સફળ-નિષ્ફળ' શબ્દજોડ જોઈ ? 'સ' દ્વારા 'સહિત'નો અને 'નિઃ' દ્વારા 'રહિત'નો અર્થ ઉમેરાયો. 'સહિત-રહિત'ની વિરુદ્ધાર્થી શબ્દજોડ પર નજર ફેરવીએ ? હવે તમને શબ્દના સાચા અર્થનો પણ ખ્યાલ આવશે.

<u>સ - નિઃ</u>

સચિંત - નિશ્ચિંત

સક્રિય - નિષ્ક્રિય

સજળ - નિર્જળ

સજીવ - નિર્જીવ

સાકાર - નિરાકાર

એ જ રીતે 'સારા-ખરાબ'ની શબ્દજોડ પણ આપણે આવા પ્રત્યયોની મદદથી મેળવી શકીએ. ચાલો, આવી કેટલીક શબ્દજોડ જોઈએ.

<u>સુ - દુઃ</u>

સુલભ - દુર્લભ

સબળ - દુર્બળ

સુબોધ - દુર્બોધ

સુગંધ - દુર્ગંધ

સુગમ - દુર્ગમ

અહીં 'સુ' પ્રત્યય દ્વારા 'સારું'નો અર્થ તો 'દુર્' દ્વારા 'ખરાબ, અશક્ય' આદિનો અર્થ દર્શાવાયો છે. અન્ય એક શબ્દજોડ જોઈએ તો સત્કર્મ - દુષ્કર્મ. અહીં 'સત્' દ્વારા 'સારું'નો અર્થ દર્શાવાય છે. પણ 'સત્' એ પ્રત્યય નથી. તેથી આ શબ્દજોડમાં માત્ર 'દુર્' દ્વારા ઉમેરાતા ખરાબ, અભાવ, અશક્ય આદિના અર્થને જ જોઈશું.

સત્ - દુઃ

સદાચાર - દુરાચાર | સુદ્ગુણ - દુર્ગુણ

સજ્જન - દુર્જન | સદુપયોગ - દુરુપયોગ

સદ્ભાગ્ય - દુર્ભાગ્ય

'ખરાબ'નો અર્થ દર્શાવવા માટે અન્ય એક પ્રત્યયનો ઉપયોગ કરવામાં આવે છે. તમે નીચેના શબ્દોને આધારે એ પ્રત્યય શોધી શકશો ?

પુત્ર - | ટેવ -

ખ્યાત - | સંસ્કાર -

સુમતિ -

ઉપરના શબ્દોમાં 'ખરાબ'નો અર્થ ઉમેરવા તમે કયો પ્રત્યય વાપર્યો ? જેમ કે, 'પુત્ર' - ખરાબ પુત્ર - કુપુત્ર. બરાબર ? એટલે કે તમે શબ્દની આગળ 'કુ' ઉમેરીને 'ખરાબ'નો અર્થ દર્શાવ્યો. બધા શબ્દો જોઈએ ?

પુત્ર - કુપુત્ર | ટેવ - કુટેવ

ખ્યાત - કુખ્યાત | સંસ્કાર - કુસંસ્કાર

સુમતિ - કુમતિ

તો નીચેના શબ્દોમાં 'અભાવ'નો અર્થ ઉમેરવા કયો પ્રત્યય લગાવશો ?

આબરુ - | કાળજી -

ઈમાન - | ઈન્સાફ -

હોશ -

કયો પ્રત્યય લગાવ્યો ? 'બે' ? સરસ. શબ્દજોડ જોઈએ, તો વધુ સ્પષ્ટ થશે.

આબરુ - બેઆબરુ

કાળજી - બેકાળજી

ઈમાન - બેઈમાન

ઈન્સાફ - બેઈન્સાફ

હોશ - બેહોશ

અહીં તમને ખ્યાલ આવશે કે 'બે' પ્રત્યય લગાવવાથી 'અભાવ, ન હોવું તે' વગેરે અર્થ દર્શાવાય છે. જેમ શબ્દની આગળ આ પ્રત્યય લાગે છે. તેમ શબ્દની પાછળ પણ પ્રત્યય લાગી શકે છે. શબ્દની આગળ લાગે તેમને 'પૂર્વપ્રત્યય' કહેવાય છે. જેમકે, 'અ-ધર્મ', 'સ-પૂત', 'બે-આબરુ' વગેરે. શબ્દની પાછળ લાગે તેને 'પરપ્રત્યય' કહે છે. જેમ કે, 'જંગલી (જંગલ-ઈ), કાળાશ (કાળું-આશ), પાંદડી (પાંદ-ડ-ઈ) વગેરે

આ પ્રત્યય લાગતાં મૂળ અંગનો-

(1) અર્થ બદલાઈ શકે — પુત્ર - કુપુત્ર

(2) વ્યાકરણી મોભો બદલાઈ શકે — ગણવું - ગણિત

(3) અંગનો માત્ર વિસ્તાર થાય. — ગામ - ગામડું

આ પ્રકારના પ્રત્યયોથી અનેક નવા શબ્દો બની શકે છે. તેથી કહેવાય છે કે આ પ્રત્યયો ભાષાની ફળદ્રુપતા વધારે છે. આવા કેટલાક પ્રત્યયોનો કોઠા દ્વારા પરિચય મેળવીએ.

**'ખરાબ, અભાવ, અશક્ય' - આદિ અર્થ ઉમેરનાર પૂર્વપ્રત્યય :**

| | | |
|---|---|---|
| કુ | ખરાબ, વિરુદ્ધાર્થ, અભાવ, અશક્યાર્થ | કુપુત્ર, કુસંસ્કાર, કુછંદ |
| અવ | ''      '' | અવકૃપા, અવગણ્ના |
| દુસ્, દુર્, દુ : | ''      '' | દુષ્કર્મ, દુર્જન, દુઃસાધ્ય |
| નિસ્, નિર્, નિઃ | ''      '' | નિષ્ફળ, નિર્જન, નિઃશેષ |
| વિ | ''      '' | વિસર્જન, વિકેન્દ્રિત |
| અ | ''      '' | અકંપ, અબૂઝ, અભાવ, અવિવેક |
| અણ | ''      '' | અણગમો, અણછાજતુ, અણઘડ |
| ક | ''      '' | કજાત, કપૂત, કપાતર, કવેળા |
| વણ | ''      '' | વણજોઈતુ, વણમાગ્યું, વણથંભી |
| કમ | નકાર, વિરુદ્ધાર્થ, અભાવ, ઓછાપણા | કમજોર, કમનસીબ |
| ગેર | ''      '' | ગેરફાયદો, ગેરકાનૂની |
| બદ | ''      '' ખરાબ | બદનામ, બદઈરાદો, બદનસીબ |
| બિન | ''      '' | બિનઆવડત, બિનજરૂરી |
| બે | ''      '' | બેજવાબદાર, બેકાર, |

**વ્યાકરણી કાર્ય - મોભો બદલનાર પરપ્રત્યય :**

| પ્રત્યય | કાર્ય | ઉદાહરણ |
|---|---|---|
| આશ | વિશેષણ પરથી ભાવવાચક સંજ્ઞા બનાવે | રતાશ, ભીનાશ, નવરાશ, કુમાશ, ખટાશ |
| આણ | ''      '' | લંબાણ, ધીંગાણું, પોલાણ, ઊંચાણ, ટૂંકાણ |
| આઈ | ''      '' | મોટાઈ, ભલાઈ, લંબાઈ, ચોકસાઈ, પહોળાઈ |
| ઈ | સંજ્ઞામાંથી ભાવવાચક સંજ્ઞા | ખેતી, નોકરી, ભાઈબંધી |
| ઈ | વિશેષણમાંથી ભાવવાચક સંજ્ઞા | નેકી, ખૂબી, ખુશી, હોંશિયારી, ખાનદાની |
| ગી | ''      '' | બંદગી, તાજગી, રવાનગી, માંદગી, સાદગી |
| ગીરી | ''      '' | ઉડાઉગીરી, દાદાગીરી, નેતાગીરી, યાદગીરી |
| ઈ | સંજ્ઞા પરથી વિશેષણ બનાવે | કેસરી, ઝડપી, વસ્તારી, જંગલી |
| ઈ | સ્વામિત્વવાચક વિશેષણ બનાવે | જ્ઞાની, ઋણી, પંથી |
| ઈક | સ્વામિત્વવાચક વિશેષણ બનાવે | ધાર્મિક, પથિક, રસિક |